વર્ષ : ૬૩ ■ અંક : ૧૪ ■ તા.૧૬-૦૭-૨૦૨૩

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

G20 भारत 2023 INDIA





## ગુજરાતના આંગણે U-20 મેયોરલ સમિટ યોજાઈ



જનતા સાથે જનનાયકનો સંવાદ...

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 63 ■ Issue : 14 ■ Date : 16 - 07 - 2023

**તંત્રી** : ધીરજ પારેખ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, સુનિલ પટેલ, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**



રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.



માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.


# શબ્દશઃ



- વિશ્વનાં શહેરોનાં મોડર્ન ડેવલપમેન્ટ અને ફ્યુચર ચેલેન્જીસના સોલ્યુશન્સ માટે U-૨૦ સક્ષમ પ્લેટફોર્મ બનશે.
- ગુજરાત દેશનાં સૌથી વધુ અર્બનાઈઝડ રાજ્યોમાંનું એક છે.
- શહેરી ગુજરાતનો ઈતિહાસ ૪૫૦૦ વર્ષ પહેલાની સિંધુ સભ્યતાથી શરૂ થયો છે.
- ગુજરાતની શહેરી વિકાસ ક્ષેત્રની સફળતાની ગાથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને દૃષ્ટિવંત નેતૃત્ત્વને આભારી છે.
- U-૨૦ એ સસ્ટેઈનેબલ અર્બન ડેવલપમેન્ટનાં કોમન એજન્ડા માટે સૌને સાથે જોડતી સમિટ છે.
- શહેરોનાં નાગરિકોનાં ઈઝ ઓફ લિવિંગની વૃદ્ધિ માટે સિવિક એમિનિટીઝમાં મોડર્ન ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની દિશા U-૨૦ એ દર્શાવી છે.
- રાજ્યનાં શહેરોમાં પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સિવિક એમિનિટીઝ ડેવલપમેન્ટમાં ઈનોવેશન, ફ્યુચરિસ્ટિક પ્રોજેક્ટનો અમલ શરૂ થયો છે.
- વડાપ્રધાનશ્રીએ ગુજરાતનાં શહેરીકરણને ગ્લોબલ સ્ટાન્ડર્ડ બનાવનારા પ્રકલ્પોની ભેટ આપી છે.
- ગુજરાતે ટોપ-ડાઉન એપ્રોચ અને પીપલ સેન્ટ્રિક અર્બન ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપ્યું છે.

(મુખ્યમંત્રીશ્રીએ U-૨૦ મેયોરલ સમિટના પ્રારંભ પ્રસંગે આપેલા વક્તવ્યના અંશો)

6 ગૌરવ

26 વિકાસયાત્રા

33 સમાચાર વિશેષ

38 નિર્ણય

42 સાફલ્યગાથા


47 અતિતના આયનામાં

મહીકાંઠે ફાંસિયો વડ

50 ક્વિઝ

ગુજરાત ક્વિઝ કોર્નર
- ધવલ શાહ

8
G-20 વિશેષ
ગુજરાતમાં U-20 બેઠક યોજાઇ : વિશ્વનાં શહેરોનાં ચિરંતન વિકાસ માટે મનોમંથન








19
વિકાસ વિશેષ
નવસારીના વાંસીબોરસી ખાતે પી.એમ. મિત્ર પાર્કનું નિર્માણ થશે

20
જનતા સાથે સીધો સંવાદ
મુખ્યમંત્રીશ્રીનો પ્રજા સાથે, પ્રજા વચ્ચે અને પ્રજા માટે સંવાદ




44
જતન
'મિષ્ટી' પ્રોજેક્ટથી દરિયાઇ વિસ્તારોની કાયાપલટ થશે
- દેવાંગ મેવાડા

48
દિન વિશેષ
'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ'...
- સુનિલ પટેલ






વાચકોનો અભિપ્રાય એ પત્રકારત્વનો પ્રાણ છે. તમારું માનીતું અને વિશ્વસનીય પાક્ષિક 'ગુજરાત' તમારા અભિપ્રાયના આધારે જ વધુ વાંચનક્ષમ અને રસપ્રદ બને છે. 'ગુજરાત' પાક્ષિકનો અંક કેવો લાગ્યો, તેની વાંચનસામગ્રી, ભાષા, વિચારો વગેરે વિશે તમારાં મંતવ્યો અમને મળે અને પાક્ષિકની વિકાસયાત્રા વધુ ગતિશીલ બને એ દિશામાં અમારો આ નમ્ર પ્રયાસ છે. આપનાં મંતવ્યો **તંત્રીશ્રી, ગુજરાત પાક્ષિક કાર્યાલય, પ્રકાશન શાખા, બ્લૉક નં. ૧૯, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**ના સરનામે સુવાચ્ય રીતે કાગળની એક બાજુ લખીને મોકલી આપવા વિનંતી છે.

- તંત્રી



# વાવાઝોડાનો મક્કમ મુકાબલો કરીને વિકાસ માર્ગે બમણા વેગથી આગળ વધી રહ્યું છે ગુજરાત...

ગુજરાત ઉપર કુદરતે મન મૂકીને મેઘ મહેર કરી છે. વરસાદે સિઝનની શરૂઆતમાં જ ગુજરાત ઉપર અનરાધાર પ્રેમ વરસાવી ધરતીપુત્રોને રાજીના રેડ કરી દીધા છે. સમગ્ર રાજ્યમાં વાવણીલાયક વરસાદથી સરસ વાતાવરણ સર્જાયું છે. ધરતી હરિયાળી ચાદર ઓઢીને રળિયામણી બની છે. ગરીબો અને વંચિતોની પડખે ઉભા રહી તેમની સમસ્યાઓનો ઉકેલ લાવવાના સંનિષ્ઠ પ્રયાસ કોઇ પણ પ્રજાવત્સલ જનનાયકનો સૌથી મોટો ગુણ હોય છે. મૃદુ, સંવેદનશીલ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહારાષ્ટ્રની સીમાને અડીને આવેલા નર્મદા અને તાપી જિલ્લાના છેવાડાના અંતરિયાળ આદિજાતિ ગામોની મુલાકાત લઇને જનસંપર્કની એક નવતર કેડી કંડારી. તેમના આ જનહિતલક્ષી ઉપક્રમની મહેક ગ્રામજનોએ સુપેરે અનુભવી. સાચા જનનાયક બનીને જનતાની વચ્ચે જઈને તેમની રજૂઆતો, ફરિયાદો અને સમસ્યાઓનું સત્વરે નિરાકરણ લાવવાનો મુખ્યમંત્રીશ્રીનો આ અભિગમ જન-જનને સ્પર્શી રહ્યો. સાલસ વ્યક્તિત્વ અને જનહિતના કાર્યો માટેની એમની પ્રતિબધ્ધતાએ હવે મુખ્યમંત્રીશ્રીને લોકો પરિવારના સ્નેહીની જેમ 'આપણા ભૂપેન્દ્રભાઈ'થી ઓળખે છે.

સમાજના છેવાડે વસતા લોકોના સમગ્રતયા વિકાસ માટેના નક્કર કામ થઇ રહ્યાં હોવાનો રાજ્યના ખૂણેખૂણામાં અહેસાસ થઇ રહ્યો છે. લોકો માટે આરોગ્ય સેવા સુદ્રઢ બનાવી PMJAY-MAની આરોગ્યલક્ષી સેવાની ખર્ચ મર્યાદા રૂ. ૫ લાખથી વધારીને રૂ. ૧૦ લાખ કરવામાં આવતા રાજ્યના અનેક નાગરિકોને આરોગ્ય વિષયક ઉત્તમ સેવાનો લાભ મળતો થશે. તાજેતરમાં, ગુજરાતના સાગરકાંઠાના કેટલાક જિલ્લાઓને બિપરજોય વાવાઝોડાએ નિર્દયતાથી ધમરોળ્યા, પરંતુ પરિશ્રમી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના દીર્ઘદ્રષ્ટીપૂર્ણ આયોજન અને માર્ગદર્શનના પરિણામે પડકાર સામે પ્રબળ પુરુષાર્થ ગુજરાતે કર્યો. એની સમગ્ર દેશ અને દુનિયાએ નોંધ લીધી છે. બિપરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત ખેડૂતો માટે રૂ. ૨૪૦ કરોડનું રાહત સહાય પેકેજ જાહેર કર્યું છે. જેની મદદથી અસરગ્રસ્ત ખેડૂતો પુનઃ બેઠા થઇ શકશે.

ભારત આ વર્ષે G-૨૦નું નેતૃત્વ કરી રહ્યું છે. G-૨૦ અંતર્ગત ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં વિવિધ મહત્ત્વપૂર્ણ પાસાઓ ઉપર વિચાર-વિમર્શ કરવામાં આવી રહ્યો છે. G-૨૦ના વિચારમંથનની પ્રક્રિયામાં ગુજરાતને પણ સહભાગી બનવાનું સૌભાગ્ય ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા સાંપડ્યું છે. શહેરોના 'સાતત્યપૂર્ણ વિકાસ' માટેનુ વિચારમંથન ગત પખવાડિયે ગાંધીનગરમાં યોજાયું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં U-૨૦ મેયોરલ સમિટનો પ્રારંભ કરાવ્યો હતો. આ સમિટમાં કેન્દ્રીય શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી કૌશલ કિશોર સહિત દેશ-દુનિયાના ૫૪ શહેરોનાં મેયરોએ મહત્ત્વપૂર્ણ બાબતો ઉપર વિચાર-વિમર્શ કર્યો હતો, જેનો લાભ ગુજરાતને પણ આગામી સમયમાં અવશ્ય મળવાનો છે. ગુજરાતમાં B-૨૦ (બિઝનેસ-૨૦) અને G-૨૦ વર્કિંગ ગ્રૂપની બેઠક તેમજ મંત્રી સ્તરની બેઠકો પણ સફળતાપૂર્વક સંપન્ન થઇ. સુરતમાં 'B-૨૦ સુરત મિટ'માં ટેક્સટાઇલ, ફાઇનાન્સ, બેન્કિંગ અને ડાયમંડ જેવા વિવિધ બિઝનેસ સેક્ટરનું પ્રતિનિધિત્વ કરતા G-૨૦ દેશોના ૨૦૦ જેટલા પ્રબુધ્ધ પ્રતિનિધિઓએ વિગતે ચર્ચા વિચારણા કરી હતી.

આ પખવાડિયામાં પ્રત્યેક ગુજરાતી ગૌરવ લઇ શકે એવી ઘટનાઓ ઘટી છે. એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ સ્ટેટિસ્ટિક્સ-૨૦૨૩' અનુસાર રોજગારવાંચ્છુ યુવાધનને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં પુન: પ્રથમ ક્રમે આવ્યું છે. વર્ષ ૨૦૦૨થી સતત પ્રથમ રહેવાનો ક્રમ આપણા ગુજરાતે જાળવી રાખ્યો છે. આ ઉપરાંત GeM પોર્ટલ મારફતે પારદર્શક ખરીદીની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતની લોકલાડીલી વર્તમાન સરકારને સાત ઍવૉર્ડ આપી ગુજરાતની કામગીરીને રાષ્ટ્રીય કક્ષાએ પોંખવામાં આવી છે. અમદાવાદ ઍરપોર્ટે સર્વશ્રેષ્ઠ પ્રદર્શન બદલ QCFIની નવમી નૅશનલ કોન્ક્લેવમાં ત્રણ ઍવૉર્ડ મેળવીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

કેન્દ્ર સરકારે ફાર્મ ટૂ ફેક્ટરીના કોન્સેપ્ટ સાથે વસ્ત્ર ઉદ્યોગને પ્રાધાન્ય આપવા માટે શરૂ કરેલા 'PM મિત્ર પાર્ક'ની યોજના અંતર્ગત ગુજરાતમાં પાર્કની સ્થાપના માટે નવસારીની પસંદગી કરી છે. આના પરિણામે, એક જ સ્થળે સ્પિનિંગ, વિવિંગ, પ્રોસેસિંગ અને પ્રિન્ટિંગ તથા ગાર્મેન્ટ મેન્યૂફેક્ચરિંગની સુવિધા મળશે. સાથે સાથે એક લાખ લોકો માટે રોજગારીના સીધા અવસરો પણ ઉભા થશે.

આ ઉપરાંત, પ્રસ્તુત અંકમાં રાજ્યમાં થયેલા વિકાસની અવનવી વાત, જનહિતલક્ષી મહત્ત્વપૂર્ણ નિર્ણયો તથા રસપ્રદ અને માહિતીસભર એવા વિશેષ પ્રાસંગિક લેખો અને ક્વિઝ આવરી લેવામાં આવી છે. ગુજરાત પાક્ષિકનું આ સંસ્કરણ સુજ્ઞ વાચકબંધુઓને ગમશે, તેમજ ઉપયોગી બની રહેશે એવી મને શ્રધ્ધા છે.

જય જય ગરવી ગુજરાત...

**- ધીરજ પારેખ,** આઇ.એ.એસ.
માહિતી નિયામક

# GeM પોર્ટલ દ્વારા ખરીદીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતને મળ્યા સાત ઍવૉર્ડ

ગુજરાત સરકાર વિવિધ બાબતોમાં સમગ્ર દેશમાં અગ્રેસર છે. પારદર્શી વહીવટી પ્રક્રિયાના કારણે ગુજરાત સુશાસનનું પર્યાય બન્યું છે. ગુજરાત સરકારના પારદર્શક વહીવટ બદલ રાજ્યને સાત ઍવૉર્ડ સાથે વિશેષ સન્માન પ્રાપ્ત થયું છે. કેન્દ્ર સરકારના પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ(DPIIT) વિભાગ દ્વારા આયોજિત 'ક્રેતા-વિક્રેતા ગૌરવ સન્માન સમારોહ-૨૦૨૩' અંતર્ગત રાજ્ય સરકારને DPIIT દ્વારા ગર્વમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GEM) પોર્ટલ મારફતે પારદર્શક ખરીદી અંગેની ઉત્કૃષ્ટ કામગીરી માટે પ્લેટિનમ કેટેગરીમાં એક, ગોલ્ડમાં ત્રણ અને સિલ્વર કેટેગરીમાં ત્રણ એમ કુલ સાત ઍવૉર્ડ એનાયત કરાયા છે, જે રાજ્ય સરકારની જાહેર ખરીદીમાં પારદર્શિતા અંગેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ વિશેષ સન્માન બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ GEM અંતર્ગત ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારાઓને તેમના નોંધપાત્ર યોગદાન માટે અભિનંદન આપ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, આવા પ્રયાસો ભારતની સમૃદ્ધિ અને આત્મનિર્ભરતા તરફની યાત્રાને મજબૂત બનાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GEM) દ્વારા જાહેર ખરીદી માટે વિવિધ કેટેગરીમાં ગુજરાતને વિજેતા તરીકે પસંદ થતું જોઈને મને આનંદ થાય છે. આ પુરસ્કારો પારદર્શક અને ખર્ચ-અસરકારક જાહેર ખરીદી પ્રત્યે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટેની તેની સફળ નીતિઓનું પ્રતિબિંબ છે.

આ સિવાય કેન્દ્રીય વાણિજ્ય મંત્રી શ્રી પીયૂષ ગોયલે પણ દેશના જાહેર ખરીદીના ક્ષેત્રમાં પરિવર્તનકારી બદલાવ માટે GEM પુરસ્કારો મેળવનારના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, GEMના વધતા ઉપયોગને કારણે દેશના કરદાતાઓનાં નાણાંની બચત થઈ છે, જે જનકલ્યાણ માટેની યોજનાઓના વધુ સારા ઉપયોગમાં પરિણમી છે.

ઉલ્લેખનીય છે કે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા કેન્દ્ર સરકારના તમામ મંત્રાલયો અને વિભાગો દ્વારા માલ અને સેવાઓની ઑનલાઇન ખરીદી માટે ગવર્નમેન્ટ ઇ-માર્કેટ (GEM) પોર્ટલ તા. ૯ ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. તા. ૩૧મી માર્ચ, ૨૦૨૩ના રોજ GEMએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં આશ્ચર્યજનક રૂપિયા બે લાખ કરોડ ગ્રોસ મર્ચેન્ડાઇઝ વેલ્યૂ (GMV) નોંધાવી હતી. સંચિત રીતે, GEM તેના હિતધારકોના જબરજસ્ત સમર્થન સાથે, તેની શરૂઆતથી લઈ અત્યાર સુધીમાં રૂ. ૪.૨૯ લાખ કરોડના GMVને વટાવી ગયું છે. GEM પર કુલ વ્યવહારોની સંખ્યા પણ ૧.૫૪ કરોડને



વટાવી ગઈ છે. GEM ૬૯,૦૦૦થી વધુ સરકારી ખરીદદાર સંસ્થાઓની વિવિધ ખરીદી અંગેની જરૂરિયાતો પૂરી કરે છે. આ પોર્ટલ ૧૧,૮૦૦થી વધુ પ્રોડક્ટ કેટેગરી તેમજ ૨૮૦થી વધુ સર્વિસ કેટેગરી ધરાવે છે. વિવિધ અભ્યાસોના આધારે, પ્લેટફોર્મ પર લઘુતમ બચત લગભગ ૧૦ ટકા છે, જે આશરે રૂ. ૪૦,૦૦૦ કરોડના મૂલ્યનાં જાહેર નાણાંની બચત કરે છે.

**ગુજરાત સરકારને નીચે મુજબના વિશિષ્ટ પુરસ્કારોથી સન્માન પ્રાપ્ત થયું છે**

**પ્લેટિનમ ઍવૉર્ડ**

૧. મહિલા સાહસિકો માટે કુલ વેપારી મૂલ્ય (૬૯૭ કરોડ)

**ગોલ્ડ ઍવૉર્ડ્સ**

૧. ગ્રોસ મર્ચન્ડાઇઝ વેલ્યૂ (GMV) થી મીડિયમ એન્ડ સ્મોલ એન્ટરપ્રાઇઝીસ (MSEs) (૩૧૯૫.૪ કરોડ)

૨. સૌથી વધુ સર્વિસીસ પ્રોક્યોરમેન્ટ (૨૧૫૧.૩ કરોડ)

૩. કુલ ઓર્ડર મૂલ્ય (૭૯૬૩.૮ કરોડ)

**સિલ્વર ઍવૉર્ડ્સ**

૧. ઓર્ડરની સૌથી વધુ સંખ્યા (૨,૯૯,૭૧૮)

૨. ગ્રોસ મર્ચન્ડાઇઝ વેલ્યૂ (GMV)થી સ્ટાર્ટઅપ (૨૧૮ કરોડ)

૩. શ્રેષ્ઠ જોડાણ (ટ્રાન્ઝેક્શન કરનારા ખરીદદારોની સૌથી વધુ સંખ્યા-૯૫૫૩)●



# યુવાનોને રોજગારી આપવામાં ગુજરાત દેશમાં પ્રથમક્રમે

ગુજરાત એટલે શાંતિ, સલામતી અને સુરક્ષાનો પર્યાય. રાજ્ય સરકારની પારદર્શી નીતિ, રાજ્યમાં કાયદો વ્યવસ્થાની ઉત્તમ સ્થિતિના કારણે દેશ વિદેશના રોકાણકારો માટે ગુજરાત બેસ્ટ ચોઇસ ઓફ ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે, જેના કારણે ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યના યુવાનોને રોજગારી મળી રહી છે. તાજેતરમાં જ ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા અહેવાલ અંગે માહિતી આપતા શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, રોજગાર કચેરીઓ દ્વારા યુવાઓને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત વર્ષ ૨૦૦૨થી દેશમાં સતત પ્રથમ ક્રમાંકે છે. જે અનુક્રમને ગુજરાતે આ વર્ષે પણ જાળવી રાખ્યો છે. તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલા 'ઍમ્પ્લૉયમૅન્ટ એક્સ્ચેન્જ સ્ટેટિસ્ટિક્સ-૨૦૨૩' મુજબ વર્ષ ૨૦૨૨ દરમિયાન રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત ફરી એકવાર પ્રથમક્રમે આવ્યું છે, જે ગુજરાત માટે ગૌરવની વાત છે.

રાજ્યના યુવાધનને યોગ્ય રોજગારી મળી મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ રહી રોજગાર મેળા સહિતના અનેક પ્રયાસો હાથ ધરી રહી છે, જેના પરિણામે આજે ગુજરાત રોજગારી પૂરી પાડવામાં સતત મોખરે રહ્યું છે. વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩ દરમિયાન પાંચ વર્ષના સમયગાળામાં રોજગાર કચેરીઓ દ્વારા ૧૫ લાખથી વધુ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. તેમજ ૭ હજારથી વધુ ભરતીમેળા યોજી ૮ લાખથી વધુ ઉમેદવારોને રોજગારી મળી છે.

આ રિપોર્ટમાં જણાવ્યાનુસાર, વર્ષ ૨૦૨૨માં દેશભરનાં રાજ્યો દ્વારા કુલ ૬,૪૪,૬૦૦ યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. જેના ૪૩ ટકા એટલે કે, ૨,૭૪,૮૦૦ જેટલા યુવાનોને ગુજરાતે રોજગારી પૂરી પાડી છે. તેમજ ગત માર્ચ-૨૦૨૩માં પ્રસિદ્ધ થયેલા અહેવાલમાં દર્શાવ્યા અનુસાર ગુજરાત અનુસૂચિત જાતિના અને અનુસૂચિત જનજાતિના યુવાનોને રોજગારી પૂરી પાડવામાં પણ દેશમાં પ્રથમ છે. ગુજરાત રાજ્ય માત્ર પુરુષોને જ નહીં, મહિલાઓને પણ આજે રોજગારીની સમાન તકો પૂરી પાડી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે નવતર પહેલના ભાગરૂપે "અનુબંધમ" વેબપોર્ટલ તથા મોબાઈલ એપ વિકસાવી છે. આ વેબપોર્ટલ નોકરીદાતાઓ અને રોજગારવાંચ્છુઓ વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવી રહી છે. ●

# અમદાવાદ ઍરપૉર્ટને રાષ્ટ્રીય ઍવૉર્ડ

અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે ફરી એકવાર ઉત્કૃષ્ટ કાર્યક્ષમતા પુરવાર કરવામાં મેદાન માર્યું છે. SVPIAને ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા (QCFI)ની નવમી નેશનલ કોન્ક્લેવમાં ત્રણ એવોર્ડ જીતીને શ્રેષ્ઠ કાર્યક્ષમ એરપોર્ટનો ખિતાબ હાંસલ કર્યો છે. SVPI એરપોર્ટને '૫S' અંતર્ગત પાર એક્સેલન્સ કેટેગરીમાં એવોર્ડ એનાયત થયો છે. આ સાથે જ એરપોર્ટે શ્રેષ્ઠતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા ફરી એકવાર સાબિત કરી છે.

QCFIની નેશનલ કોન્ક્લેવમાં દેશભરની વિવિધ સંસ્થાઓ તરફથી ૫S પ્રેક્ટિસ માટે કુલ ૧૪૫ કેસ સ્ટડિઝ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ એરપોર્ટે અમલમાં મૂકેલી વર્કપ્લેસ મેનેજમેન્ટ સિસ્ટમને ત્રણ કેટેગરીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યું છે.

વર્કપ્લેસ મેનેજમેન્ટ માટે ૫Sને ઉત્તમ, સફળ અને શ્રેષ્ઠ જાપાની મેનેજમેન્ટ તકનિક માનવામાં આવે છે. SVPI એરપોર્ટ દ્વારા ૫S અમલી કરાતા કર્મચારીઓ કાર્યસ્થળે કાર્યક્ષમ, અસરકારક અને સુરક્ષિતપણે ફરજ નિભાવે છે. જેનાથી સમય અને સંસાધનોનો સુનિયોજિત અને મહત્તમ ઉપયોગ થાય છે. વળી, તેનાથી કાર્યસ્થળ પર થતો બિનજરૂરી વેડફાટ અટકે છે. ૫S ટર્મ પાંચ જાપાનીઝ શબ્દો પરથી ઉતરી આવી છે. જેમાં Seiri (પુનઃસંગઠન),





Seiton (સુઘડતા), Seiso (સ્વચ્છતા), Seiketsu (સ્ટાન્ડર્ડાઈઝેશન) અને Shitsuke (શિસ્ત)નો સમાવેશ થાય છે.

SVPIA દ્વારા રજૂ કરાયેલા ત્રણ કેસ સ્ટડિઝ એન્જિનિયરિંગ અને મેન્ટેનન્સ વિભાગના હતા. એરપોર્ટ પર જ્યાં ૫S વર્કપ્લેસ મેનેજમેન્ટ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે તેમાં STP (સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ), ટર્મિનલ ૨ - પંપ હાઉસ, અને T૧ - સ્વિચ રૂમ જેવા સ્થળોનો સમાવેશ થાય છે. ૫S ના અમલીકરણથી અસુરક્ષિત ઘટનાઓમાં ઘટાડો, મેઈન્ટેઈન્ડ સાધનોની ઉપલબ્ધતા, વિશ્વસનીયતામાં વધારો, ગ્રાહકોને ઉત્કૃષ્ટ અનુભવ, તેમજ પુનઃપ્રાપ્તિ માટે લાગતા સમય અને જગ્યામાં ઘટાડો થયો છે. QCFI તરફથી એનાયત પુરસ્કારો ઉત્કૃષ્ટતા માટે એરપોર્ટની પહેલો અને પ્રતિબદ્ધતા પુરવાર કરે છે. SVPIA કામગીરીમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા તેમજ સકારાત્મક ગ્રાહક અનુભવ માટે હંમેશા કટિબદ્ધ છે. ●

# ગુજરાતમાં U-20 બેઠક યોજાઇ

## વિશ્વનાં શહેરોનાં ચિરંતન વિકાસ માટે મનોમંથન

વિશ્વભરમાં શહેરીકરણનો વ્યાપ વધી રહ્યો છે. જો યોગ્ય આયોજન ન હોય તો શહેરોના વ્યાપ વધવાના કારણે અનેક સમસ્યાઓ પણ ઉદ્ભવી શકે છે. ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં શહેરોનો સુદૃઢ વિકાસ થઈ રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન અમદાવાદ, સુરત જેવાં શહેરોની કરેલી કાયાપલટ આજે વિશ્વભરના દેશો માટે કેસ સ્ટડી છે. ગુજરાત સરકારે ભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતોને ધ્યાને રાખીને શહેરોનો વિકાસ કર્યો છે. પ્રકૃતિને નુકસાન ન થાય તે રીતે ટકાઉ વિકાસની નીતિને અપનાવીને ગુજરાતે શહેરી વિકાસની દિશામાં પગલાઓ લીધાં છે.

ભારત આ વર્ષે G-૨૦નું નેતૃત્વ કરી રહ્યું છે. G-૨૦ અંતર્ગત ગુજરાત સહિત દેશનાં વિવિધ રાજ્યોમાં વિવિધ વિષયોની બેઠકો યોજાઈ રહી છે. તાજેતરમાં ગુજરાતને G-૨૦ હેઠળના U-૨૦ની યજમાની કરવાનો પણ અવસર મળ્યો છે. તે અંતર્ગત ગુજરાતના આંગણે શહેરોના ટકાઉ વિકાસ માટે વિચારમંથન થયું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે U-૨૦ મેયોરલ સમિટનો પ્રારંભ કરાવ્યો હતો. આ સમિટમાં કેન્દ્રીય શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી કૌશલ કિશોર અને દેશ-દુનિયાનાં ૫૪ શહેરોનાં મેયરોએ ભાગ લીધા હતો.

મુખ્યમંત્રીશ્રીએ વૈશ્વિક નેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ પ્રયાસોથી ભારતને G-૨૦ પ્રેસિડેન્સી મળી છે તેનો હર્ષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વસુધૈવ કુટુંબકમ્-એક પૃથ્વી-એક વિશ્વ-એક પરિવારની ભાવના સાથે આયોજિત U-૨૦ સસ્ટેઈનેબલ અર્બન ડેવલપમૅન્ટના કોમન એજન્ડા માટે સૌને સાથે જોડતી સમિટ છે. આ U-૨૦ દ્વારા વર્લ્ડ લીડર્સ અને મેયર્સ એક મંચ પર આવ્યા છે. રેપિડ અર્બનાઇઝેશનના આ યુગમાં શહેરોને ઈકોનોમિક ડેવલપમેન્ટના







અવસર જ નહીં, પોતાના દેશો માટે સોશિયો-ઈકોનોમિક અને ઈકોનોમિક સેન્ટર બનાવવાના અવસરો અંગેના વિચારોનું આદાન-પ્રદાન કરાશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટ મત દર્શાવ્યો હતો કે, વિશ્વનાં શહેરોનાં મોડર્ન ડેવલોપમેન્ટ અને ફ્યુચર ચેલેન્જીસના સોલ્યુશન્સ માટે U-૨૦ સક્ષમ પ્લેટફોર્મ બનશે. એક ગ્લોબલ કોમ્યુનિટીના રૂપમાં આપણી સામે આવનારા સમયમાં જે પડકારો આવશે તે અનેક પ્રકારે કોમન હશે. મુખ્યમંત્રીએ આ અંગેની વિસ્તૃત છણાવટ કરતાં જણાવ્યું હતું કે, વધતા જતા અર્બનાઈઝેશનને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ સામે ક્લાઈમેટ ચેન્જ પબ્લિક સર્વિસ ડિસ્ટ્રિબ્યુશનમાં થનારી સમસ્યા તથા ટ્રાફિક રિલેટેડ પ્રૉબ્લેમના સમાધાનને અનુરૂપ બનાવવું હવેના સમયની માંગ છે.

ગુજરાત દેશનાં સૌથી વધુ અર્બનાઈઝ્ડ રાજ્યોમાંનું એક છે તથા અર્બનાઈઝેશન ગુજરાતનો ઈતિહાસ ૪૫૦૦ વર્ષ પહેલાની સિંધુ સભ્યતાથી શરૂ થયો છે તેની પણ વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની શહેરી વિકાસ ક્ષેત્રની સફળતાની ગાથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને વિઝનરી લીડરશીપને આભારી છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે તેમણે શહેરોના નાગરિકોના ઈઝ ઓફ લિવિંગની વૃદ્ધિ માટે સિવિક એમિનિટીઝમાં મોડર્ન ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની દિશા આપી છે. એમના આ વિઝનના પરિણામે જ રાજ્યનાં શહેરોમાં પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સિવિક એમિનિટીઝ ડેવલપમેન્ટમાં ઈનોવેશન, ફ્યુચરિસ્ટીક પ્રોજેક્ટ આવ્યા છે.







વડાપ્રધાનશ્રીએ ગુજરાતના શહેરીકરણને ગ્લોબલ સ્ટાન્ડર્ડ બનાવનારા પ્રકલ્પોની ભેટ આપી હતી તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં ગિફ્ટ સિટી, સુરત ડાયમંડ બુર્સ, ધોલેરા SIR, સાબરમતી રિવરફ્રન્ટનાં દૃષ્ટાંતો આપ્યાં હતાં. વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ગુજરાતે ટોપ-ડાઉન એપ્રોચ અને પીપલ સેન્ટ્રિક અર્બન ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપેલું છે. એટલું જ નહીં, શહેરી વિકાસનો માસ્ટર પ્લાન ઈન્ક્લુઝિવનેસ સાથે તૈયાર કરીને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ દરેક પ્રોજેક્ટના કેન્દ્રસ્થાને કોર વેલ્યૂ તરીકે રાખવામાં આવે છે.

આવાસ અને શહેરી બાબતોના કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી કૌશલ કિશોરે દેશ-વિદેશથી પધારેલા પ્રતિનિધિઓને ભારતમાં આવકારતાં જણાવ્યું હતું કે, ભારત પ્રાચીન હડપ્પનકાળથી જ શહેરી વિકાસમાં અગ્રેસર રહ્યું છે અને આજના મોડર્ન યુગમાં પણ ભારત તેની સસ્ટેઈનેબલ અને વિશેષ પહેલોથી અન્ય રાષ્ટ્રોને પ્રેરણા આપી રહ્યું છે. ભારતની G-૨૦ અધ્યક્ષતા હેઠળ આજે યોજાઈ રહેલી અર્બન-૨૦ મેયોરલ સમિટ વિશ્વનાં વિકસિત શહેરોમાં થઈ રહેલી બેસ્ટ પ્રેક્ટિસીસ અને વિશેષ પહેલોના આદાન-પ્રદાન માટેનું શ્રેષ્ઠ માધ્યમ બનશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ G-૨૦ના માધ્યમથી દેશના વેગવંતા વિકાસને સમગ્ર વિશ્વ સમક્ષ ઉજાગર કરવાનું કામ કર્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ભારતે શહેરી વિકાસ અને સસ્ટેઈનેબલ અર્બનાઈઝેશનની દિશામાં સૌર અને નવીનીકરણ ઊર્જા, જળસુરક્ષા, સૌને આવાસ, રિ-યૂઝ ઓફ વેસ્ટ વોટર અને સોલિડ વેસ્ટ મૅનેજમૅન્ટ જેવી વિવિધ નીતિઓને ખૂબ જ ગતિપૂર્વક લાગુ કરી છે. આ સાથે જ ભારતે મેક ઈન ઈન્ડિયા જેવા મિશનમાં સામાન્ય જનમાનસને સાથે જોડીને ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં પ્રયત્નો

કર્યા છે. સ્ટેન્ડ અપ ઇન્ડિયા યોજના અંતર્ગત મહિલાઓને ગેરંટી વિના લોન અને સરકારી સેવાઓના ડિજિટલાઇઝેશન જેવાં અનેક ઉદાહરણો ભારતે પૂરાં પાડ્યાં છે.

અર્બન-૨૦ છઠ્ઠી શ્રેણીની ચેર સિટી અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમારે જણાવ્યું હતું કે, U-૨૦એ વિશ્વમાં વધી રહેલા શહેરીકરણ સાથે ખૂબ જ મહત્ત્વ મેળવ્યું છે. જ્યારથી G-૨૦ સમિટ પેરિસ કરાર સાથે જોડાઈ ત્યારથી જ ઈકોનોમિક અને સસ્ટેઇનેબલ ડેવલપમૅન્ટ તરફ ધ્યાન કેન્દ્રિત કરી, U૨૦ દ્વારા ક્લાઈમેટ ચેન્જ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, સિટી લેવલ ઈન્વેસ્ટમેન્ટ, હેલ્થ કેર જેવા અનેક મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવ્યાં છે.

આ પ્રસંગે અર્બન-૨૦ના સહયોગી સંગઠન ''C૪૦ સિટીઝ''ના ડેપ્યુટી એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી કેવિન ઓસ્ટિને ગુજરાતની જાહેર પરિવહન વ્યવસ્થાના વખાણ કરતાં કહ્યું હતું કે, શહેરોમાં મેટ્રો અને બસ રેપિડ ટ્રાન્સિસ્ટ સિસ્ટિમ દ્વારા પબ્લિક એક્સેસ વધુ સરળ બની છે. તેમજ અમદાવાદ પોતાનો એડવાન્સ એક્શન પ્લાન હોય એવું પ્રથમ શહેર છે. વધુમાં, તેમણે વર્ષ ૨૦૫૦ સુધીમાં મોટાભાગનાં શહેરો વૈશ્વિક તાપમાનમાં વધારાનો ભોગ બનવા અંગેની શક્યતાઓ દર્શાવી સંભવિત ક્લાઈમેટ ક્રાઈસીસને ધ્યાને રાખી કાર્ય કરવા અનુરોધ કર્યો હતો.



યુનાઈટેડ સિટીઝ એન્ડ લોકલ ગવર્નમેન્ટ્સના સેક્રેટરી જનરલ સુશ્રી એમિલિયા સૈઝએ જણાવ્યું હતું કે, શહેરી વિકાસને નવેસરથી સમજવાની જરૂર છે. ભવિષ્ય માટે નવા નૅરેટિવ અને નવા વિઝનને પ્રોત્સાહિત કરવા માટે આપણે ગરીબ, વંચિત સામાન્ય લોકોનાં જીવનધોરણ સુધારવા માટે તેમજ શહેરી વિકાસમાં દાખલારૂપ બનવા વધુ પ્રયત્નો કરવાની જરૂર છે.

આ દ્વિ દિવસીય અર્બન-૨૦ના ઉદઘાટન સત્રમાં કેન્દ્રીય શહેરી વિકાસ વિભાગના સચિવ શ્રી મનોજ જોશી, G-૨૦ના અધિક સચિવ શ્રી અભય ઠાકુર, રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન સહિત અન્ય પદાધિકારીઓ તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડેલિગેટ્સે 'હેરિટેજ વોક' દ્વારા ઐતિહાસિક વારસો નિહાળ્યો

**ગુજરાતમાં યોજાયેલી બે દિવસીય U20 મેયરલ સમિટના પ્રથમ દિવસે દેશ-વિદેશથી પધારેલા ડેલિગેટ્સે વિશ્વના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી એવા અમદાવાદમાં 'હેરિટેજ વોક' દ્વારા શહેરનો ઐતિહાસિક વારસો નિહાળ્યો હતો. કાલુપુર સ્વામિનારાયણ મંદિર ખાતે મહેમાનોનું પરંપરાગત નૃત્યો અને વાદ્યોના તાલે સ્વાગત કરવામાં આવ્યું હતું. શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર દ્વારા સૌ મહેમાનોને આવકારવામાં આવ્યા હતા તથા હેરિટેજ વોક અને તેના મહત્ત્વ અંગે ટૂંકમાં માહિતગાર કરવામાં આવ્યા હતા.**











## 6ટ્ઠી U-20 મેયરલ સમિટનો ભવ્ય સમાપન સમારોહ



ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ૬ઠ્ઠી U-૨૦ મેયરલ સમિટનું ભવ્યાતિભવ્ય આયોજનો સાથે સમાપન થયું હતુ. G-૨૦ ઈન્ડિયા શેરપા શ્રી અમિતાભ કાંત, કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રી શ્રી હરદીપસિંહ પુરી, અમદાવાદના મેયર શ્રી કિરીટકુમાર પરમાર, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન, C૪૦ ડેપ્યુટી એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી કેવિન ઓસ્ટિન, યુ.સી.એલ.જી.નાં સેક્રેટરી જનરલ ઈમિલિયા સેઝ તથા અન્ય મહાનુભાવો, ડેલિગેટ્સ અને અધિકારીઓ કોમ્યુનિકના હસ્તાંરણ પ્રસંગે ઉપસ્થિત હતા.

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી શ્રી હરદીપસિંહ પુરીએ U-૨૦ મેયરલ સમિટ ૨૦૨૩ના ભવ્ય આયોજનમાં મેયર, ડેપ્યુટી મેયર, અધિકારીઓ તથા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત અનેક ભારતીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ જોડાયા એ માટે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. કેન્દ્રીય મંત્રીશ્રીએ સસ્ટેનેબલ સિટીઝના નિર્માણ તરફ અર્બન ટ્રાન્સફોર્મેશન માટે નવ પોઈન્ટ વિઝન પણ રજૂ કર્યું હતું. જેમાં ઈનોવેશનનો સ્વીકાર, નાગરિકોના સશક્તીકરણ તથા સ્થાનિક સ્તરે ક્ષમતાનિર્માણ પર એમણે ભાર મૂક્યો હતો.

બે દિવસીય U-૨૦ મેયરલ સમિટમાં સસ્ટેઈનેબલ ફ્યુચર માટે કામ કરતાં શહેરો અને રાષ્ટ્રીય સરકારો વચ્ચે અસરકારક સહયોગ-સાથ સહકાર જોવા મળ્યો. આ પ્રસંગે G-૨૦ ઈન્ડિયા શેરપા શ્રી અમિતાભ કાંતે કહ્યું, “U-૨૦ના આયોજનમાં વિકાસનું હાર્દ રજૂ થાય છે. એમણે વધુમાં જણાવ્યું કે, સસ્ટેઈનેબલ ગ્રોથ શહેરોના સક્રિય સહયોગ-સહભાગિતા પર આધાર રાખે છે, કારણ કે આજે વિશ્વની વસતીના ૬૦% નાગરિકો શહેરોમાં વસે છે, જે જી.ડી.પી.માં ૮૫% હિસ્સો ધરાવે છે.”

અમદાવાદની U-૨૦ની અધ્યક્ષતા તથા યજમાનીની યાત્રાની વિગતો આપતા મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસને જણાવ્યું હતું કે, ૬ઠ્ઠી U-૨૦ સાઈકલ એક અભૂતપૂર્વ રીતે સફળ રહી છે. એમણે કહ્યું કે, "આપણને ૧૦૫ શહેરોનું રેકોર્ડ-બ્રેકિંગ સમર્થન મળ્યું છે, જે કોઈપણ યુ-૨૦ સાયકલની સૌથી મોટી સંખ્યા છે. આ ઐતિહાસિક ઘટના અર્બન કો-ઓપરેશન અને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ માટેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે."

સમાપન સમારોહ દરમિયાન શ્રી એમ. થેન્નારસને આપેલી વિગતો પ્રમાણે અમદાવાદની અધ્યક્ષતામાં, ૬ઠ્ઠી U-૨૦ સાયકલ અંતર્ગત પ્રાથમિકતા ધરાવતા છ ક્ષેત્રો માટે દેશભરમાં સમર્થન જોવા મળ્યું છે. U-૨૦માં સમગ્ર દેશમાં વ્યાપક જન-ભાગીદારી પણ જોવા મળી છે. સમગ્ર સાઈકલ દરમિયાન ૪૦થી વધુ મીટિંગમાં ૧૦,૦૦૦થી વધુ પ્રતિનિધિઓની સહભાગિતા સાથે કુલ ૧૦૦થી વધુ ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૩ અર્બન ક્લાઈમેટ ફિલ્મ ફેસ્ટિવલ યોજાયા હતા અને U-૨૦ ટોક્સ અંતર્ગત U-૨૦ સંવાદ, U-૨૦ મંથન અને U-૨૦ ઈન્ડિયા ક્લાઈમેટ ડાયલોગ સિરીઝ વગેરેનું આયોજન પણ સફળતાપૂર્વક થયું હતું.

મેયરલ સમિટ દરમિયાન, ૯૦થી વધુ શહેરોના ૬૫૦થી વધુ આંતરરાષ્ટ્રીય-રાષ્ટ્રીય પ્રતિનિધિઓએ સસ્ટેઈનેબલ અર્બન ડેવલપમેન્ટને ચૅનલાઇઝ કરવા માટે અને સામૂહિક લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ફળદાયી ચર્ચાઓ કરી હતી. આ ઉપરાંત પ્રાથમિકતા ધરાવતા છ ક્ષેત્રોને સમગ્રપણે આવરી લેતા થીમ આધારિત વિશેષ સત્રોનું આયોજન પણ થયું હતું, જેમાં સંબંધિત ક્ષેત્રના નિષ્ણાતોએ વક્તવ્યો આપ્યાં હતાં.

### U-20 કોમ્યુનિકને અત્યારસુધીનું સૌથી વધુ સમર્થન

ગાંધીનગરમાં ૭-૮ જુલાઈ દરમિયાન ચેર સિટી અમદાવાદ દ્વારા આયોજિત બે દિવસીય અર્બન ૨૦ મેયરલ સમિટ, મેયરો તરફથી G-૨૦ નેતાઓને કોમ્યુનિક સોંપવા સાથે સમાપ્ત થઈ. કોમ્યુનિકને વિશ્વભરના ૧૦૫ શહેરો દ્વારા અધિકૃત રીતે સમર્થન આપવામાં આવ્યું છે, જે અત્યારસુધીના U-૨૦ કોમ્યુનિક માટે સૌથી વધુ સંખ્યા છે, તેમજ અગાઉના કોમ્યુનિક માટે સમર્થનની સંખ્યા કરતા બમણાથી વધુ છે. U-૨૦ શહેરો દ્વારા સામૂહિક રીતે ઓળખવામાં આવેલી છ પ્રાથમિકતાઓ માટે એક્શન એજન્ડા તરીકે કોમ્યુનિકનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. આ કોમ્યુનિક G૨૦ થીમ "વસુધૈવ કુટુંબકમ", અથવા એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય સાથે જોડાયેલી છે. ●

### U-20 મેયોરલ સમિટના મુખ્ય વિષયો

- *પર્યાવરણની સુરક્ષા માટે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો.*
- *શહેરી વિકાસમાં મહિલાઓ, યુવાનો અને બાળકોની ભાગીદારી વધારવી.*
- *પાણી, ગંદાપાણી અને ઘન કચરાના ક્ષેત્રે કાર્ય કરવું.*
- *સિટી ઈન્વેસ્ટમેન્ટનું પુનઃ નિર્માણ કરવું: ભવિષ્યની ટેક્નોલોજીનો ઉપયોગ કરી વૈશ્વિક શહેરી માળખું તૈયાર કરવું.*
- *આબોહવા-પ્રતિભાવશીલ અને સ્થિતિસ્થાપક શહેરોનું નિર્માણ કરવું.*
- *નાગરિકો માટે ડેટા વર્ક મજબૂત બનાવવું.*



# U-20 મેમોરિયલ પાર્કનું ખાતમુહૂર્ત

અમદાવાદ શહેરમાં પ્રથમ મેમોરિયલ પાર્ક તૈયાર કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં યોજાઈ રહેલી G-૨૦ સમિટ અંતર્ગત U-૨૦ સમિટને ભાવિ પેઢી યાદ રાખે અને ગ્રીન ઊર્જાને પ્રોત્સાહન મળે તે હેતુથી અમદાવાદમાં સોલા ભાગવત નજીક શહેરના પ્રથમ U-૨૦ મેમોરિયલ પાર્કનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં U-૨૦ સમિટ અંતર્ગત આવેલા ૪૦ દેશના મેયર સહિત કુલ ૫૬ જેટલા વિદેશી ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદના મેયરશ્રી તેમજ ડેલિગેટ્સના હસ્તે બિગોનિયા અને મિલિનગટોનીયા હોર્ટેસિસ ફ્લાવર સહિતના છોડનું રોપણ કરાયું હતું. આ પાર્કનું કાર્ય એક વર્ષની અંદર પૂર્ણ કરવામાં આવશે. આ પાર્કની ડિઝાઈન મ્યુનિસિપલ બગીચા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી છે. અંદાજે ૧૫ હજાર સ્ક્વેર મીટરના વિસ્તારમાં આ પાર્કનું નિર્માણ કરાશે. વૃક્ષારોપણ બાદ ભાવિ પેઢીની યાદગીરી માટે માટીની તખ્તી (ક્લેટાઈન) પર અમદાવાદના મેયર સહિત વિદેશી ડેલિગેટ્સની હાથછાપ લેવામાં આવી હતી.



# 'ક્લાઇમેટ રેઝિલિઅન્ટ સિટી એક્શન પ્લાન ફોર અમદાવાદ'નું વિમોચન

બે દિવસીય U-૨૦ મેયોરલ સમિટમાં શહેરી વિસ્તારમાં ક્લાઇમેટ ચેન્જના જટિલ પ્રભાવ સામે જનજાગૃતિ ઊભી કરવા સહિત વોટર સિક્યુરિટી, ડિજિટલાઇઝેશનને પ્રોત્સાહન આપવું, મહિલા અને બાળકોને શહેરી વિકાસની મુખ્યધારામાં સામેલ કરવા જેવા ગહન વિષયો પર ચર્ચા વિમર્શ હાથ ધરવામાં આવ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ આ તકે સ્વિત્ઝર્લૅન્ડના ભારત સ્થિત રાજદૂત ડૉ. રાલ્ફ હેકનરની ઉપસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવેલ "ક્લાઇમેટ રેઝિલિઅન્ટ સિટી એક્શન પ્લાન ફોર અમદાવાદ"નું વિમોચન કર્યું હતું. વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો એમિશનને સાકાર કરવા માટે સ્વીઝ એજન્સી ફોર ડેવલપમૅન્ટ એન્ડ કૉ-ઑપરેશનના સહયોગથી આ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.



# U-20ના ડેલિગેટ્સ ગાંધી આશ્રમની મુલાકાતે

U-૨૦ મેયરલ સમિટના પ્રથમ દિવસે દેશ-વિદેશથી પધારેલા ડેલિગેટ્સે અમદાવાદમાં આવેલા વિશ્વપ્રસિદ્ધ ઐતિહાસિક ગાંધી આશ્રમ મુલાકાત લીધી હતી. ગાંધી આશ્રમની મુલાકાત દરમિયાન મેયર શ્રી કિરીટભાઈ પરમાર, મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન, ગાંધી આશ્રમના ટ્રસ્ટી શ્રી કાર્તિકેય સારાભાઈ અને ડાયરેક્ટર શ્રી અતુલભાઈ પંડ્યા તેમજ શાળાની બાળાઓ દ્વારા સૂતરની આંટી પહેરાવીને G૨૦ અને U૨૦ સમિટ અંતર્ગત અમદાવાદ પધારેલા વિવિધ રાષ્ટ્રના મેયરશ્રીઓ તથા પ્રતિનિધિશ્રીઓનું ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. G૨૦ રાષ્ટ્ર સમૂહના મેયરશ્રીઓ તેમજ પ્રતિનિધિશ્રીઓ દ્વારા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. હૃદયકુંજના વિવિધ ખંડોની મુલાકાત લઈને પ્રતિનિધિશ્રીઓએ ચરખા પર કાંતણ પણ કર્યું હતું.

# ગુજરાત સતત છેલ્લા ત્રણ વર્ષથી નિકાસ ક્ષેત્રે દેશમાં મોખરે

**દર્શન ત્રિવેદી**

કોઈપણ દેશ કેટલી નિકાસ કરે છે તેના પર તેનો આર્થિક વિકાસ અને પ્રગતિ નિર્ભર હોય છે. જેટલી નિકાસ વધુ તેટલો તે દેશ વધુ વિદેશી હુંડિયામણ રળે છે. આજે વિશ્વમાં આ વિદેશી હુંડિયામણ રળવાની તાકાતને ખૂબ મહત્ત્વપૂર્ણ આંકવામાં આવે છે. દેશના અર્થતંત્રને ધબકતું રાખવા તથા ઉદ્યોગોની ગતિ જાળવી રાખવા માટે તે ખૂબ અગત્યનું ચાલકબળ છે.

ગુજરાતમાં જયારે G-૨૦ અંતર્ગત એકતાનગર ખાતે ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રૂપની બેઠકમાં સભ્ય દેશો વચ્ચે આ વિષય ઉપર સંભાવના અને તકો ઉપર મંથન કરવામાં આવ્યું હતું. ત્યારે, કેન્દ્ર સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ ગુજરાતનું મસ્તક ગૌરવ સાથે ઊંચું કરે તેવા હતી. આ આંકડાઓ દર્શાવે છે કે, નિકાસ કરવામાં ગુજરાત છેલ્લા ત્રણ વર્ષથી સતત મોખરે છે.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોજગારીના સર્જન માટે ઔદ્યોગિક વિકાસ માટે પ્રશસ્ત કરેલા માર્ગ ઉપર ચાલતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની નીતિ, સેક્ટરવાઈઝ પૉલિસી અને કેન્દ્ર સરકારની નિકાસ પ્રોત્સાહક યોજનાઓને લીધે ગુજરાત આ પરિણામ મેળવી શક્યું છે.

દેશમાંથી થતી નિકાસમાં ગુજરાતનો હિસ્સો ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં ૨૯.૬૮ ટકાએ પહોંચી ગયો છે. ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં ગુજરાતમાંથી રૂ. ૮૪,૫૦૦ કરોડની નિકાસ કરવામાં આવી છે. વિદેશમાં થતી નિકાસમાં ગુજરાતનો આ આંકડો સૌથી વધુ છે. તો બીજી અમદાવાદથી ભરૂચ સુધી ઈન્ડસ્ટ્રીઝનો એક આખો પટ્ટો ધરાવતા વડોદરામાંથી છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૬૯,૮૪૨ કરોડની નિકાસ થઈ છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાતમાંથી કુલ રૂ. ૯,૪૫,૭૯૬ કરોડની નિકાસ થઇ હતી. આ નિકાસ દેશની કુલ નિકાસના ૩૦.૦૫ ટકા હતી. એ વર્ષમાં મહારાષ્ટ્રનો હિસ્સો ૧૭.૩૨ ટકા હતો અને ત્રીજા ક્રમે ૮.૩૪ ટકા સાથે તમિલનાડુ રહ્યું છે. એ પછીના વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતની કુલ નિકાસમાં ૩ ટકાના દરે માતબર વૃદ્ધિ નોંધાઇ હતી અને ગુજરાતમાંથી રૂ. ૧૨,૦૦,૦૦૧ કરોડ મૂલ્ય ધરાવતી વસ્તુઓની નિકાસ કરવામાં આવી હતી. જે દેશની કુલ નિકાસના ૩૩.૧૪ ટકા હિસ્સો ધરાવતી હતી. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન મહારાષ્ટ્ર ૧૬ ટકા સાથે બીજા ક્રમે



રહ્યું છે. ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં રૂ. ૮૪,૫૦૦ કરોડની નિકાસ કરવામાં આવી છે. આ આંકડો પણ દેશના તમામ રાજ્યો પૈકી સૌથી વધારે છે.

ગુજરાતમાંથી નિકાસ કરતા જિલ્લાઓમાં અમદાવાદનો ક્રમ પ્રથમ છે. ચાલુ વર્ષમાં અમદાવાદમાંથી રૂ. ૭,૬૨૦ કરોડની નિકાસ થઇ છે. દવાઓ, મશીનરી, સ્માર્ટસ ફોન, આભૂષણો, ચોખા, કપાસ અને કાપડ સહિતની વસ્તુઓની અધિકતમ નિકાસ અમદાવાદમાંથી કરવામાં આવી હતી.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોજગારીના સર્જન માટે ઔદ્યોગિક વિકાસ માટે પ્રશસ્ત કરેલા માર્ગ ઉપર ચાલતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની નીતિ, સેક્ટરવાઈઝ પૉલિસી અને કેન્દ્ર સરકારની નિકાસ પ્રોત્સાહક યોજનાઓનું પરિણામ આ આંકડાઓમાં ઝળકે છે. ગુજરાતમાં નિકાસને વેગ મળવા પાછળ જરૂરી સુવિધાઓની ઉપલબ્ધિ તો છે જ, તેના સાથે ગુજરાત ઈઝ ઓફ લોજિસ્ટિક, લીડ ઈન્ડેક્સ અને કાર્ગો હેન્ડલિંગમાં શીર્ષ રાજ્ય છે. વડોદરા પણ નિકાસની બાબતોમાં ઉભરી રહ્યું છે. વડોદરામાંથી અનેક વસ્તુઓની વિદેશમાં નિકાસ કરવામાં આવે છે, આ નિકાસથી વિદેશી હુંડિયામણ રળી આપવામાં વડોદરા જિલ્લો પણ અગ્રેસર છે.

છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ એટલે કે, ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ (ચાલુ) દરમિયાન વડોદરામાંથી થયેલી નિકાસનું મૂલ્ય અનુક્રમે જોઇએ તો રૂ. ૩૧,૨૪૮ કરોડ, રૂ. ૩૫,૭૮૫ કરોડ અને રૂ. ૨૮૦૮ કરોડ છે. આમ, છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૬૯,૮૪૨ કરોડની નિકાસ થઇ છે. વડોદરામાંથી કેમિકલ, દવાઓ, મશીન અને તેના પાર્ટ્સ, સ્માર્ટ ફોન સહિતની વસ્તુઓ અને કોમોડિટીની મહત્તમ નિકાસ કરવામાં આવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સફળ વિદેશ નીતિના કારણે સ્થાનિક કક્ષાએ નિકાસકારોને પ્રોત્સાહન અને નવું બળ મળ્યું છે. આર્થિક વિકાસના આ આંકડાઓ સાથે ગુજરાતના વેપાર-વણજમાં મોટી વૃધ્ધિ થઇ રહી છે. આ નવા અને વિકસિત બની વિશ્વના સૌથી મોટા ત્રીજા અર્થતંત્ર બનેલા ભારતની ગ્રોથ સ્ટોરી છે. આ તો હજુ શરૂઆત છે. ભારત હવે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિશ્વનું નેતૃત્વ લેવા અગ્રેસર બની રહ્યું છે ત્યારે ભારત વિકાસના નવા આલેખ આલેખશે. જેમાં ગુજરાત અગ્રિમ ભૂમિકા ભજવશે. ●

# ‘B-20 સુરત મિટ’ : વેપાર ઉદ્યોગના વિકાસ માટે પરિણામલક્ષી વિચારમંથન







આ વર્ષે ભારત G-૨૦ની આગેવાની કરી રહ્યું છે. જે અંતર્ગતની વિવિધ બેઠકો ગુજરાતમાં યોજાઈ રહી છે. આ વર્ષે ભારતની G-૨૦ પ્રેસિડેન્સી હેઠળ જુલાઈ મહિનામાં ગુજરાતમાં B-૨૦ (બિઝનેસ ૨૦) અને G-૨૦ વર્કિંગ ગ્રૂપની બેઠક તેમજ મંત્રીસ્તરની બેઠકો યોજાઈ રહી છે, જેના ભાગરૂપે સુરત ખાતે CII ગુજરાત કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ તેમજ આયુષ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં ‘B-૨૦ સુરત મિટ’ યોજાઈ હતી. જેમાં ટેક્સ્ટાઈલ, ફાઇનાન્સ, બેન્કિંગ અને ડાયમંડ જેવા વિવિધ બિઝનેસ સેક્ટરનું પ્રતિનિધિત્વ કરતા G-૨૦ દેશોના આશરે ૨૦૦ પ્રતિનિધિઓ સહભાગી થયા હતા. પ્રતિનિધિઓએ દેશમાં બિઝનેસ, ઈન્ડસ્ટ્રિયલ પૉલિસી, રોકાણ અને વ્યાવસાયિક ભાવિ તકો જેવા વૈવિધ્યપૂર્ણ વિષયો પર વિચારો અને અનુભવોનું આદાનપ્રદાન કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, ભારતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ G-૨૦ દેશોનું પ્રમુખપદ સંભાળ્યું છે. સભ્ય દેશોના સહયોગથી ભારત વૈશ્વિક સમસ્યાના વ્યવહારિક વૈશ્વિક ઉકેલો શોધવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

ભારતને G-૨૦ બેઠકોની અધ્યક્ષતા કરવાની તક મળી તે આપણા માટે ગૌરવપૂર્ણ ઘટના છે તેનો ઉલ્લેખ કરી કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત ડિજિટલ ઈનોવેશનમાં ગ્લોબલ લીડર તરીકે આગવી રીતે ઊભર્યું છે. વડાપ્રધાનશ્રી ‘યૂથ લેડ ડેવલપમેન્ટ’ના દૃઢ આગ્રહી છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને ઈઝ ઓફ લિવિંગમાં નવા આયામો સર કરવામાં ભારત સરકારની હકારાત્મક નીતિઓ કારણભૂત છે. B-૨૦ સુરત સમિટ દેશના વિકાસને ગતિ આપવામાં અને સકારાત્મક મનોમંથન બાદ નવાં પરિમાણો અને પરિણામો પ્રાપ્ત કરવાનું એક અનેરું પ્લેટફોર્મ પૂરવાર થશે.

ગુજરાતે સર કરેલાં સીમાચિહ્નો, વર્તમાન વિકાસયાત્રા અને સિદ્ધિઓની વિગતો આપતાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના ડ્રીમ પ્રોજેક્ટ સમાન ગિફ્ટ સિટી, ગ્રીન મોબિલિટી પર આધારિત ધોલેરા - સર - સ્માર્ટ સિટી પ્રોજેક્ટ રાજ્યના અવિરત વિકાસનો મજબૂત પાયો બનવા તરફ આગળ વધી રહ્યા છે, જે આવનારા દિવસોમાં વાઈબ્રન્ટ ફાઇનાન્સિયલ ઑપરેશન્સ, આર્થિક ગતિવિધિઓનું કેન્દ્ર બિંદુ બનવાનું છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. માંડલ-બેચરાજી સર ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ હબ બની રહ્યું છે. સુરતના ખજોદ સ્થિત ડ્રીમ સિટીમાં ડાયમંડ બુર્સ ૫,૫૦૦ હીરા ઉદ્યોગકારો-વ્યાપારીઓના સમૂહ દ્વારા નિર્માણ પામેલ વિશ્વનું સૌપ્રથમ કોમર્શિયલ ઑફિસ બિલ્ડીંગ બનશે.

ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના ઉદ્યોગકારોને સરકારે ગુજરાતમાં વ્યવસાય અને રોકાણની પ્રોત્સાહક તકો પૂરી પાડવામાં કોઈ કસર છોડી નથી, જેના પરિણામે ગુજરાત રોકાણકારો માટે વર્ષોથી પસંદગીનું આગવું સ્થળ- ‘બેસ્ટ ડેસ્ટિનેશન ઓફ ઈન્વેસ્ટમેન્ટ’ તરીકે ઊભર્યું છે. રાજ્યમાં બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પૉલિસી ડ્રિવન એપ્રોચ, સસ્ટેઇનેબલ ડેવલપમૅન્ટનો અભિગમ અને રોકાણકારો માટેની પ્રોત્સાહક નીતિ, સિંગલ વિન્ડો સિસ્ટિમના કારણે ગુજરાત રોકાણકારો

માટે સ્વર્ગ સમાન બન્યું છે. તાજેતરમાં વડાપ્રધાનશ્રીના પ્રયાસોના કારણે અમેરિકન સેમિકન્ડકટર જાયન્ટ કંપની માઇક્રોન દ્વારા સાણંદ ખાતે સેમિકન્ડકટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ ફેસિલિટી સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે.

જે પ્લાન્ટ સ્થાપવા માટે કોઈ પણ દેશને ૨ થી ૩ વર્ષ લાગે પરંતુ રાજ્ય અને કેન્દ્ર સરકારે સાથે મળી માત્ર પાંચ મહિનામાં જ જમીન ફાળવણી સહિત તમામ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી. આ પ્લાન્ટ સ્થાપવા માટે માઇક્રોન સાથેના એમ.ઓ.યુ.ના કારણે ગુજરાત સેમિકન્ડકટર બનાવતું દેશનું પ્રથમ રાજ્ય બનશે, જેના કારણે હજારો યુવાઓ માટે નોકરીઓનું સર્જન થશે.

રાજ્યમાં તેજ ગતિએ થઈ રહેલા ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસની વિગતો આપતાં મંત્રી શ્રી સંઘવીએ જણાવ્યું કે, દિલ્હી-મુંબઈ ફ્રેઈટ કોરિડોર, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ, રિન્યૂએબલ એનર્જી, એરપોર્ટ કનેક્ટિવિટી જેવા અનેક ક્ષેત્રોમાં ઝડપી માળખાકીય નિર્માણ કાર્ય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં રાજ્ય સરકાર કરી રહી છે.

લેબ ગ્રોન ડાયમંડ ક્ષેત્રમાં રહેલી ઊજળી અને વિશાળ તકો વિશે તેમણે જણાવી ટેક્સ્ટાઇલ ક્ષેત્ર મોટી સંખ્યામાં રોજગારી પૂરી પાડતું સેકટર બન્યું છે, ત્યારે નવસારી જિલ્લામાં પીએમ-મિત્ર પાર્ક સાકારિત થવાથી હજારો યુવાનો માટે રોજગારીનું સર્જન થશે એમ ઉમેર્યું હતું.

B-૨૦ બેઠકના માધ્યમથી વ્યાપારના પ્રતિનિધિઓએ વિવિધ આર્થિક અને વ્યાપાર સંબંધિત વિષયો પર તેમનો દૃષ્ટિકોણ અને નીતિગત સૂચનો, મુદ્દાઓ રજૂ કર્યા હતા, જે વૈશ્વિક આર્થિક એજન્ડા અને વ્યવસાય નીતિઓને ઘડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સુરતમાં B-૨૦ બેઠકમાં ભાગ લેવા આવેલા તમામ મહેમાનો-ડેલિગેટ્સનું ઍરપોર્ટ અને હોટલ પર ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સ્વાગત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૩ આંતરરાષ્ટ્રીય મિલેટસ વર્ષ તરીકે વિશ્વભરમાં ઉજવાઈ રહ્યું હોવાથી સત્ર દરમિયાન વિદેશથી આવેલા તમામ મહાનુભાવોને આપવામાં આવનારા લંચમાં વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલા મિલેટ્સ, કઠોળ પણ પીરસવામાં આવ્યું હતું.

વૈશ્વિક વ્યવસાયો માટે નક્કી કરવામાં આવેલી પ્રાથમિકતાઓ પર ચર્ચા અંતર્ગત પ્રારંભિક સત્રના તજજ્ઞ વક્તાઓમાં CII ગુજરાતના ચેરમેન અને હિટાચી હાઈરેલ પાવર ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા પ્રા.લિ.ના મેને. ડિરેક્ટર શ્રી દર્શન શાહ, ગુજરાત CIIના પાસ્ટ ચેરમેન અને અનુપમ રસાયણ ઈન્ડિયા લિ.ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આનંદ દેસાઈ, શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ્સના બ્રાન્ડ કસ્ટોડિયન શ્રી શ્રેયાંસ ધોળકિયા, CII ગુજરાત સ્ટેટ કાઉન્સિલના વાઇસ ચેરમેન અને અરવિંદ લિ.ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી કુલીન લાલભાઈ, જેમોલોજિકલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અમેરિકાના એક્ઝિક્યૂટિવ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી ટોમ મોસેસે પોતાના પ્રેરક વિચારો રજૂ કર્યા હતા. G૭ અને G-૨૦ રિસર્ચ ગ્રૂપ્સના ડાયરેક્ટર ઓફ અકાઉન્ટેબિલિટી ડૉ. એલા કોકોત્સિસ વર્ચ્યુઅલ માધ્યમથી સમિટમાં જોડાઈને ઉદબોધન કર્યું હતું.

## B-20 : પ્રથમ પ્લેનરી સેશન

B-૨૦ મિટિંગના પ્રથમ પ્લેનરી સેશન (‘ગ્લોબલ વેલ્યૂ ચેઈન માટે ડાયમંડ, ટેક્સ્ટાઇલ અને કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ) બાદ રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદરે ‘ગુજરાતના ઉદ્યોગો વૈશ્વિક સ્પર્ધા માટે સક્ષમ બન્યા છે’ એ વિષય વિશેષ સંબોધન કર્યું હતું.










ટાટા કેમિકલ્સ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી ઝરીર લંગરાનાની અધ્યક્ષતામાં પેનલ ચર્ચા યોજાઈ હતી, જેમાં પેનલના સભ્યોમાં ડૉ. વેંકટચલમ અંબુમોઝી (ડિરેક્ટર ઓફ રિસર્ચ સ્ટ્રેટેજી એન્ડ ઈનોવેશન, ઈકોનોમિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ફોર આસિયાન એન્ડ ઈસ્ટ એશિયા (એરિયા-ERIA); શ્રી રાજેન ઉદેશી (રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના પોલિએસ્ટર ચેઈનના પ્રમુખ) શ્રી નરેશ પટેલ(વાઈસ ચેરમેન, CII સધર્ન ગુજરાત ઝોનલ કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ ચેરમેન અને એમડી, અમી ઓર્ગેનિક્સ લિ.), શ્રી વિપુલ શાહ (ચેરમેન, ધ જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ) અને શ્રી કુલીન લાલભાઈ (CII ગુજરાત સ્ટેટ કાઉન્સિલના વાઈસ ચેરમેન અને અરવિંદ લિ.ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર) B-૨૦ ચર્ચાસત્રમાં જોડાયા હતા.

## આર્થિક સશક્તીકરણ માટે વિચાર મંથન

B-૨૦ મિટિંગના પ્લેનરી સેશન-૨માં 'વધુ સમાવિષ્ટ ભવિષ્યનું નિર્માણ: આર્થિક સશક્તીકરણ માટે નાણાકીય સમાવેશને આગળ વધારવો' વિષય પર તજજ્ઞોએ વિચારમંથન કર્યું હતું. જેમાં ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ અને એડલવાઈસ ફાઈનાન્સિયલ સર્વિસના મેનેજિંગ ડિરેક્ટર અને હેડ શ્રી ગોપાલ અગ્રવાલની અધ્યક્ષતામાં પેનલ ચર્ચા યોજાઈ હતી, જેમાં પંચાયત, ગ્રામ વિકાસ, ગ્રામીણ આવાસ વિભાગના અગ્ર સચિવ શ્રી મોના ખંધાર, નિપ્પોન લાઈફ ઇન્ડિયા એસેટ મૅનેજમૅન્ટ લિ.ના એક્ઝિક્યુટ ડિરેક્ટર અને સીઈઓ શ્રી સંદીપ સિક્કા, નૅશનલ સ્ટોક એક્સચેન્જના મેનેજિંગ ડિરેક્ટર અને સી.ઈ.ઓ. શ્રી આશિષકુમાર ચૌહાણ અને એનજે ગ્રૂપ ઓફ કંપનીઝના કો-ફાઉન્ડર અને જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર શ્રી નિરજ ચોકસી ચર્ચામાં જોડાયા હતા. સાથોસાથ, આ પેનલ દ્વારા પેનલ ડિસ્કશન અન્વયે 'વર્ષ ૨૦૩૦માં દેશમાં હીરા ઉદ્યોગનું ભવિષ્ય અને નાણાકીય રોકાણ થકી આર્થિક સશક્તીકરણ' વિષય પર સમૂહ ચર્ચા કરવામાં આવી હતી.

## B-20 શું છે?

બિઝનેસ-૨૦ (B-૨૦) એ વૈશ્વિક વ્યાપાર સંગઠનની સાથે G-૨૦નું અધિકૃત સંવાદ મંચ છે, જે આર્થિક અને વ્યાપારિક અમલીકરણ માટેના મુદ્દાઓ અંગે વૈશ્વિક બિઝનેસ લીડર્સને તેમના વિચારો માટે પ્રેરિત કરવા અંગેની પ્રક્રિયાનું નેતૃત્વ કરે છે. તેમજ, G-૨૦ વ્યાપાર સંગઠન માટેની કાર્યનીતિ તૈયાર કરે છે. G-૨૦ના મહત્ત્વપૂર્ણ એન્ગેજમેન્ટ ગ્રૂપ B-૨૦ની સ્થાપના વર્ષ ૨૦૧૦માં કરવામાં આવી હતી. B-૨૦ સ્ટ્રેટેજિક વિઝનને સાકાર કરવાના ઉદેશથી નિર્ધારિત થયેલી ઔદ્યોગિક પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેથી કાર્યક્ષમ નીતિસૂચનો અને અમલીકરણમાં તેને રૂપાંતરિત કરી શકાય. ●

### વડોદરામાં G-૨૦ અને L-૨૦ અંતર્ગત

# કૌશલ્ય વિકાસ અને સ્ત્રી સશક્તીકરણ સંદર્ભે રાજ્ય કક્ષાનો સેમિનાર સંપન્ન



સ્ત્રી સશક્તીકરણ અંગેની જાગૃતિ તેમજ યુવાઓને સ્કિલબેઝ સ્થાનિક રોજગારી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

G-૨૦ અંતર્ગત દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તે અંતર્ગત, તાજેતરમાં વડોદરા ખાતે G-૨૦ અને L-૨૦ અંતર્ગત કૌશલ્ય વિકાસ અને સ્ત્રી સશક્તીકરણ સંદર્ભે રાજ્ય કક્ષાનો સેમિનાર શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ સેમિનારમાં શ્રમ અને રોજગાર સંલગ્ન કૌશલ્ય વિકાસ અને સ્ત્રી સશક્તીકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ગુજરાતમાં કૌશલ્યવાન રોજગારીની વ્યવસ્થાઓ રાજ્ય સરકાર દ્વારા ઊભી કરવામાં આવી રહી છે. ગુજરાત વિકાસનું મોડેલ રાજ્ય છે. તો, વડોદરા શિક્ષણ નગરી, સંસ્કારી નગરી તેમજ ઉદ્યોગ ક્ષેત્રમાં ક્રાંતિકારી નગરી છે. મહિલાઓ અને દીકરીઓના સશક્તીકરણ અંગેની જાગૃતિ સાથે માહિતી મળે અને રાજ્ય સરકારની યોજનાઓ થકી તેઓને સુવિધાઓ મળે તે હેતુથી આઈ.ટી.આઈ. તેમજ કૌશલ્યવર્ધનના અભ્યાસક્રમો થકી પોતાની સ્કિલ ડેવલપ કરીને સરકાર અને કંપનીના સહયોગ વડે તેઓને સ્થાનિક કક્ષાએ રોજગારી મળે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, આપણો દેશ વિશ્વમાં સૌથી વધુ યુવાધન ધરાવતો દેશ છે. આ યુવાશક્તિને દેશના વિકાસમાં જોડવામાં આવે તો ભારત વિશ્વમાં ઝડપથી પાંચમા સૌથી મોટા અર્થતંત્રથી ત્રીજા મોટા અર્થતંત્ર બનવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત, ઉદ્યોગ જગતનો વિકાસ થાય તે માટે ઔદ્યોગિક શ્રમિકોના પ્રશ્નો અને માંગણીઓનું ચિંતન કરીને તેનું સુખદ સમાધાન લાવીને ઉદ્યોગોને પણ બળ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમમાં એમ. એસ. યુનિવર્સિટીના ડીન ડૉ. ભાવના મહેતા, L-૨૦ના અધ્યક્ષ શ્રી હિરણ્મય પંડ્યા, ઇસ્કોન મંદિરના સ્વામી ચૈતન્ય ચંદ્રદાસ તેમજ વડોદરા જિલ્લા મજદૂર સંઘના સભ્યો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## એકતાનગરમાં TIWG બેઠક

# વૈશ્વિક વેપાર અને રોકાણના મુદ્દાઓ પર થયું ફળદાયી ચિંતન



ભારતના નેતૃત્વમાં યોજાઈ રહેલા G-૨૦ સંમેલનથી દેશમાં ઉત્સાહનો માહોલ છે. એમાં પણ ગુજરાત માટે વિશેષ ગૌરવની વાત છે કે, ગુજરાત G-૨૦ અંતર્ગતની અનેક બેઠકોની યજમાની કરી રહ્યું છે. તાજેતરમાં એકતાનગર, કેવડિયા ખાતે ત્રીજી ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમૅન્ટ વર્કિંગ ગ્રૂપ (TIWG)ની બેઠક યોજાઈ હતી. ત્રણ દિવસીય યોજાયેલી TIWG બેઠકમાં G-૨૦ સભ્ય દેશો, આમંત્રિત દેશો, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના ૭૫થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેમાં G-૨૦ પ્રતિનિધિઓએ વૈશ્વિક વેપાર અને રોકાણના મુદ્દાઓ પર એક્શન-ઓરિએન્ટેડ કી ડિલિવરેબલ્સ અંગે વિચાર-વિમર્શ કર્યો હતો.

TIWG બેઠકના પ્રથમ દિવસે, ટ્રેડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પરના સેમિનારમાં વૈશ્વિક મૂલ્ય શ્રૃંખલા (જીવીસી) અને MSMEs ગોઈંગ ગ્લોબલ: ઇન્ટિગ્રેશન વિથ GVCsમાં લોજિસ્ટિક્સની ભૂમિકા વિશે ચર્ચા કરવામાં આવી હતી. ત્યાર બાદ રાજ્યના ઉદ્યોગ, લઘુ તથા સૂક્ષ્મ મધ્યમ ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત ગુજરાત સરકાર વતી વિદેશી ડેલિગેટ્સ સાથે ગાલા ડિનર માટે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, G-૨૦ની સમગ્ર ભારતમાં ૧૭ જેટલી મિટિંગ આયોજિત કરવામાં આવી છે. દેશ-વિદેશના ડેલિગેટ્સને ગુજરાતમાં આવકારીએ છીએ. ગુજરાતમાં આયોજિત બેઠકો પૈકીની આ ચોથી બેઠકો છે. ગુજરાત પ્રગતિશીલ રાજ્ય છે. તેના વિકાસને નજરે નિહાળી વિદેશી ડેલિગેટ્સ અભિભૂત થયા હતા અને પ્રસંશા કરી હતી. ગુજરાત વિકાસનું મોડેલ બન્યું છે તેને સૌ રાજ્યો અનુસરે છે. ગુજરાતની મોડેલ રાજ્ય તરીકેની પહેલ વિશ્વમાં પણ આગવી ઓળખ ધરાવે છે. ગુજરાત ૧૬૦૦ કિ.મિ. લાંબો દરિયાકિનારો ધરાવે છે, ત્યારે બંદરોનો વિકાસ કરી આયાત-નિકાસને વધારવા સાથે પ્રવાસનને પણ વધુ વેગ આપી શકાશે.

મંત્રીશ્રીએ વિવિધ દેશોના ડેલિગેટ્સ સાથે મુલાકાત કરીને G-૨૦ સમિટ વિશે ચર્ચાઓ કરી હતી. ગુજરાતી કલાકારો દ્વારા રાત્રે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરાયો હતો. ડેલિગેટ્સે 'શ્રી અન્ન' ભારતીય પરંપરાગત આહારનો લ્હાવો માણ્યો હતો.

ત્રીજી TIWG બેઠકના પ્રથમ દિવસે કેન્દ્રીય વાણિજ્ય વિભાગના સચિવ શ્રી સુનિલ બર્થવાલે જણાવ્યું હતું કે, એક મજબૂત ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને (MSMEs) ગ્લોબલ વેલ્યૂ ચેઈન્સ (GVCs) સાથે એકિકૃત કરવાની જરૂર છે. MSMEs વૈશ્વિક GDPમાં લગભગ ૫૦% યોગદાન આપે છે, તેથી વિશ્વ માટે MSMEs ને GVCs સાથે અસરકારક રીતે જોડવા માટે સામૂહિક રીતે કાર્યક્ષમ ઇકોસિસ્ટિમનું નિર્માણ કરવું આવશ્યક છે. વિશ્વ ભારતમાં રોકાણ કરવા માંગે છે અને ભારતની G૨૦ પ્રેસિડન્સી વેપાર કોરિડોરને મજબૂત બનાવવામાં મદદ કરશે. તેમણે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતે બનાવેલા ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો, જેનાથી દૂરના ખૂણેથી સમૂદાયોને સક્ષમ બનાવવામાં આવ્યા હતા. દેશ વૈશ્વિક







પ્લેટફોર્મ પર તેમના અનન્ય ઉત્પાદનોનું પ્રદર્શન કરે છે અને બદલામાં મૂલ્યની પ્રશંસા પ્રાપ્ત કરે છે.

આ પ્રસંગે ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદર, ઉદ્યોગ વિભાગના ઉદ્યોગ કમિશનર શ્રી કુલદીપ આર્ય, કેન્દ્ર-રાજ્ય સરકારના સચિવશ્રીઓ, જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### G-20 ડેલિગેશને નર્મદા ડેમની મુલાકાત લીધી

G-૨૦ સમિટમાં દેશ-વિદેશથી આવેલા ડેલિગેટ્સ જીવાદોરી સમાન નર્મદા ડેમનો નજારો નિહાળી ડેલિગેટ્સ અત્યંત પ્રભાવિત થયા હતા. ડેમસાઇટ પરથી ડેલિગેટ્સને મા નર્મદાનાં દર્શન કરવાનો લ્હાવો મળ્યો હતો અને તેઓએ સાતપુડા-વિંધ્યાચલની ગિરીમાળા, પ્રાકૃતિક સૌંદર્ય, જંગલની વનરાજી અને સરદાર સાહેબની વિરાટ પ્રતિમાનાં દર્શન કર્યાં હતાં. આ સાથે, G-૨૦ બિઝનેસ સમિટને અનુલક્ષીને ધ ફર્ન હોટલના પ્રાંગણમાં ભારતીય પરંપરાગત આહાર 'શ્રી અન્ન', વિવિધ પ્રકારના મરી-મસાલા સહિત ચા-કોફીના સ્ટોલ્સ ઊભા કરીને વિદેશી ડેલિગેટ્સ સમક્ષ પ્રસ્તુત કરી વિવિધ પ્રકારની 'વાઇડ વેરાયટી' ને વિશ્વના દેશો સુધી પહોંચાડવાનો એક આયોજનબદ્ધ પ્રયાસ 'ઉદ્યોગ મંત્રાલય - ટીમ ગુજરાત' દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રદર્શનમાં એગ્રિકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઑથોરિટી (APEDA) દ્વારા ભારતીય પરંપરાગત આહાર 'શ્રી અન્ન' નો સ્ટોલ ઊભો કરાયો હતો. બાજરી, જુવાર, રાગી સહિતના ધાન્યમાંથી તૈયાર કરાયેલું શરબત વિદેશી મહેમાનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.







### કોટવાલિયા સમાજની વાંસકલાથી પ્રભાવિત થતાં ડેલિગેટ્સ

ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના હાથાકુંડી ગામના આદિમજૂથમાં સમાવિષ્ટ કોટવાલિયા સમાજના લોકો વાંસની વિવિધ કલાકૃતિ બનાવવામાં નિપુણતા ધરાવે છે. તેઓ વેસ્ટમાંથી બેસ્ટ બનાવીને 'વોકલ ફોર લોકલ'નો મંત્ર સાકાર કરી રહ્યા છે. હાથાકુંડી ગામના એવા જ એક કલાકસબી શ્રી વજીરભાઈ કોટવાલિયા પોતાના સમાજની વાંસ કળાને જીવંત રાખવા અને વિકસાવવા માટે પ્રયત્નશીલ છે.

એકતાનગર ખાતે યોજાઈ રહેલી સમિટમાં ઊભા કરાયેલા સ્ટોલમાં શ્રી વજીરભાઈ કોટવાલિયાએ પોતાની વાંસની કલાકૃતિ, હોટલના પ્રાંગણમાં પ્રસ્તુત કરી વિદેશી મહેમાનો સમક્ષ ગુજરાતની વાંસ-કલાનો પરિચય કરાવ્યો હતો. કોટવાલિયા સમાજના લોકો વાંસની કલાકૃતિ બનાવવામાં વર્ષોથી નિપુણતા અને કારીગરી ધરાવે છે તેમના કૌશલ્યને એકતાનગર ખાતે પધારેલા વિદેશી મહેમાનોએ બિરદાવી હતી.

શ્રી વજીરભાઈ કોટવાલિયાએ મર્યાદિત સંસાધનો સાથે પોતાના સમૂદાયના ૫૦ સભ્યોને વાંસકલાના વ્યવસાયમાં જોડ્યા છે. સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી વિવિધ મેળા અને પ્રદર્શનમાં સહભાગી થઈને હાથ બનાવટની વાંસકલાની વસ્તુઓ સ્ટોલ મારફતે વેચીને તેઓ આત્મનિર્ભર તેઓ બન્યા છે.

આ અંગે શ્રી વજીરભાઈએ કહ્યું હતું કે, કોટવાલિયા સમાજના પ્રતિનિધિ તરીકે છેલ્લાં ૨૫ વર્ષથી વાંસ કામ કરું છું. કોટવાલિયા સમાજના પ્રતિનિધિ તરીકે રાષ્ટ્રપતિ ભવનમાં જવા માટે મારી પસંદગી કરવામાં આવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથેના જૂના સંસ્મરણો તેમણે વાગોળ્યા હતાં. શ્રી વજીરભાઈ કોટવાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે, હાથાકુંડી ગામમાં જ વાંસની જીવન જરૂરિયાતવાળી ચીજવસ્તુ બનાવવાની કામગીરીથી સમગ્ર ગ્રામજનોને રોજગાર મળી રહે છે. અંદાજે ૭૦-૮૦ કુટુંબના ૭૦૦થી વધુ મહિલા-પુરુષો વાંસકલાથી ઘર આંગણે જ રોજગારી મેળવી રહ્યા છે.

આમ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ'ના સૂત્રને ચરિતાર્થ કરતા તેમજ ODOP(વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ)ના સંકલ્પને પણ આગળ ધપાવી રહ્યાં છે. ●

## ગુજરાતના ઔદ્યોગિક વિકાસની ઐતિહાસિક ક્ષણ: ટેક્સટાઈલ ક્ષેત્રમાં નવી ક્રાંતિના મંડાણ

# નવસારીના વાંસીબોરસી ખાતે પી.એમ. મિત્ર પાર્કનું નિર્માણ થશે




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ 'પી.એમ. મિત્ર (મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્ષટાઈલ રિજિયન એન્ડ એપેરલ-PM MITRA) પાર્ક' દેશના સાત રાજ્યોમાં સ્થપાશે, જેના ભાગરૂપે ગુજરાતના નવસારીના વાંસીબોરસી ખાતે ૧૧૪૧ એકરમાં પી.એમ. મિત્ર પાર્કના નિર્માણ માટે સુરત ખાતે રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે એમ.ઓ.યુ. થયા હતાં. આ ઐતિહાસિક ઘડીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય ઉદ્યોગમંત્રી શ્રી પિયૂષ ગોયલની ઉપસ્થિતિમાં એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પાર્કમાં એક જ સ્થળે, એક જ છત્ર નીચે સ્પિનિંગ, વિવિંગ, પ્રોસેસિંગ/ડાઈંગ અને પ્રિન્ટિંગથી લઈને ગાર્મેન્ટ મેન્યૂફેક્ચરિંગ સુધીની ઈન્ટિગ્રેટેડ ટેક્સ્ટાઇ વેલ્યુ ચેઈન ઉભી થશે. વિશ્વ કક્ષાનું 'પ્લગ એન્ડ પ્લે' ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ થશે. અહીં, ટ્રેનિંગ, રિસર્ચ અને ઈનોવેશનનો ત્રિવેણી સંગમ સર્જાશે. આ પાર્ક ટેક્સ્ટાઈલ તંદુરસ્ત હરિફાઈને ઉત્તેજન આપી નિકાસને વેગ આપશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ મેગા ઈન્ટિગ્રેટેડ એપરલ પાર્કથી દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં રોજગારીની નવી તકોનું સર્જન કરવાની સાથે ગુજરાતના ટેક્સ્ટાઈલ ઉદ્યોગને વેગવંતો બનાવશે. વિકાસની તેજ ગતિથી પીએમ મિત્ર પાર્ક 'આત્મનિર્ભર ભારત માટે આત્મનિર્ભર ગુજરાત'નું નવું સીમાચિહ્ન સર કરશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત કાપડ ઉત્પાદન અને વ્યાપારના મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે અને દુનિયાભરમાં 'પૂર્વનું માન્ચેસ્ટર', 'ટેક્સ્ટાઈલ સ્ટેટ ઑફ ઈન્ડિયા' અને 'ભારતનું ડેનિમ કેપિટલ' તરીકેની આગવી નામના ધરાવે છે. ગુજરાતની કાપડ ઉદ્યોગની સિદ્ધિઓ વર્ણવતા તેમણે જણાવ્યું હતું કે ગુજરાત દેશની ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝની કુલ નિકાસમાં બીજું સ્થાન ધરાવે છે. દેશભરના ડેનિમ કાપડનું ૬૦ થી ૭૦ ટકા ઉત્પાદન એકલું ગુજરાત કરે છે, જે સમગ્ર દેશમાં પ્રથમ અને વિશ્વમાં ત્રીજા સ્થાને છે. ઉપરાંત, કપાસનું ૩૭ ટકા ઉત્પાદન ગુજરાત કરે છે, દેશમાંથી થતી નિકાસમાં ૬૦ ટકા ફાળો આપે છે. દેશના કુલ મેન મેડ કોટન ફાઈબર ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૫ ટકા છે, જ્યારે સિન્થેટીક ફાઈબરના ઉત્પાદનમાં સૌથી મોટો ફાળો આપતા રાજ્ય તરીકે વુવન ફાઈબર ઉત્પાદનમાં ૩૦ ટકા ફાળા સાથે અગ્રસ્થાને છે.

આ પ્રસંગે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી શ્રી પિયૂષ ગોયલે જણાવ્યું હતું કે, PM મિત્ર પાર્ક એક આગવું ઔદ્યોગિક મોડેલ બનશે, જ્યાં કેન્દ્ર અને રાજ્ય સરકારો કાપડ ઉદ્યોગમાં રોકાણ વધારવા, નવીનતાને પ્રોત્સાહન આપવા, રોજગારીની તકો ઊભી કરવા, ભારતને કાપડ ઉત્પાદન અને નિકાસ માટે વૈશ્વિક હબ બનાવવા માટે સાથે મળીને કામ કરશે.

ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે વધુમાં જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત સતત પ્રગતિના પથ પર આગળ વધી રહ્યું છે. પર્યાવરણની જાળવણી સાથે રોજગાર સર્જનમાં અગ્રેસર ગુજરાતમાં રોકાણકારોને આવકારી ૧૦૦ દિવસનો લક્ષ્યાંક નક્કી કરતા અનેક એમ.ઓ.યુ. કરીને સ્થાનિક ઉદ્યોગકારોને પણ બળ પૂરું પાડ્યું છે.

આ પ્રસંગે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી શ્રી દર્શનાબહેન જરદોશ, સાંસદ સર્વ શ્રી સી.આર.પાટીલ, કે.સી. પટેલ, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, ઉદ્યોગ વિભાગના સચિવ શ્રી એસ.જે.હૈદર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, GIDCના ઉપાધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી ડો.રાહુલ ગુપ્તા, મેયર શ્રી હેમાલીબેન બોઘાવાલા સહિત ધારાસભ્યશ્રીઓ, GIDC ના અધિકારીઓ, કાપડ ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. ●



## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો નવતર અભિગમ

# પ્રજા સાથે, પ્રજા વચ્ચે અને પ્રજા માટે સંવાદ

વિશ્વને એકાત્મ માનવવાદનો વિચાર આપનાર પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભારતના વિકાસ માટે વિકેન્દ્રીય વ્યવસ્થાના પક્ષધર હતા. તેમણે સમાજના અંત્યોદય એટલે કે સમાજના અંતિમ નાગરિકોના ઉત્થાન માટે કાર્ય કરવાની પ્રેરણા આપી હતી. પંડિત દીનદયાલ ઉપાધ્યાયે આપેલા વિચારને મૂર્તિમંત કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. રાજ્ય સરકાર સમાજના ગરીબ, વંચિત અને શોષિત વર્ગને ધ્યાનમાં રાખીને વિકાસ યોજનાઓ તૈયાર કરે છે. જેનાં સુફળ રાજ્યમાં થયેલા સામાજિક વિકાસકાર્યોમાં જોવા મળે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના સફળ અમલીકરણ દ્વારા દેશભરના છેવાડાના માનવીઓનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. વડાપ્રધાન શ્રી મોદીએ દેશમાં ગરીબોની સમસ્યાઓનો ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો છે.

રાજ્યના મૃદુ, મિતભાષી અને મક્કમ મુખ્યમંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જનમાનસમાં આગવી લોકચાહના મેળવી રહ્યા છે. સહજ, સરળ અને સાલસ વ્યક્તિત્વ સાથે મુખ્યમંત્રીશ્રીએ તેમની સમક્ષ રજૂ થતી રજૂઆતો, નાગરિક-ફરિયાદો, લોક-સમસ્યાઓનું ત્વરિતપણે નિવારણ લાવવા માટે તેમણે મુખ્યમંત્રીશ્રી નહીં પરંતુ 'આપણા ભૂપેન્દ્રભાઈ'ની ઓળખ ઊભી કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાની આવી જ સહજ, સરળતાનો વધુ એક પરિચય આપતાં છેક ગ્રામીણ સ્તરના પાયાના કર્મયોગીઓ અને આદિજાતિ વિસ્તારના ગ્રામજનો સાથે બેસીને સંવાદ સાધી-લોકસંપર્કનો નવતર અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અભિગમ અન્વયે



**જનનાયક જનતાની વચ્ચે**

**દુર્ગમ આદિજાતિ વિસ્તારનાં જાવલી, ડાબરીઆંબા, ગંગથા અને તોરંદાના ગ્રામજનો સાથે આત્મીય સંવાદ કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

આકાંક્ષી(એસ્પિરેશનલ) એવા નર્મદા જિલ્લાના અંતરિયાળ વનબંધુ વિસ્તાર સાગબારા તાલુકાના જાવલી ગામની તાજેતરમાં મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, સાગબારા તાલુકાનું જાવલી ગામ મહારાષ્ટ્ર સરહદને અડીને આવેલું ગુજરાતનું પ્રથમ ગામ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાવલી પહોંચીને ત્યાંના પાયાના કર્મયોગીઓ એવા ગ્રામસેવક, તલાટી, વી.સી.ઈ., શિક્ષકગણ તેમજ સસ્તા અનાજની દુકાન ધરાવનારા દુકાનદારો તથા આરોગ્યકર્મીઓ સાથે સંવાદ બેઠક યોજી હતી.

તેમણે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, આંગણવાડી-નંદઘર, ગ્રામ પંચાયતની મુલાકાત લઈને ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે, પરિસરમાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ હેઠળ સંચાલિત અત્યાધુનિક મોબાઈલ ડિજિટલ એક્સ-રે વાનની મુલાકાત લઈ આરોગ્ય અધિકારીઓ પાસેથી આ વાનની કાર્યપ્રણાલીની જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ટી.બી.ના એક દર્દીને ન્યુટ્રિશન કિટ અર્પણ કરી, તેમનાં ખબર-અંતર પૂછ્યાં હતાં તથા નિયમિત રીતે પોષણયુક્ત આહાર લઈને તબિયતની કાળજી લેવા અનુરોધ કર્યો હતો.

જાવલીના રહીશ શ્રી અરવિંદભાઈ અશોકભાઈ વસાવાના ઘરની મુલાકાત લઈને મુખ્યમંત્રીશ્રીએ તેમના પરિવારજનો સાથે સંવાદ કર્યો હતો અને સરકારી યોજનાઓ અને અન્ય સુવિધાઓ તેમને મળે છે કે કેમ તેમજ પાણી, આરોગ્ય અને શિક્ષણ જેવી પ્રાથમિક સુવિધાઓ અંગે જાણકારી મેળવી આત્મીયજન બની ગોષ્ઠિ કરી હતી.

ગ્રામજનો સાથેના વાર્તાલાપમાં મુખ્યમંત્રીશ્રીની સંવેદના જોવા મળતી હતી.



મુખ્યમંત્રીશ્રીએ જાવલીના મહિલા ગ્રામજન કલાવતીબહેન વળવીના ઘરની મુલાકાત લઈને બિપરજોય વાવાઝોડામાં ખેતી પાકોની સ્થિતિ અંગે વિગતો મેળવી હતી. કલાવતીબહેને બિપરજોય વાવાઝોડાથી ગામ અને ખેતી સુરક્ષિત રહ્યાં છે, તેમજ કોઈ નુકસાન વેઠવું પડ્યું ન હોવાનું જણાવી સરકારના આગોતરા આયોજનની પ્રશંસા કરી હતી.

ગ્રામજનોના ઘરની મુલાકાત લઈને મુખ્યમંત્રીશ્રીએ સ્વજન સહજ ભોજન કર્યું હતું, તેમજ ગ્રામજનો અને વિદ્યાર્થીઓ સાથે રાત્રિસભા યોજીને સંવાદ-ગોષ્ઠિ પણ કર્યાં હતાં.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં નવ વર્ષમાં ગુજરાત સહિત દેશભરના વંચિતો તેમજ વનબંધુઓના કલ્યાણ માટેના કાર્યક્રમોની સફળતા પણ આ આદિજાતિ ગ્રામજનો મુખ્યમંત્રીશ્રીએ વર્ણવી હતી.

સાગબારામાં સરકાર માન્ય સસ્તા અનાજની ૩૮ દુકાનો છે, તેના માધ્યમથી ૧૮,૦૨૫ એન.એફ.એસ.એ. કાર્ડધારક પરિવારોના ૮૯ હજાર જેટલા લોકો નિ:શુલ્ક અનાજ મેળવે છે, તેની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીએ જાણી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગામની શાળાની સુવિધાઓ, વાંચનાલય, આરોગ્ય કેન્દ્રમાં મળતી સેવાઓ તથા ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ અન્વયે પંચાયતઘરમાં ટેક્નોલોજીના ઉપયોગથી પ્રાપ્ત સેવાઓની વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જાવલીમાં હનુમાનજી મંદિરમાં સાંધ્ય આરતીમાં સહભાગી થયા હતા અને આ આદિજાતિ ગામમાં જ રાત્રિ રોકાણ કર્યુ હતું. જાવલીમાં કોઈ મુખ્યમંત્રી પ્રથમવાર ગ્રામજનો સાથે રાત્રિસભા-રાત્રિરોકાણ માટે આવ્યા હોવાથી ગામમાં ઉત્સવ અને ઉમંગનું વાતાવરણ સર્જાયું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાવલી ગામ ખાતે રાત્રિરોકાણ કર્યા બાદ બીજા

દિવસે સીધા જ ગામની આંગણવાડીમાં પગપાળા પહોંચી નાનાં ભૂલકાંઓ સાથે વાર્તાલાપ કરી આંગણવાડીનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે, તેમણે આંગણવાડીમાં બાળકોને આપવામાં આવતાં ભોજન-નાસ્તા અંગેની પણ વિગતો મેળવી હતી.

આંગણવાડીની મુલાકાત બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રાથમિક શાળાની કમ્પ્યૂટર લેબનું નિરીક્ષણ કરી બાળકોના કમ્પ્યૂટર અભ્યાસને પણ નજરે નિહાળ્યો હતો. આ વેળાએ બાળકોને જ્ઞાન સાથે ગમ્મત પીરસીને શિક્ષકો દ્વારા કરાવવામાં આવતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની વિગતો મેળવીને તેમણે જરૂરી સૂચનો કર્યાં હતાં. બાળકોના ટૅક્નોલોજી સાથે લગાવને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા અને શાળામાં ઊભી કરવામાં આવેલી વિજ્ઞાન પ્રયોગશાળાની મુલાકાત લીધી હતી. બાળકો દ્વારા તારામંડળ, ગ્રહો અંગેના નિદર્શનને નજરે નિહાળી, તેમણે સામાન્ય જ્ઞાન અંગેના પ્રશ્નો બાળકોને પૂછ્યા હતા.







મુખ્યમંત્રીશ્રીએ સ્માર્ટ ક્લાસમાં બેન્ચ પર બેસીને એક વિદ્યાર્થીની જેમ સમગ્ર શિક્ષણ પ્રક્રિયાને નિહાળી હતી. બાદમાં સ્માર્ટ બોર્ડ પર સહી કરીને બાળકોને સ્માર્ટ ક્લાસ દ્વારા દેશ-વિદેશના જ્ઞાન સાથે તાદાત્મ્ય કેળવી નોલેજેબલ બનવા પ્રોત્સાહિત કરી રાજ્ય સરકારની બાળકોના સર્વાંગી વિકાસની પ્રતિબધ્ધતા દર્શાવી હતી. સાથે-સાથે શાળાની એસ.એમ.સી.(શાળા સંચાલન સમિતિ)ના સભ્યો સાથે બેઠક યોજીને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી જયેશભાઈ પટેલ અને સરપંચ શ્રી ચાંદભાઈ વસાવા પાસેથી ગામની તથા શાળાની માહિતી મેળવી હતી. સભ્યોને પોતાના બાળકોને નિયમિત શાળાએ મોકલવા અનુરોધ કર્યો હતો. શાળાના શિક્ષકો-વાલીઓ સાથે વાર્તાલાપ કરી બાળકો શિક્ષિત-દીક્ષિત બને તે માટે બન્ને પક્ષે સાથ-સહકારથી શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે પ્રયત્નો કરવા બેઠકમાં ચર્ચા કરી હતી.

શાળાની મુલાકાત બાદ પ્રાકૃતિક ખેતી કરતાં બે ખેડૂતોના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત કરીને ખેતીમાં પાક પદ્ધતિ, વાવેતર, ખેતરમાંથી થતી ઉપજ અંગેની વિગતો ખેડૂતો પાસેથી મેળવી હતી. બાદમાં રાષ્ટ્રીય કૃષિ યોજના (NFS) અંતર્ગત બે ખેડૂતોને ૪-૪ કિલોની તુવેરના બિયારણની કિટ અર્પણ કરી હતી.

ખેતરની મુલાકાત બાદ શાળાના પ્રાંગણમાં સરગવાના છોડનું રોપણ કરી સામાજિક વનીકરણ વિભાગના અધિકારીઓ પાસેથી વનીકરણ અંગેની વિગતો મેળવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી કાર્યાલયના ખાસ ફરજ પરના અધિકારી અને માહિતી નિયામક શ્રી ધીરજભાઈ પારેખ, જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા, જિલ્લા પોલીસવડા શ્રી પ્રશાંત સુંબે, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી રોહિદાસ વસાવા સહિત સંબંધિત અધિકારીશ્રીઓ અને આગેવાનો જોડાયા હતા.

## તાપીના નાગરિકો સાથે સંવાદ

છેવાડાના માનવી સુધી વિકાસનાં સુફળ પહોંચાડવાની નેમ અને પ્રતિબદ્ધતા સાથે કાર્યરત લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નર્મદા જિલ્લાના જાવલીની મુલાકાત બાદ તાપી જિલ્લાની સરહદે આવેલા ડાબરીઆંબા ગામની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીના આગમનને લઈને ગ્રામજનોમાં ઉત્સાહ જોઈ શકાતો હતો.

મહારાષ્ટ્ર રાજ્યની સરહદે સાતપુડાના પર્વતોની હારમાળા વચ્ચે આવેલા કુકરમુંડા તાલુકાના ડાબરીઆંબા ગામે પહોંચીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગ્રામજનો, વહીવટી તંત્રના અધિકારીઓ અને સ્થાનિક પદાધિકારીઓ સાથે વિવિધ વિકાસકામો તથા ગ્રામીણ સરકારી સેવા સંસ્થાઓની જાત મુલાકાત લઈ કામગીરીનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ડાબરીઆંબા ગામે કાર્યરત દૂધ મંડળી, આંગણવાડી કેન્દ્ર સહિત પ્રાથમિક શાળાની મુલાકાત લઈ, ત્યાંની સુવિધાઓ અંગે વિગતવાર જાણકારી મેળવી હતી. તેમણે ડાબરીઆંબા એસ.એમ.સી. કમિટી સાથે સંવાદ સાધી શિક્ષણની સ્થિતિ અંગે સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ શાળામાં વધુ કોમ્પ્યૂટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા અંગે કમિટીની રજૂઆતનો સ્વીકાર કરી ટૂંક સમયમા સુવિધા આપવાનું આશ્વાસન આપ્યું હતું.

આ ઉપરાંત, ગ્રામવાસીઓને ગામમાં સરકારી યોજનાઓનો લાભ

દરેકને મળે છે કે કેમ? તે અંગે પણ મુખ્યમંત્રીશ્રીએ પૂછપરછ કરી હતી. ગ્રામજનોએ મુખ્યમંત્રીશ્રી સાથે સીધો સંવાદ કરી પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. જેને મુખ્યમંત્રીશ્રીએ શાંતિપૂર્વક સાંભળી, તાપી જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત અધિકારીશ્રીઓને જરૂરી માર્ગદર્શન સાથે વિશેષ સૂચનાઓ આપી હતી.



સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડાબરીઆંબા બાદ કુકરમુંડા તાલુકાના ગંગથા ગામની મુલાકાત લીધી હતી. આ દરમિયાન વડાપ્રધાનશ્રીના સપનાને સાકાર કરતાં 'પ્રધાનમંત્રી ટી.બી.મુક્ત ભારત અભિયાન' અંતર્ગત તાપીના જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સૂરજભાઈ વસાવા દ્વારા દત્તક લેવાયેલા ૨૬ જેટલા ટી.બી.ના દર્દીઓ પૈકી ઉપસ્થિત દર્દીને ન્યૂટ્રિશન કિટનું વિતરણ કર્યું હતું. તેમણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ આરોગ્યલક્ષી સુવિધાઓનો તાગ મેળવ્યો હતો. ગ્રામીણ આરોગ્ય કેન્દ્રમાં જરૂરી દવાનો પૂરતો જથ્થો, સાધનસામગ્રી, આરોગ્ય વિભાગનો સ્ટાફ જેવી બાબતોની સૂક્ષ્મ જાણકારી મેળવી, આરોગ્ય કેન્દ્રના તમામ વિભાગો અને તેમાં દાખલ દર્દીઓની પણ મુલાકાત લીધી હતી. દર્દીઓ સહિત સ્થાનિક નાગરિકો પાસેથી ઉપલબ્ધ સેવાઓ અંગેના અભિપ્રાય મેળવવા સાથે, તમામ ગ્રામજનો પાસે 'પી.એમ.-જન આરોગ્ય કાર્ડ' છે કે નહીં તે પણ સુનિશ્ચિત કર્યું હતું.

યુવાનોને રોજગારીની પૂરતી તકો મળે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. જેના ભાગરૂપે જિલ્લાઓમાં વિવિધ અદ્યતન કૉલેજોના માધ્યમ થકી યુવાઓને ભણવા અને કારકિર્દી બનાવવાની સમાન તક મળે તે માટે પ્રયાસ હાથ ધરાયા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૬ કરોડના ખર્ચે કુકરમુંડા તાલુકા ખાતે નિર્માણાધીન આઇ.ટી.આઇ.ની મુલાકાત લીધી હતી. તેમણે આઇ.ટી.આઇ.ના આચાર્યશ્રી સાથે ચર્ચા કરી, આ આઇ.ટી.આઇ.ના નિર્માણથી સ્થાનિક વિદ્યાર્થીઓને થનાર લાભ અંગે જાણકારી મેળવી હતી.

ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ કુકરમુંડા તાલુકાના અંતરિયાળ એવા



તોરંદા ગામની પણ મુલાકાત લીધી હતી. અહીં, તેમણે સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ નિર્માણ પામેલા અમૃત સરોવરને નિહાળ્યું હતું અને ગ્રામજનો, અગ્રણીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમજ અમૃત સરોવરના નિર્માણથી થનારા સંગ્રહિત પાણીથી મળનારા લાભો વિશે ચર્ચા કરી હતી. નોંધનીય છે કે, તોરંદા ખાતેના અમૃત સરોવરના નિર્માણથી ૧૫ હેક્ટર જમીનને પ્રત્યક્ષ રીતે સિંચાઈનો લાભ મળશે.

મુખ્યમંત્રીશ્રીએ આ ગામના પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત શ્રી વિશ્વાસભાઈ મગનભાઈ પાડવીના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લઈને તેમની પાસેથી પ્રાકૃતિક ખેતીના તેમના અનુભવો સાંભળ્યા હતા. વિશ્વાસભાઈએ બીજામૃત, જીવામૃત, નિમાસ્ત્ર અને દશપર્ણી અર્ક બનાવવાની પદ્ધતિ અને તેના ફાયદાઓથી મુખ્યમંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા. રસાયણમુક્ત ખેતી પસંદ કરી



અન્ય ખેડૂતોને પ્રેરિત કરવા બદલ મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસભાઈને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીના તાપી જિલ્લાના આ સમગ્ર પ્રવાસ દરમિયાન તેમના ફરજ પરના ખાસ અધિકારી શ્રી ધીરજભાઈ પારેખ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સૂરજભાઈ વસાવા, જિલ્લા કલેક્ટર ડૉ. વિપિન ગર્ગ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી. એન. શાહ, સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી ડી. આર. પટેલ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ સહભાગી થયા હતા. ●

## મોરંબા ગામની મહિલાઓએ મુખ્યમંત્રીશ્રીને કહ્યું "તુમ ચલે ગયે તો હમ સબ નારાજ હો ગયે થે"



ડાબરીઆંબાની મુલાકાત બાદ મુખ્યમંત્રીશ્રી મોરંબા ગામે દૂધમંડળી અને ગ્રામ પંચાયતની મુલાકાત લેવાના હતા. ડાબરીઆંબાથી નીકળતા પ્રથમ દૂધ મંડળી આવે, પરંતુ કાફલો દૂધ મંડળીએ ઊભો ન રહેતા સીધો ગ્રામ પંચાયતે પહોચ્યો હતો. તેથી ગ્રામલોકોને લાગ્યું કે મુખ્યમંત્રીશ્રી અહીં નહીં આવે. પરંતુ મુખ્યમંત્રીશ્રી પહેલા ગ્રામ પંચાયતે પહોચ્યા બાદ, દૂધ મંડળીએ આવી પહોચ્યા ત્યારે તેઓને આવકારવા માટે ઉપસ્થિત સભાસદોના જૂથમાંથી એક મહિલા સભાસદે સ્થાનિક બોલીમાં મુખ્યમંત્રીશ્રીને ભાવસભર રીતે કહ્યું કે, "તુમ ચલે ગયે તો હમ નારાજ હો ગયે થે" મુખ્યમંત્રીશ્રીને કદાચ આટલી આત્મીયતાથી આ રીતે કોઇ ગ્રામજને પહેલી વાર કહ્યું હશે, અને 'તુમ' કહીને કરાયેલું સંબોધન પણ કદાચ પહેલીવાર હશે. આ સાંભળી મુખ્યમંત્રીશ્રીના ચહેરા પર સ્મિત પ્રસરાયું હતું. મુખ્યમંત્રીશ્રીએ તેના જવાબમાં કહ્યુ કે, "મારી બહેનોને નારાજ થોડી કરી શકું ?" અને સ્થળ ઉપર ઉપસ્થિત સૌ આ વાક્ય સાંભળી હસી પડતા સમગ્ર માહોલ પારિવારિક અને આનંદમય બની ગયો હતો. ●

## "આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી અમારા નાનકડા ગામમા અમને મળવા આવ્યા..!"



ડાબરીઆંબા ગામે પ્રાથમિક શાળાના એસ.એમ.સી. સભ્યો સાથે મુખ્યમંત્રીશ્રી બેઠક યોજી ચર્ચા કરી રહ્યા હતા. જેમાં મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનોને ગામમાં કોઈ તકલીફ હોય તો જણાવો એમ પૂછતાં, એક વયોવૃદ્ધ નાગરિકે ખૂબ જ સરળતાથી કહ્યું, "અમે તો જીવનમાં પહેલી વાર જોયું કે, આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી અમારા નાનકડા ગામમા અમને મળવા આવ્યા..! અમને ખૂબ ખુશી થઇ. અમને અહીં કોઇ તકલીફ નથી. ફક્ત શાળામાં કમ્પ્યૂટર વધારે હોય તો બાળકોને સારું રહેશે." જેના જવાબમાં મુખ્યમંત્રીશ્રીએ આ બાબતનું આયોજન કરવા જિલ્લા પ્રાથમિક અધિકારીશ્રીને જરૂરી સૂચનો કર્યાં હતાં. ●

# મોરંબા ગ્રામ પંચાયતના ઇ-ગ્રામ સેન્ટરની મુલાકાત લેતા મુખ્યમંત્રીશ્રી



ગામડાઓને જીવંત અને ધબકતા રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ સેન્ટરોની યોજના લાગુ કરવામાં આવી છે. ત્યારે માળખાકિય સુવિધાઓથી સજ્જ ગામડું એ આધુનિક ભારતના સંકલ્પ સમાન છે. ત્યારે તાજેતરમાં મહારાષ્ટ્રને અડીને આવેલ તાપી જિલ્લા બોર્ડર વિલેજની મુલાકાતે પધારેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ મોરંબા ગ્રામ પંચાયતના ઇ-ગ્રામ સેન્ટરની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીશ્રીએ મોરંબા ગ્રામ પંચાયતના વી.સી.ઈ.શ્રી બિપીનભાઇ વલવી સાથે ઇ-ગ્રામ સેન્ટર દ્વારા અપવામાં આવતી સેવાઓ અંગે વિગતે ચર્ચા કરી હતી. જેમા ઇ-ગ્રામ સેન્ટરમાં ઉપલબ્ધ કઈ સેવાઓ અને નાગરિકોને મળતી સરકારી યોજનાઓના લાભ અંગે પૃચ્છા કરી હતી. ત્યારબાદ આ તમામ સુવિધાઓથી સજ્જ મોરંબા ઇ-ગ્રામ સેન્ટરથી તેઓ પ્રભાવિત થયા હતા અને અહીંના કર્મયોગીઓને અભિનંદન પણ પાઠવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, બોર્ડર વિલેજ હોવા છતાં તમામ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ મોરંબા ગામમાં ઉપલબ્ધ છે.

વી.સી.ઈ. શ્રી બિપીનભાઇ વલવીએ મુખ્યમંત્રીશ્રીને ઇ-ગ્રામની સેવા બાબતે જણાવ્યું હતું કે મોરંબા ઇ-ગ્રામ સેન્ટરમાંથી આધાર કાર્ડ, પીએમ-જય કાર્ડ, ઇ-શ્રમ કાર્ડ, જી.ઇ.બી. બિલ કલેકશનની સુવિધા પૂરી પાડવામાં આપે છે. આ ઉપરાંત, મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલા પડોશી ગામના નાગરિકો પણ મોરંબા ગામમાં જરૂરી સેવાઓને લાભ લેવા આવે છે. આ વાત સાંભળતા જ મુખ્યમંત્રીશ્રીએ આનંદની લાગણી અનુભવી હતી કે પડોશી રાજ્યને પણ ગુજરાતની સેવાઓનો લાભ મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, મોરંબા ઇ-ગ્રામ સેન્ટરમાંથી ડિજિટલ સેવાસેતુ (ડીએસએસ) અંતર્ગત ૪૧ જેટલી સેવા આપવામાં આવે છે. આદિજાતિ વિસ્તારના પ્રત્યેક માનવીનું જીવન ધોરણનું સ્તર ઉપર આવે, જીવનશૈલીમાં સકારાત્મક પરિવર્તન આવે તેવા ઉમદા આશય સાથે રાજ્ય સરકાર જિલ્લાના છેવાડાના ગામોને અગ્રતા આપીને વિકાસની મુખ્યધારામાં લાવીને વિકાસની આ સફરમાં સાથે આગળ વધવાનો નિશ્ચય કર્યો છે. ત્યારે તાપી જિલ્લાના છેવાડાના નહિં પરતું પહેલા કહેવાતા ગામડાઓમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આ સફર સફળ રહીં હોય એવું કહેવું સાર્થક છે. ●

# સાબરમતી નદીમાં રિવરફ્રન્ટ ક્રૂઝ રેસ્ટોરન્ટનો પ્રારંભ

અમદાવાદના નાગરિકોની સહેલગાહ માટે સાબરમતી રિવરફ્રન્ટમાં વધુ એક નજરાણું ઉમેરાયું છે. હવે નાગરિકો ક્રૂઝમાં બેસીને જમવાની સાથે-સાથે રિવરફ્રન્ટની મજા માણી શકશે. છેલ્લાં કેટલાંક વર્ષોથી અમદાવાદને લિવેબલ અને લવેબલ બનાવવા માટે એક પછી એક પ્રકલ્પોનો આરંભ કરવામાં આવી રહ્યો છે. તેના ભાગરૂપે તાજેતરમાં સાબરમતી 'રિવર ક્રૂઝ'નું લોકાર્પણ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે કર્યું હતું. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તથા સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા. ●



# ભારતમાં પ્રથમ સહકારી સંસ્થા સંચાલિત સૈનિક સ્કૂલનું ખાતમુહૂર્ત







વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં વિકાસની રાજનીતિનો નવો ઇતિહાસ રચ્યો છે. વિકાસની આ રાજનીતિમાં રાષ્ટ્રહિત અને રાષ્ટ્ર રક્ષા સર્વોચ્ચ ગણીને રાષ્ટ્ર-સેવા માટે સજ્જ પેઢી તૈયાર કરવાની તેમની નેમ છે. ત્યારે વડાપ્રધાનશ્રીની નેમને પૂર્ણ કરવા મહેસાણા જિલ્લાના બોરિયાવીમાં સહકારી સંસ્થા દ્વારા સંચાલિત દેશની પ્રથમ સૈનિક સ્કૂલનું તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું.

ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત દૂધ સહકારી સંસ્થા દૂધસાગર ડેરીના પ્રણેતા મોતીભાઈ ચૌધરીના જન્મશતાબ્દી મહોત્સવ વર્ષના ઉપલક્ષ્યમાં આ સૈનિક સ્કૂલનું નિર્માણ કરવામાં આવશે. અંદાજે રૂ. ૭૫ કરોડના ખર્ચે ૧૧ એકર વિસ્તારમાં આકાર પામનારી આ સૈનિક સ્કૂલ પી.પી.પી. ધોરણે કાર્યરત થનારી દેશની ૨૦મી અને સહકારી સંસ્થા દ્વારા નિર્માણ પામનારી દેશની પ્રથમ સૈનિક સ્કૂલ બનશે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવ વર્ષના સુશાસનમાં સહકારી સંસ્થાઓ, સેવા સંગઠનો અને સેવાભાવી વ્યક્તિઓ સૌને દેશના વિકાસમાં જોતર્યાં છે અને ભારત વિકાસગતિથી આગળ વધી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી દેશમાં પી.પી.પી. ધોરણે ૧૦૦ સૈનિક સ્કૂલ સ્થપાવાની છે, તેમાંની ૨૦મી અને સહકારી સંસ્થા સંચાલિત પ્રથમ સૈનિક સ્કૂલનું ખાતમુહૂર્ત એ ગુજરાત માટે ગૌરવની ઘટના છે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે દૂધસાગર ડેરીના પ્રણેતા મોતીભાઈ ચૌધરીને યાદ કરતાં જણાવ્યું હતું કે, સાર્વજનિક જીવનમાં આદર્શ કાર્યકર્તા કેવો હોય તેનું ઉત્તમ ઉદાહરણ મોતીભાઈ ચૌધરી હતા. લોકપ્રતિનિધિએ સાદગી અને સરળ જીવનથી કેવી રીતે લોકસંપર્ક કરવો તેનું ઉત્તમ અને આદર્શ દૃષ્ટાંત મોતીભાઈ હતા.

સૈનિક સ્કૂલના ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સંરક્ષણ સાથે સહકારની આગવી પ્રણાલીના ધ્યેય સાથે દેશના વડાપ્રધાન શ્રી મોદી અને દેશના સહકાર મંત્રી શ્રી શાહના માર્ગદર્શનમાં ગુજરાત આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં સહકાર ક્ષેત્રે ૩૬૦ ડિગ્રી આમૂલ પરિવર્તન આવ્યું છે. દેશના વિકાસમાં બે લાખ ગ્રામીણ ડેરીઓને જોડી દૂધના વિકાસમાં પાંચ ગણો વધારો થાય એવા સંનિષ્ઠ પ્રયાસો થઈ રહ્યાં છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દૂધસાગર ડેરીએ શ્વેત ક્રાંતિ સાથે રક્ષા ક્રાંતિની આગવી પહેલ ઊભી કરી છે. સહકારી સંસ્થા દ્વારા સંચાલિત દેશની પ્રથમ સૈનિક સ્કૂલ ગુજરાતમાંથી રાષ્ટ્રને મળવાની છે. વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી ખેરવા, રાધનપુર, ખેરંચા અને સુરતના ઉમરપાડામાં સૈનિક સ્કૂલો શરૂ થઈ છે. રાજ્યમાં વધુ ૧૦ રક્ષાશક્તિ સ્કૂલો સામાજિક ભાગીદારીથી શરૂ કરવાની સરકારની નેમ છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓ, સામાજિક ન્યાય અધિકારિતાની શાળાઓ અને આદિજાતિ વિભાગની શાળાનાં બાળકો બાલાચડી સૈનિક સ્કૂલમાં પ્રવેશ પામે તો સરકાર દ્વારા વિના મૂલ્યે શિક્ષણ આપવામાં આવે છે.

આ પ્રસંગે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ સૈનિક સ્કુલથી રાષ્ટ્રભાવના પ્રબળ બનશે.

ઉદ્યોગમંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ બીજી સૈનિક સ્કૂલ નિર્માણ થવા જઈ રહી છે, જે ખરેખર સરાહનીય વાત છે. આ પ્રસંગે સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સંસદસભ્ય શ્રીમતી શારદાબહેન પટેલ, રાજ્યસભા સંસદસભ્ય શ્રી જુગલજી લોખંડવાલા, સંસદ સભ્ય શ્રી ભરતસિંહ ડાભી, ધારાસભ્ય સર્વશ્રી કિરીટભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, સરદારભાઈ ચૌધરી, સુખાજી ઠાકોર, કરશનભાઈ સોલંકી, જી.એસ.પટેલ, લક્ષ્મણજી ઠાકોર, ગ્રામજનો તેમજ સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# સુરતનાં શહેરી વિસ્તારને રૂ.૫૦૦ કરોડનાં વિકાસકાર્યોની ભેટ

શહેરો-નગરોનો સમગ્રતયા વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. લોકોનું જનજીવન સહજ અને સરળ બને તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈઝ ઓફ લિવિંગની કાર્યપ્રણાલી અપનાવી છે. સુરત શહેર આયોજનબધ્ધ રીતે આગળ વધતું અને ધબકતું શહેર છે. જે આયોજનબધ્ધ આગળ વધે છે, તેના વિકાસને કોઈ રોકી શકતું નથી. સુરત સતત આગળ વધતું શહેર છે. સૌથી વધુ ફલાય ઓવરબ્રિજના શહેર તરીકે જાણીતું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં સુરત મહાનગરપાલિકા, અર્બન રિંગ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, સુરત શહેરી વિકાસ સત્તામંડળ અને માર્ગ-મકાન વિભાગના રૂ.૫૦૨.૩૪ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કર્યું હતું.






સુરતને વિકાસકાર્યોની ભેટ આપવાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે વિકાસ છેવાડાના માનવી સુધી પહોચ્યો છે. ૧૯૯૫માં રાજ્યનું બજેટ ૧૨,૦૦૦ કરોડનું હતું. જે આજે વધીને ત્રણ લાખ કરોડે પહોચ્યું છે. રાજ્ય સરકાર નાગરિકોની સુખાકારી માટે સતત કાર્યરત છે. આજે રાજ્યના છેવાડાના માનવી સુધી રોડ-રસ્તા, આરોગ્ય સહિતની ઈન્ફ્રાસ્ટ્રકચર સવલતો પહોંચી છે. દેશ અને રાજયમાં માત્ર વિકાસ અને વિકાસની રાજનીતિ કોને કહેવાય તે દેશ-દુનિયાને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શીખવ્યું છે.

સુરત મનપાના વિવિધ ઝોન વિસ્તારમાં અંદાજિત રૂ. ૪૬.૧૦ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત અને અર્બન રિંગ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. (URDCL) દ્વારા પ્રથમ તબક્કામાં રૂ.૪૦૩ કરોડના ખર્ચે સુરત શહેરની ફરતે તૈયાર થયેલા રિંગરોડના તથા તાપી નદી પર વાલક ખાતેના બ્રિજનું લોકાર્પણ, સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) દ્વારા અંદાજિત રૂ.૩૩.૦૮ કરોડના ખર્ચે વિકાસકામો લોકાર્પણ-ખાતમુહૂર્ત તેમજ માર્ગ અને મકાન હસ્તકના રૂ.૨૦.૧૩ કરોડના ખર્ચે રાંદેરના રામનગર સ્થિત સરકારી વસાહતમાં નવનિર્મિત બી કેટેગરી બિલ્ડિંગના બે બ્લોકનું લોકાર્પણ કરાવામાં આવ્યું હતું.

આ અવસરે શિક્ષણ રાજયમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, સુરત વિશ્વના ઝડપી વિકસતા શહેરોમાં નામના ધરાવે છે. ગમે તેવી આફતને અવસરમાં પલટાવી દેવા માટે સુરતીઓ જાણીતા છે. સમસ્યાઓનો સામનો કરવો એ સુરતની આગવી તાસીર રહી છે. વિશ્વ ફલક પર ડાયમંડ અને ટેક્સ્ટાઈલ ક્ષેત્રે જાણીતું સુરત સ્વચ્છતાથી લઈ ઝીરો સ્લમ તરફ તેજગતિથી આગળ વધી રહ્યું છે.

આ અવસરે સાંસદ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં સુરત શહેર વિકાસનું શ્રેષ્ઠ મોડલ બન્યું છે. જેમ- જેમ સુરત ઝડપી વિસ્તરીત થઈ રહ્યું છે તેમ રાજ્ય - કેન્દ્ર સરકાર અને સુરત મનપા સાથે મળીને વધુને વધુ ઈન્ફ્રાસ્ટ્રકચર સહિતની સુવિધાઓ પૂરી પાડી રહ્યું છે.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે ટેક્સ્ટાઈલ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ રાજયમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, મેયર શ્રી હેમાલીબેન બોઘાવાલા, ધારાસભ્ય સર્વશ્રી કિશોરભાઈ કાનાણી, વિનોદભાઈ મોરડિયા, સંદિપભાઈ દેસાઈ, સંગીતાબેન પાટીલ, પ્રવીણભાઈ ઘોઘારી, અરવિંદભાઈ રાણા,મનુભાઈ પટેલ, કાંતિભાઈ બલર, કોર્પોરેટરશ્રીઓ, મનપા અધિકારીઓ અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

# સર્વત્ર વ્યાપક વરસાદના સંદર્ભમાં ઉચ્ચસ્તરીય સમીક્ષા






બિપરજોય વાવાઝોડા બાદ ગુજરાતમાં ચોમાસાની ઋતુ જામી છે, ત્યારે રાજ્યના ઘણા ભાગોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ સ્થિતિમાં ઘણા જિલ્લાઓમાં પૂરની સ્થિતિનું નિર્માણ થતાં, આ અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંબંધિત જિલ્લાના સમાહર્તાઓ અને ઉચ્ચ અધિકારીઓ સાથે વાતચીત કરીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને નાગરિકોને તકલીફ ન પડે તેવા પગલાં લેવાનું સૂચન કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જૂનાગઢ જિલ્લા કલેક્ટર સાથે મોબાઈલથી વાત કરીને સમગ્ર જિલ્લામાં થયેલા ભારે વરસાદ તેમજ વિસાવદર તાલુકાનાં ગામોમાં ભરાયેલાં પાણી, લોકોના સ્થળાંતરની જરૂરિયાત વગેરેની પણ માહિતી લીધી હતી.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કચ્છ જિલ્લાના અંજારમાં પડેલા વરસાદ અને તેને કારણે ઊભી થયેલી પરિસ્થિતિ અંગે કલેક્ટર સાથે વાતચીત કરી હતી. અંજારમાં તળાવ છલકાવા તેમજ અંજાર નજીકનો ડેમ ઓવરફ્લો થવાની સ્થિતિમાં માર્ગો પર પાણી ભરાવાને કારણે વાહન વ્યવહાર કે, જનજીવનને અસર ન પડે તે માટે પણ મુખ્યમંત્રીશ્રીએ જરૂરિયાત મુજબ યોગ્ય કાર્યવાહી કરવા સૂચવ્યું હતું.

કચ્છ, જામનગર, જૂનાગઢ તેમજ નવસારી જિલ્લામાં એન.ડી.આર.એફ.ની ટીમો કુલ ચાર ટીમો જિલ્લા તંત્રની મદદ માટે મોકલવામાં આવી છે. એસ.ડી.આર.એફ.ની બે ટીમ જૂનાગઢ અને જામનગરમાં મોકલી આપવામાં આવી હતી.●


# જામનગરમાં ભારે વરસાદ બાદની સ્થિતિનું જાતનિરીક્ષણ કરતાં CM



ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત જામનગર શહેરના ગાંધીનગર વિસ્તારના વૉર્ડ નં. ૨ ખાતે ખોડિયાર હૉલ તથા આસપાસના વિસ્તારની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂબરૂ મુલાકાત લઈ સમગ્ર સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ અસરગ્રસ્ત વિસ્તારના સ્થાનિક રહેવાસીઓ સાથે વાતચીત કરી તેઓનાં ખબર-અંતર પૂછ્યા હતા. તેમજ, વરસાદી પાણીથી થયેલા નુકસાન અને હાલની સ્થિતિ અંગેની વિગતો મેળવી હતી. તેમણે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આ અસરગ્રસ્તો માટે કરવામાં આવેલી વ્યવસ્થાની પણ વિગતો મેળવી હતી. આ મુલાકાતમાં મુખ્યમંત્રીશ્રી સાથે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, સાંસદ શ્રી પૂનમબહેન માડમ, ધારાસભ્ય શ્રી રિવાબા જાડેજા, શ્રી દિવ્યેશભાઈ અકબરી, કલેક્ટર શ્રી બી.એ. શાહ, મ્યુનિસિપલ કમિશનર શ્રી ડી.એન. મોદી સહિતના અગ્રણીઓ જોડાયાં હતાં. ●

# વડોદરાના આઉટગ્રોથ વિસ્તારોને રૂ. ૨૯૩ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ









વડોદરા મહાનગરના આઉટ ગ્રોથ વિસ્તારમાં રૂ. ૨૯૩ કરોડનાં વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડોદરા શહેરના નાગરિકોની સુવિધામાં ઉત્તરોત્તર વધારો થાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્ય સરકારની સરકારી યોજનાઓના કેન્દ્રમાં વંચિતો અને ગરીબો રહેલા છે.

વડોદરા માટે ઉપયોગી એવાં વિકાસકામોમાં કાંસ, પંપ હાઉસ, ડ્રેનેજ નેટવર્ક, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતના આવાસો, વરસાદી ગટરનું કામ, પાણીની નળિકાનું કામ, રસ્તાના રિસર્ફેસિંગનાં કામ સહિતના વિકાસનાં વિવિધ કામોનાં ખાતમુહૂર્ત તેમજ કિશનવાડી ખાતે નવીન અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટરના બિલ્ડિંગ ઉપરાંત નાગરિકો સંબંધિત ઓનલાઇન સેવાઓ ઉપલબ્ધ કરાવવાના કામ, હરણી તેમજ દરજીપુરા વિસ્તારમાં પાણી વિતરણ નળિકાના નેટવર્કનું લોકાર્પણ (ફેઝ-૧), વેમાલી ખાતે ૧૩ એમ. એલ. ડી. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ સુશેન સર્કલથી જાંબુઆ ટાંકી સુધી એમ. એસ. ફિડર લાઇન સહિતના કામોના લોકાર્પણનો સમાવેશ થાય છે.

નાગરિકોને વધુ સારી આરોગ્ય સુવિધાઓ મળે એ માટે હવે તાલુકા મથકોએ પણ ડાયાલિસીસની સુવિધાઓ શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં તબીબી શિક્ષણનો પણ વ્યાપ વધારવામાં આવ્યો છે. ગુજરાતમાં એક સમયે મેડિકલની માત્ર ૧,૨૭૫ બેઠકો હતી, તેની સામે આજે ૭૫ મેડિકલ કૉલેજોમાં ૬,૯૫૦ જેટલી બેઠકો થઈ છે, જેનાથી ગુજરાતમાં તબીબી સેવામાં માનવ સંસાધનનું સંખ્યાબળ વધી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રી જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીપણાના પરિણામે સમગ્ર દેશે વિકાસનો એક નવો રાહ લીધો છે. ભારતમાં સેમિકન્ડક્ટરનું નિર્માણ થાય એ માટે દાયકાઓથી પ્રયત્નો થતા હતા. પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ દિશામાં નક્કર કામગીરી કરતાં હવે ગુજરાતમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થપાવા જઈ રહ્યો છે. ડબલ એન્જિનની સરકારનો લાભ ગુજરાતને મળ્યો છે. વિકાસના પથમાં કોઈ કચાશ ન રહી જાય એ બાબતની દરકાર એમણે કરી છે. તેમણે હવે ડિજિટલ ઈન્ડિયા હેઠળ પ્રજાને ઘર બેઠા સરકારી યોજનાઓનો લાભ સરળતા અને સુગમતાથી મળતો હોવાનું જણાવ્યું હતું.

આ સાથે, જ મુખ્યમંત્રીશ્રીએ સયાજી હૉસ્પિટલમાં રૂ. ૯.૩૭ કરોડની કિંમતના અદ્યતન એમ.આર.આઇ. મશીનનું લોકાર્પણ કર્યું હતું. આ મશીન દ્વારા અકસ્માત અથવા અન્ય રોગમાં એમ.આર.આઇ. ની જરૂરવાળા દર્દીઓને બહાર કરતાં એકદમ નહીંવત્ દરે રિપોર્ટ કાઢી આપવામાં આવશે.

તાજેતરમાં એવરેસ્ટ સર કરનારી વડોદરાની દીકરી નિશા કુમારીનું મુખ્યમંત્રીશ્રીએ સન્માન કર્યું હતું. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, સાંસદ શ્રીમતી રંજનબહેન ભટ્ટ, મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણભાઇ શુક્લ, ધારાસભ્ય સર્વ શ્રી યોગેશભાઈ પટેલ, ચૈતન્યભાઈ દેસાઈ, શૈલેષભાઈ મહેતા, શ્રીમતી મનીષાબહેન વકીલ, મેયર શ્રી નીલેશભાઈ રાઠોડ સહિતના અગ્રણીઓ-પદાધિકારીઓ-ઉચ્ચ અધિકારીઓ, લાભાર્થીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ
# હવે મળતા થશે સ્વાસ્થ્યપ્રદ મિલેટ્સ પિત્ઝા




મિલેટ્સ એટલે કે બાજરી, જુવાર, જવ, રાગી, રાજગરો વગેરે જેવાં જાડાં ધાન અનેક પોષક તત્ત્વોથી ભરપૂર છે અને શક્તિદાયક છે, પાચનમાં પણ મદદરૂપ છે. મિલેટ્સના નિયમિત ભોજનથી બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, સ્ટ્રોક, આંતરડાના કેન્સર અને અન્ય ગંભીર બીમારીનું જોખમ ઘટી જાય છે. મિલેટ્સ એટલે કે જાડાં અનાજ-ધાન્યની ખેતી ભારતમાં સદીઓથી થાય છે. સિંધુ ખીણ સભ્યતા-ઇન્ડસ વેલીમાં મિલેટ્સની ખેતી અને તેના આહાર અંગેના પૂરાવા મળેલા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિકો માટે સ્વાસ્થ્યપ્રદ અન્ન તરીકે જાડાં ધાન એટલે કે મિલેટ્સનો ઉપયોગ કરવા પર ભાર મૂક્યો છે. ત્યારે ગુજરાતમાં મિલેટ્સનો ઉપયોગ વધારવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આ સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ ખાતે મિલેટ્સ પિત્ઝાના પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ રાગીના બેઝ સાથે નિર્મિત વેરાયટી 'રાગી ક્રસ્ટ પિત્ઝા'નું લોન્ચિંગ કર્યું હતું.

અમદાવાદના સાણંદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જ્યુબિલીએન્ટ ફૂડવર્ક્સના શિલાન્યાસનાં કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણા દીર્ઘદૃષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સમસ્યા પહેલાં જ સમાધાન શોધી લે છે. વિશ્વ કલ્યાણના પ્રયાસોમાં ભારતના પ્રદાન માટે તેઓ હંમેશાં તત્પર રહે છે. યોગ, પર્યાવરણને અનુરૂપ જીવનશૈલી, પ્રાકૃતિક ખેતી અને સ્વાસ્થ્યપ્રદ શ્રી અન્નના વ્યાપક ઉપયોગની પ્રેરણા પણ તેમણે જ પૂરી પાડી છે, ત્યારે શ્રીઅન્નમાંથી બનેલા પિત્ઝા સફળ થશે અને લોકોમાં સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી માટે જાગૃતતા વધારશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લાં થોડાં વર્ષોમાં આપણી જીવનશૈલી ખૂબ બદલાઈ છે. અગાઉના સમય સાથે તુલના કરીને તેમણે ઉમેર્યું હતું કે, હવે ૪૦ વર્ષ બાદ નિયમિત હેલ્થ ચેકઅપ કરાવવું પડે છે. તેની પાછળ બદલાયેલી ભોજન પદ્ધતિ અને વાનગી કારણભૂત છે. હાલમાં બાળકો અને યુવાનોમાં પિત્ઝા-બર્ગર જેવી વાનગીઓનું ચલણ વધ્યું છે. ત્યારે પિત્ઝાના બેઝમાં પરિવર્તનની આ પહેલને તેમણે ખૂબ સારી ગણાવી હતી.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, બદલાયેલી જીવનશૈલી વચ્ચે સતત આગળ કેવી રીતે વધવું તેની પ્રેરણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આપે છે. રાસાયણિક ખાતરને કારણે જમીન અને માણસ બંનેના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થઈ છે. આ સમસ્યામાંથી બચવાનો ઉપાય પ્રાકૃતિક ખેતીની પહેલ સ્વરૂપે વડાપ્રધાનશ્રીએ આપ્યો છે. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી આપણે માત્ર જમીનની ગુણવત્તા જ નહીં ભવિષ્ય પણ સુધારી શકીશું. આ સંદર્ભે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના પ્રાકૃતિક ખેતીની જાગૃતિ માટેના પ્રયાસોને તેમણે સ્તુત્ય ગણાવ્યા હતાં.

આ ઉપરાંત, ગુજરાત સરકારના પ્રયાસો વિશે જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, મિલેટ એક્સ્પો, મિલેટ ફેસ્ટિવલ, વર્કશોપ, ખેડૂતોને તાલીમ, બિયારણ વિતરણ તથા માહિતીની પુસ્તિકાનું વિતરણ વગેરે દ્વારા પ્રાકૃતિક ખેતી અને મિલેટ્સ પ્રત્યે લોકોમાં જાગૃતતા વધારવામાં ખૂબ મદદ મળી છે.

વિશ્વના સૌથી મોટા પાંચમા અર્થતંત્ર તરીકે ભારતની સિદ્ધિનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજે દરેક ક્ષેત્રે ભારત વૃદ્ધિ કરી રહ્યું છે તેની પાછળ શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઉત્તમ નેતૃત્વ છે. આજે દુનિયાના દેશોમાં આર્થિક દૃષ્ટિએ ચિંતાજનક સ્થિતિ છે ત્યારે તેની સામે શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વમાં ભારત પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનીને ઊભરી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ બેક ટુ બેઝિક, બેક ટુ નેચરની જે પરિપાટી વિકસાવી છે તેનાથી દેશને ઘણો ફાયદો થયો છે.

આ પ્રસંગે જ્યુબિલીએન્ટ ફૂડવર્ક્સના પ્રેસિડેન્ટ શ્રી અવિનાશકાંત કુમારે જણાવ્યું હતું કે, મિલેટ વર્ષ જેવી પહેલ માટે અમે સરકારને સતત સહયોગ આપતાં રહીશું. સાથોસાથ, રોજગારી અને નાગરિકોને ગુણવત્તાયુક્ત આહાર મળે તે દિશામાં કંપનીનો પ્રયાસ રહેશે તેવી ખાતરી તેમણે આપી હતી.

આ સમારોહમાં કંપનીએ ડુંગળી, લસણ વગરની વેરાયટી શરૂ કરવાની મહત્ત્વપૂર્ણ જાહેરાત પણ કરી હતી. આ પ્રસંગે જ્યુબિલીએન્ટ ફૂડવર્ક્સના ઉચ્ચ હોદ્દેદારો, કંપનીના કર્મચારીઓ તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# 'અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના'નો પ્રારંભ



પ્રત્યેક સરકારી યોજનાનો ૧૦૦% લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે સરકાર સતત પરિણામલક્ષી કાર્ય કરી રહી છે. સરકારી યોજનાના લાભ આપવાની કામગીરી તેના સેચ્યુરેશન પોઈન્ટ તરફ આગળ વધી રહી છે. ખેડાના શ્રમયોગીઓ માટે અંત્યોદય શ્રમિક સુરક્ષા અકસ્માત વીમા યોજનાનો પ્રાયોગિક પ્રારંભ નડિયાદથી કરવામાં આવ્યો હતો. આ યોજનાને પ્રાયોગિક ધોરણે શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. સર્વસમાવેશક વૃદ્ધિ અને સામાજિક-આર્થિક વિકાસ માટે પોસ્ટ વિભાગ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક તથા શ્રમ અને રોજગાર મંત્રાલયના સહયોગથી આ યોજના શરૂ કરાઈ છે.

આ યોજના શરૂ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ યોજનાનો હેતુ કોઈ પણ અકસ્માત કે મૃત્યુના કિસ્સામાં શ્રમિકો માટે નાણાકીય સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે. શ્રમિકોને તબીબી સુરક્ષા કવચ મળતા તેઓ વધુ સુરક્ષિત અને આત્મનિર્ભર બનશે. આ વીમા સુરક્ષા યોજના અંતર્ગત રૂ. ૨૮૯ અને રૂ. ૪૯૯ના પ્રીમિયમ દ્વારા શ્રમિકોના આકસ્મિક મૃત્યુ, આંશિક અથવા વિકલાંગતાના કિસ્સામાં વધુમાં વધુ રૂ. ૧૦ લાખ સુધીની સહાય આપવામાં આવશે. આ અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના શ્રમયોગીઓને સશક્ત બનાવવા ખૂબ ઉપયોગી સાબિત થશે.

આ પ્રસંગે કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, પંડિત દીનદયાલ ઉપાધ્યાયનો વિચાર હતો કે, દેશને સમૃદ્ધ બનાવવો હોય તો શ્રમિકોને પગભર બનાવવા પડશે. આવનારા સમયમાં ભારતના ૨૮ કરોડ શ્રમિકોના ડેટા લઈને તેમને અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના આપવામાં આવશે. સાથેસાથે, મંત્રીશ્રીએ ખેડા જિલ્લામાં ૬૦ દિવસમાં ૧ લાખ ગરીબ પરિવારોને "અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના" નો લાભ મળશે તેવો મુખ્યમંત્રીશ્રીને વિશ્વાસ અપાવ્યો હતો. આ કાર્યક્રમમાં ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજનાના ૧૧ લાભાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. તેમજ સુકન્યા સમૃદ્ધિ યોજનાના બે લાભાર્થીઓને સન્માનપત્ર આપવામાં આવ્યાં હતાં. તેમજ ખેડા જિલ્લાના પોસ્ટ વિભાગના ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ગ્રામીણ ડાક સેવકોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય સર્વશ્રી પંકજભાઈ દેસાઈ, અર્જુનસિંહ ચૌહાણ, કલ્પેશભાઈ પરમાર, યોગેન્દ્રસિંહ પરમાર, રાજેશભાઈ ઝાલા, સંજયસિંહ મહિડા સહિત જિલ્લાના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# પાકિસ્તાનથી આવેલા તબીબોનો સન્માન સમારોહ યોજાયો

મેડિકલ - આરોગ્ય ક્ષેત્ર પણ એવું સેવાક્ષેત્ર છે જ્યાં દર્દીને દુ:ખ-રોગના અંધકારમાંથી બહાર લાવીને ડૉક્ટર સ્વાસ્થ્ય અને તંદુરસ્તીના ઉજાસભર્યા જીવન તરફ લઈ જાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં ગુરુપૂર્ણિમાના પાવન અવસરે અમદાવાદમાં 'માઈગ્રન્ટ પાક. હિંદુ ડૉક્ટર્સ રજિસ્ટ્રેશન આભાર સમારોહ'માં ઉપસ્થિત રહીને માઈગ્રન્ટ તબીબોને શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પાકિસ્તાનથી આવેલા આ હિન્દુ ભાઈઓ-બહેનો ભારત અને એમાંય ખાસ કરીને ગુજરાતની જનતાની આરોગ્ય સેવા માટે સક્ષમ બની અહીં આવ્યા છે. સૌ નોબલ પ્રોફેશન સાથે નોબલ કોઝથી ભારતમાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે તબીબો-ડૉક્ટર્સને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, આ અવસરે જેમનાં રજિસ્ટ્રેશન થયાં છે એવા સૌ તબીબો-ડૉક્ટર્સ ગુજરાતની આરોગ્ય સેવામાં યોગદાન આપવાના છે, જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં થયેલા



આરોગ્ય ક્ષેત્રના વિકાસની વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના લોકોની આરોગ્ય સુરક્ષા માટે વડાપ્રધાનશ્રીએ નવ વર્ષના સુશાસન દરમ્યાન સફળ પ્રયાસો કર્યા છે. દેશમાં એઈમ્સની સંખ્યા ૨૩ થઈ છે, તો મેડિકલ સીટની સંખ્યા વધીને ૧.૫૨ લાખ થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, માઈગ્રેટ પાક - હિન્દુ ડૉક્ટર્સ આભાર સમારોહ અંતર્ગત કુલ ૧૩૨ ડૉક્ટર્સે એન.એમ.સી.ની પરીક્ષા પાસ કરી છે અને રજિસ્ટ્રેશન કરાવ્યું છે. એટલું જ નહીં, ગુજરાતમાં કુલ ૩૨ ડૉક્ટર આરોગ્ય ક્ષેત્રમાં પોતાની સેવાઓ આપશે. આ અવસરે સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકી, ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# લોથલમાં આકાર લેશે વિશ્વનું સૌથી મોટું મેરિટાઈમ મ્યુઝિયમ



એક સમયનું ધમધમતું બંદર કે જ્યાં ૮૪ દેશોના વાવટા ફરકતા હતાં, તેવા લોથલના ભવ્ય ઇતિહાસને પુનઃજીવિત કરવા માટે લોથલ ખાતે વિશ્વનું સૌથી મોટું મેરિટાઇમ મ્યુઝિયમ બનવા જઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં ડ્રીમ પ્રોજેક્ટ એવા લોથલ મેરિટાઈમ મ્યુઝિયમની કામગીરીની ઉચ્ચસ્તરીય સમીક્ષા તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે કરી હતી.

ગાંધીનગર ખાતે યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તેમજ કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા, બંદર, શિપિંગ અને જળમાર્ગ તેમજ પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી શ્રીપદ નાઇક અને બંદર, શિપિંગ અને જળમાર્ગ રાજ્ય મંત્રી શ્રી શાંતનુ ઠાકુર ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં સંરક્ષણ મંત્રાલય (ભારતીય નેવી અને કોસ્ટ ગાર્ડ) સાથે એક દરિયાઇ ગેલેરી: "ધ જર્ની ઓફ ઇન્ડિયન નેવી એન્ડ કોસ્ટ ગાર્ડ" (ભારતીય નેવી અને કોસ્ટ ગાર્ડની યાત્રા) માટે એક MOU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ, બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય, ગુજરાતના લોથલ ખાતે નૅશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) વિકસિત કરી રહ્યું છે. આ કોમ્પ્લેક્સ ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને પ્રદર્શિત કરશે. NMHCએ બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય હેઠળના સાગરમાલા પ્રોગ્રામના મુખ્ય પ્રોજેક્ટ્સમાંનું એક છે અને તે વિશ્વનું સૌથી મોટું મેરિટાઇમ મ્યુઝિયમ કોમ્પ્લેક્સ હશે.'

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, 'NMHC ભારતના વૈવિધ્યસભર દરિયાઈ ઇતિહાસને શીખવા અને સમજવા માટેના એક કેન્દ્ર તરીકે કામ કરશે અને ભારતનો સામાન્ય માણસ તેનો ઇતિહાસ સરળતાથી સમજી શકે તે રીતે તેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.' શ્રી સોનોવાલે પ્રોજેક્ટના વિકાસમાં સતત સહયોગ આપવા બદલ ગુજરાત સરકારનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રોજેક્ટની પ્રગતિ અંગે આનંદ વ્યક્ત કર્યો હતો અને રાજ્યને સોંપવામાં આવેલી વિવિધ જવાબદારીઓ નિભાવવામાં ગુજરાત તરફથી સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી.

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ પણ ગુજરાત સરકારના પ્રયાસોની પ્રશંસા કરી હતી અને નિર્ધારિત સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે તમામ લોકોને વધુ સંકલન કરવા માટે નિર્દેશ આપ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે આ પ્રોજેક્ટ માટે ૩૭૫ એકર જમીન ફાળવી છે. આ ઉપરાંત, સ્ટાફ ક્વાર્ટર્સના વિકાસ માટે વધારાની ૨૫ એકર જમીન ફાળવવામાં આવી છે. રાજ્ય ધોરીમાર્ગથી NMHC પ્રોજેક્ટ સાઇટ સુધીના રોડનું ૪ લેનિંગનું કામ ચાલુ છે. લગભગ ૨૫ કિમી દૂરથી નર્મદા પાણી પુરવઠો પહોંચાડવાનું કામ પૂરું થઈ ગયું છે. લગભગ ૧૭ કિ.મી.ની ટ્રાન્સમિશન લાઇનો નાખવાનું કામ પ્રગતિમાં છે અને ૬૬ KV GIS સબસ્ટેશનની સ્થાપના માટે ભંડોળ પૂરું પાડવામાં આવી રહ્યું છે, જેનું કામ પણ પ્રગતિ હેઠળ છે અને મૂળભૂત આંતરિક માળખાના વિકાસ માટે રૂ. ૧૫૦ કરોડનું યોગદાન રાજ્ય સરકારે આપ્યું છે.

બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના સાગરમાલા પ્રોગ્રામ હેઠળ રૂ. ૪,૫૦૦ કરોડના અંદાજિત ખર્ચ સાથે આશરે ૪૦૦ એકર વિસ્તારમાં NMHC વિકસિત કરવામાં આવી રહ્યું છે અને તેને જાહેર અને ખાનગી સંસ્થાઓના ભંડોળ અથવા વિવિધ સંસ્થાઓ અને CSR (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીઝ) ભંડોળ દ્વાર વિકસાવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભારતના મુખ્ય બંદરો રૂ. ૨૦૯ કરોડના ભંડોળનું યોગદાન આપી રહ્યા છે.

આ પ્રોજેક્ટની પ્રગતિ સમીક્ષા બેઠક દરમિયાન બંદરો, શિપિંગ અને જળમાર્ગ તેમજ પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી શ્રીપદ નાઈકે જણાવ્યું હતું કે, 'NMHCને વિશ્વ કક્ષાના આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની દરખાસ્ત છે, જે દેશમાં આ પ્રકારનું સર્વપ્રથમ કોમ્પ્લેક્સ છે, અને તેમાં મેરિટાઇમ મ્યુઝિયમ, લાઇટહાઉસ મ્યુઝિયમ, મેરિટાઇમ થીમ પાર્ક્સ, એમ્યુઝમૅન્ટ પાર્ક્સ વગેરેનો સમાવેશ થાય છે. શિક્ષણ અને મનોરંજનનો અભિગમ અપનાવીને આ કોમ્પ્લેક્સ પ્રાચીનથી આધુનિક સમય સુધીના દેશના દરિયાઈ વારસાને પ્રદર્શિત કરશે.' ●

## બોત્સવાના ગણરાજ્યના હાઈ કમિશનર રાજ્યપાલશ્રીની મુલાકાતે



આફ્રિકાના બોત્સવાના ગણરાજ્યના હાઈ કમિશનર શ્રી ભરતકુમાર કુઠાતીએ ગાંધીનગરમાં રાજભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત સાથે મુલાકાત કરી હતી. શ્રી આચાર્ય દેવવ્રતજીએ વાતચીત દરમિયાન કહ્યું હતું કે, આ ધરતી શાંત અને રમણીય છે. દુનિયાના દેશોના લોકો પરસ્પર સહયોગ સાધીને, સહકારની ભાવનાથી સંવેદનશીલ રહે અને મનુષ્ય જ મનુષ્યનું ઔષધ બને તો આ વિશ્વ શ્રેષ્ઠ બને, આવી વિભાવના કેળવાય એવી લાગણી સાથે તેમણે શ્રી કુઠાતીને બોત્સવાનામાં ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે, કારકિર્દી દરમિયાન શ્રી કુઠાતીએ સિરિયા, સુદાન, હોંગકોંગ, ઈરાક અને કાબુલ સહિત વિવિધ દેશોમાં ફરજ બજાવી છે.

## “રાષ્ટ્રીય સિકલસેલ એનિમિયા નાબૂદી મિશન-૨૦૪૭”નો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ







દેશની આઝાદીનું શતાબ્દી વર્ષ - ૨૦૪૭ સુધીમાં સિકલસેલની નાબૂદી માટે સંકલ્પ લઇ તેને સિદ્ધિ સુધી લઈ જવાનું લક્ષ્ય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નાગરિકોના આરોગ્ય રક્ષણ માટે વિવિધ અભિયાનોની શરૂઆત કરવામાં આવી છે. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ “રાષ્ટ્રીય સિકલસેલ એનિમિયા નાબૂદી મિશન-૨૦૪૭”નો મધ્યપ્રદેશના સહડોલ ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ દેશને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કર્યુ હતું. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના મોટાસડા ગામના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે સિકલસેલ ડિસીઝના દર્દીઓ અને પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડના લાભાર્થીઓને કાર્ડ અર્પણ કરી સિકલસેલ એનિમિયા નાબૂદી મિશન-૨૦૪૭નો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશને નવી ઊંચાઇએ લઈ જઈ રહ્યા છે ત્યારે ટી.બી., મેલેરિયા જેવા રોગોને ભારતમાંથી દૂર કરવાનો નિર્ધાર છે.

આ કાર્યક્રમમાં રાજ્યસભા સાંસદ શ્રી દિનેશચંદ્ર અનાવાડિયા, ધારાસભ્ય સર્વશ્રી અનિકેતભાઈ ઠાકર, પ્રવિણભાઈ માળી, કલેક્ટર શ્રી વરુણકુમાર બરનવાલ સહિત અધિકારીઓ- પદાધિકારીઓ, સિકલસેલ એનિમિયાના દર્દીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય સિકલસેલ એનિમિયા નાબૂદી અભિયાન - ૨૦૪૭નો રાજ્ય કક્ષાએ વલસાડ તાલુકાના હરિયા ગામથી આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે જિલ્લાના ૩૬૦ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો પર ૫૨૦૦ સિકલસેલ એનિમિયા કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી શ્રી ડીંડોરે જણાવ્યું હતું કે, આશાવર્કર અને સ્ટાફ નર્સે લોકોના ઘરે-ઘરે જઈને આ રોગને નાથવા માટે તમામ પ્રયાસો હાથ ધરવા જરૂરી છે. સિકલસેલ એનિમિયાગ્રસ્ત બાળકનો જન્મ ન થાય તે માટે કાઉન્સેલિંગ કરવાની સામૂહિક જવાબદારી સૌની છે. આ પ્રસંગે સાંસદ ડૉ.કે.સી.પટેલ, ધારાસભ્ય સર્વશ્રી ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, રમણલાલ પાટકર, જીતુભાઈ ચૌધરી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરતમાં આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ બારડોલી તાલુકાના સરભોણ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરથી ‘રાષ્ટ્રીય સિકલસેલ એનિમિયા નિર્મૂલન અભિયાન’નો પ્રારંભ કરાવ્યો હતો. આ અવસરે મહાનુભાવોના હસ્તે સિકલસેલ એનિમિયા નિર્મૂલન કાર્ડ અને આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરાયું હતું. ●

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવા ૩૫૧ કર્મીઓની નિમણૂક



નાગરિકોનું સારું સ્વાસ્થ્ય અને સારી સેવાઓ એ કોઇ પણ રાજ્ય કે દેશની પ્રાથમિકતા હોય તે વાત સર્વવિદિત છે. સારું સ્વાસ્થ્ય અને ઉત્તમ સગવડો એ સશક્ત રાષ્ટ્રના નિર્માણનો પાયો છે. આ વિભાવનાને સાર્થક કરતાં તાજેતરમાં અમદાવાદ ખાતે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગોમાં પસંદગી પામેલા ૩૫૧ ઉમેદવારોને નિમણૂકપત્રોનું હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત જે ગતિથી વિકાસ કરી રહ્યું છે. તેના મૂળમાં લોકોને પૂરી પાડવામાં આવતી આરોગ્ય, રસ્તા, પાણી, શિક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે જેવી પાયાની સગવડો છે. કોરોના મહામારીના સમયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલી આરોગ્યને લગતી સેવાઓને યાદ કરીને તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અભિનંદન પાઠવ્યા હતા.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, નિમણૂક પામેલા ઉમેદવારો તેને ફક્ત નોકરીનો ભાગ ન સમજતાં નાગરિકોની સેવા કરવાનો અવસર મળ્યો છે તેવા કર્તવ્યભાવ સાથે કાર્ય તે જરૂરી છે.

મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે એસ્ટેટ/ટીડીઓ, લાઇટ ખાતામાં તથા ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેક્ટ અમદાવાદમાં સહાયક સર્વેયરની ૫૪ જગ્યાઓ, સહાયક ફિમેલ હેલ્થ વર્કરની ૨૯૨ જગ્યાઓ, સહાયક ટૅકનિકલ સુપરવાઇઝરની ૪ જગ્યાઓ તથા સહાયક સ્ટાફ નર્સની જગ્યા ૧ ઉપર પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂકપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર શ્રી ગીતાબહેન પટેલ, ધારાસભ્ય શ્રી અમૂલભાઈ ભટ્ટ, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન, ઉમેદવારો તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## અમદાવાદ ગ્રામ્ય પોલીસની જનજાગૃતિ માટેની અનોખી પહેલ

રાજ્ય પોલીસ દ્વારા સુરક્ષા, સલામતીનું કાર્ય કરવામાં આવે છે. આ ઉપરાંત, સમયે-સમયે જનજાગૃતિના કાર્યક્રમોમાં પણ સક્રિયપણે ભાગીદાર હોય છે. તાજેતરમાં, અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા આવી જ એક અનોખી પહેલ કરવામાં આવી હતી. જેમાં, ગ્રામ્ય પોલીસ દ્વારા જિલ્લાના તમામ પોલીસકર્મીઓને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે પોલીસકર્મીઓને હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉદ્યોગગૃહોના સહયોગથી ૧,૮૫૦ જેટલા હેલ્મેટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

વધતી વસ્તી અને તેના લીધે વધતાં વાહનોને લીધે રોડ અકસ્માતોના બનાવો પણ વધતા જાય છે. આવા બનાવો અટકાવવા તેમજ તે અંગે જનજાગૃતિ લાવવા માટે અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા એક બાઇક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેને મંત્રીશ્રીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.



ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રોડ અકસ્માત અટકાવવા માટે આવનારા દિવસોમાં આ પ્રકારના અભિયાન સરકાર દ્વારા વિશેષ ઝોક આપવામાં આવશે. જેથી કરીને રોડ અકસ્માતોના બનાવોમાં ઘટાડો લાવી શકાય. ૧૦૦માંથી ૩૦ વ્યક્તિએ હેલ્મેટ ન પહેર્યો હોવાને કારણે મૃત્યુ પામે છે. પોલીસે હેલ્મેટ પહેરીને સમાજને પણ સંદેશો આપ્યો છે કે હેલ્મેટ પહેરવાથી પોતાનું રક્ષણ કરી શકાય છે. એક નાની સજ્જતાથી મોતથી બચી શકાય છે.

રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાયના સૂચનથી રાજ્ય ટ્રાફિક વિભાગ, ગાંધીનગર દ્વારા અકસ્માતમાં થતા મૃત્યુદરને ઘટાડવા અમદાવાદ રેન્જ હેઠળ ખેડા, આણંદ અને અમદાવાદ જિલ્લામાં એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત છેલ્લા ઘણા વર્ષોનો અકસ્માતના આંકડાનો અભ્યાસ કરી કુલ ૧૩૪ જેટલા હોટ સ્પોટ્સ પર સ્પેશિયલ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત, ૯૫૦થી પણ વધારે ટ્રાફિક જાગૃતતા અંગેના કાર્યક્રમો યોજીને ૨૦,૦૦૦થી વધુ નાગરિકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અંગેની સમજ આપવામાં આવી હતી. ●

## ગુજરાતનાં સૌપ્રથમ ઇ-રેડિયેશન સેન્ટરની શરૂઆત

ગુજરાત સરકાર ખેડૂતોની આવક વધારવા તેમજ ખેડૂતોને તેમની ઉપજના મહત્તમ ભાવ મળે તે માટે સતત પ્રયત્નશીલ છે. કેરી, દાડમ જેવાં ખેતઉત્પાદનોની વિદેશમાં ભારે માગને પહોંચી વળવા અમદાવાદ નજીક બાવળા ખાતે ગુજરાત એગ્રો રેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટ સ્થાપવામાં આવ્યું છે. તેના દ્વારા પ્રથમ સિઝનમાં જ બે લાખ કિલોગ્રામથી વધુ કેસર કેરીનું ઇ-રેડિયેશન કરી તેની નિકાસ કરવામાં આવી છે.

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના કૃષિ વિભાગ હસ્તકની ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. દ્વારા રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ રૂ.૨૦ કરોડના ખર્ચે આ રેડિયેશન પ્રોસેસિંગ યુનિટની સ્થાપના કરવામાં આવી હતી. આ યુનિટને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર તેમજ બોર્ડ ઓફ રેડિયેશન એન્ડ આઈસોટોપ ટેક્નોલોજીના માર્ગદર્શન અને ટેકનિકલ માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયું છે. વર્ષ ૨૦૨૨માં યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર-એનિમલ એન્ડ પ્લાન્ટ હેલ્થ ઈન્સ્પેક્શન સર્વિસ (USDA-APHIS) દ્વારા મંજૂરી મળતા આ યુનિટ ગુજરાતનું સૌપ્રથમ અને દેશનું ચોથું USDA-APHIS સર્ટિફાઇડ ઈ-રેડિયેશન યુનિટ બન્યું છે. આ મંજૂરી મળ્યા બાદ ગુજરાતમાં કેરી અને દાડમ પકવતા ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળશે તેવી લાગણી મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.


મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ઈ-રેડિયેશન યુનિટને USDA-APHISની મંજૂરી મળ્યા બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને રાજ્ય સરકારના સતત પ્રયત્નોના પરિણામે પ્રથમ ઉનાળાની સિઝનમાં દરમિયાન બે લાખ કિલોથી વધુ કેસર કેરીનું આ યુનિટ દ્વારા ઇ-રેડિયેશન કરી તેને અમેરિકા અને દક્ષિણ આફ્રિકા સહિતના દેશોમાં નિકાસ કરવામાં આવી છે. ●

## લીમખેડાને વિકાસ પ્રકલ્પોની ભેટ



દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાને વિવિધ વિકાસકામોની ભેટ કૃષિ અને પંચાયત મંત્રી શ્રી બચુભાઈ ખાબડના હસ્તે મળી છે. તાજેતરમાં હડફ નદી ઉપર મેજર બ્રિજ તથા દૂધિયા-પીપળી-બાંડીબાર એપ્રોચ બ્રિજનું ખાતમુહૂર્ત તેમજ લાડપુર સુથાર કુમાર વર્ગ પ્રાથમિક શાળા ખાતે રૂ.૨૪ લાખના ખર્ચે નવીન નિર્માણ થયેલ ત્રણ ઓરડાઓનું લોકાર્પણ કૃષિ અને પંચાયત મંત્રી શ્રી બચુભાઈ ખાબડે કર્યું હતું. આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વર્તમાન સરકાર ગામડાઓના સર્વાંગી વિકાસ માટે કટિબધ્ધ છે. ગ્રામ્ય વિસ્તારમાં વિકાસની ખૂટતી કડી પૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર હરહંમેશા તત્પર છે એટલું જ નહીં ગામડાઓમાં વિવિધ સુવિધાઓ મળી રહે તે માટે આગોતરૂં આયોજન કરવામાં આવે છે. જેના લીધે આજે લોકાંક્ષાઓ પરિપૂર્ણ કરવામાં આવી રહી છે. જેના ફળદાયી પરિણામો મળી રહ્યા છે. આ કાર્યક્રમમાં સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શીતલબહેન વાઘેલા તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## શ્યામાપ્રસાદ મુખરજીની જન્મજયંતીએ પુષ્પાંજલિ





ગુજરાત વિધાનસભામાં સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૨૨મી જન્મજયંતી નિમિત્તે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી તથા મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ કે, સ્વ. શ્યામાપ્રસાદ મુખરજી "એક વિધાન-એક નિશાન-એક પ્રધાન" સિદ્ધાંતના શિલ્પકાર હતા. સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાનમંડળમાં તેમને ઉદ્યોગ અને પુરવઠા મંત્રીની જવાબદારી સોંપવામાં આવી હતી. કાશ્મીર મુદ્દે તેઓ ખૂબ જ સક્રિય અને ચિંતિત હતા. કલમ ૩૭૦ને દૂર કરવામાં આવી એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે. મંત્રી સર્વશ્રી ભાનુબહેન બાબરીયા, જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રફુલભાઈ પાનશેરીયા, ભીખુસિંહજી પરમાર અને ધારાસભ્ય શ્રી રીટાબહેન પટેલ સહિતના અગ્રણીઓ, વિધાનસભા ખાતે કાર્યરત અધિકારી-કર્મચારીશ્રીઓ તેમજ શાળાના વિદ્યાર્થીઓએ સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીને આદરાંજલિ પાઠવી હતી. ●

## વિદ્યાર્થીઓમાં ઉડ્ડયન ક્ષેત્રે રુચિ કેળવવા 'સિમ્યુલેટર એક્ઝિબિશન બસ'નું લોકાર્પણ



ગુજરાતના વિદ્યાર્થીઓમાં ઉડ્ડયન- એવિએશન ક્ષેત્રે રુચિ પેદા થાય તથા ઉજ્વળ કારકિર્દી બનાવવા પ્રોત્સાહન મળે તે આશયથી એક નવતર પહેલ કરવામાં આવી છે. રાજ્ય સરકારના નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા ગાંધીનગરમાં સિમ્યુલેટર એક્ઝિબિશન બસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. હાલ આ બસ અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે મૂકવામાં આવી છે. નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે અને ઉડ્ડયન રાજયમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં વિધાનસભા સંકુલ ખાતે 'સિમ્યુલેટર કમ એક્ઝિબિશન બસ'નું લોકાપર્ણ કરાયું હતું. આ બસમાં પ્રતીકાત્મક રૂપે વિમાનના પાઇલૉટની કોકપીટ તૈયાર કરવામાં આવી છે. જેમાં નાગરિક ઉડ્ડયન વિભાગના પાઇલટ શ્રી દિનેશ ચૌધરીએ થ્રીડી ટેક્નૉલોજી આધારિત વિમાન ટેકઓફ અને લેન્ડિંગ તેમજ વિમાન ઉડાડવાની ટેક્નૉલૉજીની મંત્રીશ્રીઓને પ્રત્યક્ષ અનુભૂતિ કરાવી હતી.

મંત્રી શ્રી રાજપૂતે કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઉડ્ડયન ક્ષેત્રે લોકોમાં જાગૃતિ આવે એ આશયથી રૂ. ૧.૪૩ કરોડના ખર્ચે શરૂ કરાયેલો સિમ્યુલેટર કમ એક્ઝિબિશન બસ પ્રોજેક્ટ એ એક અનોખી પહેલ છે. જેનો ઉદ્દેશ્ય રાજ્યમાં વિવિધ શાળાઓ અને પ્રવાસન સ્થળોએ વિદ્યાર્થી - પ્રવાસીઓને ઉડ્ડયન સેવા બાબતે પ્રોત્સાહિત કરી તેનું માર્ગદર્શન કરવાનો છે. આ આયોજનની સફળતા બાદ રાજ્ય સરકાર દ્વારા આગામી સમયમાં આવા અનેક પ્રોજેક્ટ અને પ્રોત્સાહન પર કાર્ય કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર હસ્તકના નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા ગુજરાતમાં એવિએશન ક્ષેત્રે માળખાગત સુવિધાઓ ઊભી કરવા, રાજ્યને એરકનેક્ટિવિટી પૂરી પાડવા, એવિએશન ક્ષેત્રે કુશળ માનવબળ તૈયાર કરવાના આશયથી આવા અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવે છે. આ પ્રસંગે નાગરિક ઉડ્ડયન સચિવ શ્રી હારિત શુક્લા તેમજ નાગરિક ઉડ્ડયન નિયામક શ્રી નીતિન સાંગવાન સહિત નાગરિક ઉડ્ડયન વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## વીંછિયામાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ



રાજકોટના વીંછિયામાં આંતરિક પાણી પુરવઠા યોજના, સુએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટ તથા ભૂગર્ભ ગટર યોજનાનાં કામોનું રૂ.૩૫ કરોડના ખર્ચે યોજનાકીય કામોનું લોકાર્પણ પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શહેરના ગંદા પાણીના નિકાલની યોજના અમલમાં આવતા શહેર સ્વચ્છતા બનશે. સુએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટના પાણીનો ઉપયોગ ખેતીમાં કરી શકાશે. જેથી આ વિસ્તારમાં સિંચાઈનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહેશે. ગૌમા ડેમ આધારિત યોજના ફરીથી કાર્યાન્વિત કરવામાં આવશે. અંદાજિત ૫૫ કરોડના ખર્ચે વીંછિયાથી છાસિયા સુધી પાણી પહોંચાડવાની યોજનાનું કામ ચાલી રહ્યું છે. મોઢુકાથી હિંગોળગઢ સુધી ૨૫ કરોડના ખર્ચે પાઈપલાઈનની વ્યવસ્થા કરવામાં આવી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ●

## બિહારના સગીરનું વાલી સાથે મિલન



બિહારના ભગવાનપુરાના વાલીઓથી વિખૂટા પડી જામકંડોરણા પહોંચેલા સગીર ગેનવા મુસહરનું તેના કાકા શ્રી શશી મુસહર સાથે મહિલા અને બાળકલ્યાણ વિભાગના મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયા દ્વારા મિલન કરાવાતા ભાવનાત્મક દૃશ્યો સર્જાયાં હતાં. જામકંડોરણાના બસસ્ટેશન પાસેની બજારમાં વરસતા વરસાદમાં ભીંજાતા સગીરની સ્થાનિક અગ્રણીઓએ પૂછપરછ કરતાં બિહારના કેબિનેટ મંત્રી શ્રી જમાખાનનું નામ જણાવ્યું હતું. આથી તુરંત તેઓનો સંપર્ક કરી બાળક વિશે માહિતગાર કર્યા હતા. શ્રી જમાખાનને તેના વાલીઓનું સ્થળ ભગવાનપુરા મળતાં પોલીસનો સંપર્ક કરી બાળકને વાલી સાથે વાત કરાવી હતી. જ્યારે ધારાસભ્ય શ્રી જયેશભાઈ રાદડિયાએ બાળકને રાજકોટ સ્થિત સ્પે.ચાઇલ્ડ કેર હોમ ફોર બોઇઝખાતે મોકલી આપ્યો હતો. બાળકને તેના બિહાર સ્થિત વાલીને સુપ્રત કરાવવા અંગે મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયાએ કાર્યવાહી શરૂ કરી રાજકોટ ખાતે બાળકના કાકા શ્રી શશી મુસહરને સુપ્રત કરવામાં આવ્યો હતો. આ તકે મંત્રી શ્રી ભાનુબહેને બિહારના મંત્રીશ્રીનો સંપર્ક કરતાં તેમણે ગુજરાત રાજ્યની સક્રિયતા અને સ્થાનિક તંત્રની સચોટ કામગીરીને બિરદાવી હતી. મંત્રીશ્રી ભાનુબહેન બાબરીયા દ્વારા બાળકના શિક્ષણની ચિંતા કરાતાં બિહારના મંત્રીશ્રીએ તેની સંપૂર્ણ જવાબદારી લીધી હતી. ●


## શહેરી આયોજન ક્ષેત્રે ગુજરાત અગ્રેસર

# ગુજરાતમાં દોઢ વર્ષમાં કુલ ૧૨૪ ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીભર્યા નેતૃત્વ હેઠળ ભારતને -૧ ડિસેમ્બર, ૨૦૨૨થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી G-૨૦ દેશોની એક વર્ષની અધ્યક્ષતા પ્રાપ્ત થઈ છે. આ એક વર્ષની G-૨૦ અધ્યક્ષતા દરમિયાન, આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરવા માટે સમગ્ર ભારતમાં એક પછી એક બેઠકોનું આયોજન થઈ રહ્યું છે. આ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓમાં એક મહત્ત્વપૂર્ણ મુદ્દો છે, શહેરીકરણ અને શહેરી સુવિધાઓને વિકસિત કરવી. આ માટે G૨૦ના સભ્ય દેશોના શહેરોના એક સંગઠન અર્બન ટ્વેન્ટી એટલે કે U-૨૦ની રચના કરવામાં આવી છે. આ વર્ષે છઠ્ઠી U-૨૦ની યજમાની કરવાની તક હેરિટેજ સિટી અમદાવાદને મળી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ છઠ્ઠી U૨૦ સાયકલ માટેની U૨૦ મેયોરલ સમિટ તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં વિવિધ દેશોના મેયર અને મહાનુભાવો વચ્ચે શહેરી સુશાસન અને વિકાસ પર ચર્ચા થઈ.









શહેરી વિકાસની વાત કરવામાં આવે તો, ગુજરાત એ ભારતનું સૌથી વધુ ઔદ્યોગિકિકરણ અને શહેરીકરણ ધરાવતું રાજ્ય છે. તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રવર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત છેલ્લા બે દાયકાઓમાં નોંધપાત્ર શહેરીકરણનું સાક્ષી બન્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત આજે શહેરીકરણની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં છેલ્લા દોઢ વર્ષના ગાળામાં ૧૨૪ જેટલી ટાઉન પ્લાનિંગ સ્કીમોને મંજૂરી આપવામાં આવી છે.

ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ 'સ્માર્ટ સિટી મિશન' અંતર્ગત ગુજરાતના ૬ શહેરો, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદમાં રૂ.૮૯૬૩ કરોડના ખર્ચે કુલ ૨૮૧ વિકાસકાર્યો પૂર્ણ કરાયા છે. આ મિશન અંતર્ગત સમગ્ર દેશમાં સુરત શહેર પ્રથમ ક્રમાંકે અને અમદાવાદ શહેર ત્રીજા ક્રમાંકે છે. ગુજરાત રાજ્ય આ મિશન અંતર્ગત પાંચમાં ક્રમાંકે છે. આજે સમગ્ર રાજ્યમાં વધી રહેલા વાહનવ્યવહારના મેનેજમેન્ટ માટે ઓવરબ્રિજ અને અંડરબ્રિજનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર હેઠળ અમદાવાદ મેટ્રોના પ્રથમ તબક્કા અંતર્ગત થલતેજથી વસ્ત્રાલ રૂટ પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મેટ્રો ટ્રેનનો પ્રારંભ કરાવ્યો છે. સુરત મેટ્રોનું કામ પણ ઝડપથી આગળ વધી રહ્યું છે.

આ ઉપરાંત, વડાપ્રધાનશ્રીએ ગાંધીનગર રેલવે સ્ટેશનથી નવી વંદે ભારત ટ્રેનનો પણ પ્રારંભ કરાવ્યો હતો. ભારત સરકારની રિજિયોનલ કનેક્ટિવિટી સ્કીમ 'ઉડાન' યોજના હેઠળ રાજ્યના ૯ એરપોર્ટ્સ પર ૧૮ રૂટ દ્વારા હવાઈ સેવા શરૂ કરવામાં આવી છે. રાજકોટ ખાતે અદ્યતન સુવિધાઓ ધરાવતું ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકસિત કરવામાં આવી રહ્યું છે, જેના માટે ૯૨૪ હેક્ટરની જમીન સરકાર દ્વારા વિનામૂલ્યે ફાળવવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ રાજ્યના શહેરી વિસ્તારોમાં ૭.૫૦ લાખ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, રાજકોટ શહેરમાં લાઈટહાઉસ પ્રોજેક્ટ હેઠળ કુલ ૧૧૪૪ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજ્યની તમામ ૮ મહાનગરપાલિકાઓ તથા ૧૫૬ નગરપાલિકાઓમાં વ્યક્તિગત શૌચાલયોની સેવા પૂરી પાડવામાં ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય છે.

ગુજરાતમાં શહેરીકરણ તેની આર્થિક વૃદ્ધિ, ઔદ્યોગિક વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર કનેક્ટિવિટી અને રાજ્ય સરકારની પહેલોનું પરિણામ છે. શહેરોનો વિકાસ રાજ્યમાં વિવિધ તકોને આકર્ષે છે, અને એટલે જ શહેરી વિકાસનું સંચાલન કરવું અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સુનિશ્ચિત કરવું એ નાગરિકોની સુખાકારી અને રાજ્યના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે.●

# પાવાગઢ મંદિર પરિસર જનોપયોગી પ્રકલ્પોથી વિકસિત કરાશે

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલા કુદરતી સૌંદર્યથી ભરપૂર પાવગઢ પર્વત પર આસ્થાના કેન્દ્ર સમાન મા કાલિકાનું મંદિર આવેલું છે. વર્ષ દરમ્યાન લાખોની સંખ્યામાં ભક્તો શ્રી મહાકાળી માતાજીના દર્શને આવે છે. પાવાગઢ ખાતે આવેલા ૫૧ શક્તિપીઠ પૈકીના શ્રી મહાકાળી માતાજી મંદિરનાં રૂ.૧૨૧ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યોનાં લોકાર્પણ અને મંદિરની ધ્વજારોહણ વિધિ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવી હતી.

મહાકાળી માતા મંદિર પરિસરનું બે તબક્કામાં વિકાસ પૂર્ણ થયા બાદ, ત્રીજા તબક્કામાં પાવગઢ યાત્રાધામમાં તળેટીના વિસ્તાર માંચી ચોક ખાતે ભક્તોને પૂરતી પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. ભક્તોને માંચી ચોક ખાતે ખાણી-પીણીના સ્ટોલ, ઈન્ફોર્મેશન સેન્ટર, હેલ્થ, પોલીસ, વોટર સપ્લાય, વીજળી અને એડમીન બ્લોક બનાવવા માટે રાજ્ય સરકાર રૂ.૧ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ સાથે, માંચી ચોક ખાતે ઑફિસ બ્લોક - એનું બાંધકામ, ચાચર ચોકનું સ્ટોન ફલોરિંગ, મલ્ટિ લેવલ પાર્કિંગ, શૌચાલય, પ્રવેશ દ્વાર, સાઈનેજીસ, ફાયર- ફાઈટિંગ, વોટર સપ્લાય, ડ્રેનેજ અને ઈલેક્ટ્રિફિકેશનની કામગીરી અંદાજે રૂપિયા ૧૩ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે.



યાત્રાધામ પાવગઢ ખાતે લાખોની સંખ્યામાં ભક્તો આવતા હોવાની વાતને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ફેઝ- ૩- બી માં ચાંપાનેર ખાતે ૨- પાર્કિંગ, ચાંપાનેરના અંદર અને બહારના રસ્તાની કામગીરી, ફોર્ટનું લાઈટિંગ- ઈલેક્ટ્રિફિકેશનની કામગીરી રૂ.૪૦ કરોડથી વધુના ખર્ચે કરવામાં આવનાર છે. જેની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

ભક્તોને મહાકાળી માતાજીનાં દર્શન કરવામાં સરળતા રહે તે માટે સરકાર દ્વારા રોપ- વે એક્સ્ટેન્શનની કામગીરી હેઠળ મંદિર પરિસર સુધી પહોંચી શકાય તે માટે હાઈડ્રોલિક લીફ્ટની કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ પાંચ હજાર કરતાં વધુ ભક્તો જમી શકે તે માટે ભોજનાલય બનાવવામાં આવનાર છે. રાજ્ય સરકારના આ પ્રયાસોથી આ તીર્થસ્થાનમાં શ્રદ્ધા સાથે સુવિધાનો સંગમ થશે.●

# પશુપાલકોના હિતમાં ગુજરાત સરકારના મહત્ત્વપૂર્ણ નિર્ણયો

પશુપાલન વ્યવસાય થકી રાજ્યના નાગરિકો સ્વનિર્ભર બને તે માટે રાજ્ય સરકારે અનેકવિધ સહાયલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. આ સહાયલક્ષી યોજનાઓ ઉપરાંત તેમના મહામૂલા પશુધનને રસીકરણ-ખસીકરણ, કૃત્રિમ બીજદાન, વાઢકપ સહિતની વિવિધ સારવાર પણ રાજ્ય સરકારે પૂરી પાડવા માટે પ્રતિબદ્ધતા દાખવી છે. પશુ સારવારલક્ષી સુવિધાઓમાં વધારો કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવ્યા છે.

પશુપાલકોના હિતમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતાં મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોઈપણ પશુપાલકની મૂડી તેનું બહુમૂલ્ય પશુધન હોય છે, અને તેમના આ પશુધનને ઉચ્ચ ગુણવત્તાયક્ત અને અદ્યતન આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્યમાં પશુ સારવાર સંબંધિત માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત કરવા માટે ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૪૭.૯૭ કરોડના ખર્ચે રાજ્યની ૨૧ જિલ્લા પંચાયતો હેઠળ અદ્યતન સુવિધા સાથેનાં પશુ દવાખાનાં અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોના ૬૮ નવીન બાંધકામ અને જરૂરી મરામતનાં ૫ કામો રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યાં છે.

મંત્રી શ્રી પટેલે વધુ વિગતો આપતાં ઉમેર્યું હતું કે, જિલ્લા કક્ષાની રેફરલ હૉસ્પિટલ-વેટરનરી પોલીક્લિનિકમાં સચોટ સારવાર સેવાઓ ઉપલબ્ધ કરાવવી એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. આ પ્રકારની ઉત્તમ સુવિધા માટે રાજ્યની ૭ પશુ રોગ નિદાન લેબોરેટરી અને ૧૦ વેટરનરી પોલીક્લિનિકને વિશિષ્ટ અને આધુનિક ઉપકરણો-સાધનોથી સુસજ્જ કરવા માટે પણ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા એક કરોડની મંજૂરી આપવામાં આવી છે. ●

# પાંચ મેગા ITIનું નિર્માણ કરાશે

રાજ્યના કૌશલ્યવાન યુવાનોને રોજગારીની વધુ તકો ઉપલબ્ધ થાય તેવા હેતુથી અનેકવિધ રોજગારલક્ષી આયામો શરૂ કરાયા છે. જેને વધુ પ્રાધાન્ય આપવાની નેમ સાથે કૌશલ્યની જરૂરિયાતને આધારે અમદાવાદની કુબેરનગર સહિત વડોદરા, રાજકોટ, સુરત અને દાહોદ ખાતે એમ ઝોન મુજબ પાંચ મેગા ITI નિર્માણ કરવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હોવાનું રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ



રાજપૂતે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે દેશનું અગ્રેસર રાજ્ય છે ત્યારે ગુજરાતના ઉદ્યોગગૃહોની જરૂરિયાત અને તેમની માંગને ધ્યાને રાખીને રાજ્યની ITIમાં યુવાઓને સમયની માંગ મુજબ કૌશલ્યવર્ધન તેમજ પ્રશિક્ષિત કરાશે, જેથી રાજ્યના યુવાનોને વિવિધ ઉદ્યોગ એકમોમાં વધુને વધુ રોજગારીની તકો ઉપલબ્ધ થશે.●

# બિપરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત ખેડૂતો માટે રૂ.૨૪૦ કરોડનું સહાય પેકેજ



રાજ્યમાં ત્રાટકેલા "બિપરજોય" વાવાઝોડા સામે ગુજરાતે ઝીરો કેઝ્યુઅલ્ટિ સાથે સામનો કર્યો છે. આ સાથે નાગરિકો, પશુઓના રક્ષણ માટે પણ લીધેલા વિવિધ પગલાઓના કારણે ખૂબ ઓછી મુશ્કેલીઓ પડી છે. બિપરજોય વાવાઝોડાના કારણે ભારે વરસાદ અને પવનથી ખેતી પાકોને નુકસાન થયાનું ધ્યાને આવતા રાજ્ય સરકારે તાત્કાલિક સર્વેની કામગીરી હાથ ધરી હતી. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં બિપરજોય વાવાઝોડાને કારણે ખેતી-બાગાયતી પાકોને થયેલા વ્યાપક નુક્સાનમાંથી તેમને પુન:બેઠા કરવાના હેતુથી સર્વગ્રાહી સમીક્ષા કરીને રૂ.૨૪૦ કરોડનું ઉદારતમ રાહત-સહાય પેકેજ જાહેર કર્યું હતું.

આ પેકેજની વિસ્તૃત વિગતો આપતા કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં ચાલુ વર્ષે જૂન માસમાં ત્રાટકેલા "બિપરજોય" વાવાઝોડાના કારણે કૃષિ તેમજ બાગાયતી પાકોને વ્યાપક નુકસાન થયેલ છે.જેમાં મુખ્યત્વે કચ્છ અને બનાસકાંઠા જીલ્લામાં અસર થઈ છે.કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં અંદાજિત ૧ લાખ ૩૦ હજાર હેક્ટર વિસ્તારમાં કૃષિ અને બાગાયતી પાકોને અસર થઈ છે, તેમજ ખૂબ મોટી સંખ્યામાં ફળાઉઝાડ પડી જવાથી આંશિક કે સંપૂર્ણ નાશ પામ્યા છે. વાવઝોડાથી અસરગ્રસ્ત આ જિલ્લાઓમાં કુલ ૩૧૧ ટીમો દ્વારા સત્વરે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાજ્ય સરકારે આ વાવાઝોડાથી મહત્તમ અસરગ્રસ્ત કચ્છ અને બનાસકાંઠા જિલ્લાઓનાં ખેડૂતોને મદદરૂપ થવા અંદાજિત રૂ. ૨૪૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રી દ્વારા ખાસ સહાનુભૂતિ અને ઉદારતા રાખી આ પેકેજમાં સૌપ્રથમ વખત સહાયના ધોરણોમાં ધરખમ વધારો કરવાનો ખેડૂતહિતલક્ષી નિર્ણય કર્યો છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, બાગાયતી પાકો - ઝાડ પડી જવાથી નુકશાનીમાં સહાયરૂપ થવા માટે સૌપ્રથમ વખત રાજ્ય સરકારે ઉદાર નીતિ દાખવી બહુવર્ષાયૂ બાગાયતી પાકોના ૧૦% કે તેથી વધુ અને ૩૩ ટકા સુધીના ઝાડ ઉખડી જવાના/પડી જઈ /ભાંગી જઈ નાશ પામેલ હોય તે અન્વયે ખાસ કિસ્સામાં પણ રાજ્ય ભંડોળમાંથી રૂ.૨૫,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય જાહેર કરવામાં આવી હતી.

બહુવર્ષાયું બાગાયતી પાકોના ૩૩% કે તેથી વધુ ઝાડ ઉખડી જવાના/પડી જઈ/ભાંગી જઈ નાશ પામેલ હોય તે કિસ્સામાં SDRF ના નોર્મ્સ મુજબ પ્રતિ હેક્ટર મળવાપાત્ર રૂ.૨૨,૫૦૦ની સહાય ઉપરાંત ખાસ કિસ્સામાં રાજ્ય ભંડોળમાંથી વધારાની સહાય પ્રતિ હેક્ટર રૂ.૧,૦૨,૫૦૦ ગણતરીમાં લઈ કુલ રૂ.૧,૨૫,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય જાહેર કરી હતી. સહાયની રકમમાં SDRF ઉપરાંતનો અત્યાર સુધીનો આ સર્વોચ્ચ વધારો છે. આ સહાય ખાતાદીઠ (ગામ નમૂના નં-૮/અ મુજબ) મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં મળવાપાત્ર થશે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા પાક નુકસાની સર્વેમાં ૩૩% કે તેથી વધુ નુકસાન માલૂમ પડેલ હોય તેમજ બાગાયતી ઝાડ ઉખડી જવાના કિસ્સામાં ૧૦% કે તેથી વધુ નુકસાન માલૂમ તેવા સર્વે નંબરવાળા ખેડૂત ખાતેદાર કે જેમનો ગ્રામ્ય કક્ષાએ સર્વે યાદીમાં સમાવેશ થયેલા હોય તેવા ખેડૂત ખાતેદારોને જ આ સહાય પેકેજનો લાભ મળશે. ગ્રામ્ય કક્ષાની સર્વે યાદીમાં સમાવેશ થયેલા ખેડૂત ખાતેદારોને આ પેકેજનો લાભ લેવા માટે નિયત નમૂનાની અરજી તાલુકા વિકાસ અધિકારીશ્રીને કરવાની રહેશે.

આ ઉપરાંત, તાજેતરમાં ગુજરાતમાં આવેલા બિપરજોય વાવાઝોડાથી ગુજરાતના ૧૦ જિલ્લાઓમાં નુકસાન થયું હતું. તેવાં કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, મોરબી, રાજકોટ, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓમાં અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા અંદાજિત કુલ રૂ.૧૧.૬૦ કરોડની ત્વરિત નુકસાન વળતરની સહાય ચૂકવી દેવામાં આવી છે. ●

# સ્વામિત્વ યોજના હેઠળ પ્રોપર્ટી કાર્ડની પ્રથમ નકલ નિ:શુલ્ક

ગ્રામ્ય વિસ્તારોના મિલકતધારકોને સ્વામિત્વ યોજના અન્વયે તૈયાર થનારા પ્રોપર્ટી કાર્ડની પ્રથમ નકલ નિ:શુલ્ક આપવાનો જનહિતકારી નિર્ણય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્રામ્ય વિસ્તારોના મિલકતધારકોની મિલકતની માપણી ડ્રોન ટેક્નોલોજી દ્વારા કરવાનો નવતર અભિગમ અપનાવ્યો છે. ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા આ હેતુસર સ્વામિત્વ(સર્વે ઓફ વિલેજીસ એન્ડ મેપિંગ વિથ ઈમ્પ્રોવાઈઝ્ડ ટેક્નોલોજી ઈન વિલેજ એરિયાઝ)યોજના અમલમાં મૂકી છે. આ યોજના અન્વયે પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા ગુજરાતમાં કુલ ૧૧ હજાર ઉપરાંત ગામમાં સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા ડ્રોન સર્વેની કામગીરી પૂર્ણ કરાઈ છે. ક્રમશઃ આગામી સમયમાં આયોજનપૂર્વક તમામ ગામોમાં પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ સ્વામિત્વ યોજના હેઠળ રેકર્ડ પ્રમોલગેશન બાદ તૈયાર થયેલાં પ્રોપર્ટીકાર્ડની પ્રથમ નકલ ગ્રામ્ય વિસ્તારના છેવાડાના નાગરિકો એવા મિલકતધારકોને નિ:શુલ્ક વિતરણ કરવાનો ગ્રામીણ હિતલક્ષી ઐતિહાસિક નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી ગ્રામીણ નાગરિકોને લોન અને અન્ય નાણાકીય લાભો મેળવવામાં સરળતા રહેશે. મિલકત બાબતના વિવાદો ઘટશે. ●

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત તમામ યુનિવર્સિટી, કૉલેજોમાં
# "કોમન કરિક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્ક" લાગુ કરાશે



રાષ્ટ્રીય શિક્ષણ નીતિ(NEP-૨૦૨૦) અંતર્ગત ગુજરાતની તમામ ખાનગી અને સરકારી યુનિવર્સિટી, કૉલેજ તથા માન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં કોમન કરિક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્ક દાખલ કરવા સંદર્ભે કેબિનેટ બેઠકમાં રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કોમન કરિક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્કની અમલવારી થકી તા.૧૫મી જૂન, ૨૦૨૩થી પ્રવેશ મેળવનાર તમામ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને લાભ થશે. શિક્ષણ વિભાગ દ્વારા આ સંદર્ભે વિસ્તૃત ઠરાવ બહાર પાડવામાં આવશે. જેનો રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી ફરજિયાતપણે કરવાનો રહેશે. હવેથી જે વિદ્યાર્થીઓ ચાર વર્ષની સ્નાતક ઓનર્સ / રિસર્ચ ડિગ્રી મેળવશે, તેમણે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી માટે માત્ર એક જ વર્ષ અભ્યાસ કરવાનો રહેશે તેમ પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, કોમન કરિક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્ક અંતર્ગત પ્રતિ સેમેસ્ટર ૨૨ ક્રેડિટનું માળખું નક્કી કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ ત્રણ વર્ષના અંતે કુલ ૧૩૨ અને ચાર વર્ષના અંતે કુલ ૧૭૬ ક્રેડિટ પ્રાપ્ત કરી શકશે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, આ સંદર્ભનો ડ્રાફ્ટ ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ/ કૉલેજો/ કુલપતિશ્રીઓ/ આચાર્યશ્રીઓ/ અધ્યાપકશ્રીઓ/ અન્ય તમામ પ્રજાજનો માટે વિવિધ શૈક્ષણિક સંગઠનો અને વિદ્યાર્થી સંગઠનો સમક્ષ સરકારના શિક્ષણ વિભાગ માટે જાહેરમાં મૂકવામાં આવ્યો હતો, જેમાં ૪૭ હિતધારકો પાસેથી કુલ ૧૯૭ સૂચનો પ્રાપ્ત થયાં છે, જેને ધ્યાને લેતાં કોમન કરિક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્કનો સરકારી ઠરાવ આખરી કરવામાં આવ્યો છે. તમામ સૂચનો ધ્યાનમાં લઈ શિક્ષણ વિભાગ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં કોમન કરિક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્કનો સરકારી ઠરાવ બહાર પાડવામાં આવશે. ત્યારબાદ તેના અમલીકરણ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર પણ જાહેર કરવામાં આવશે. જેનો અમલ ગુજરાતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વર્ષ ૨૦૨૩-૨૪થી ફરજિયાતપણે કરવાનો રહેશે.

યુજી સર્ટિફિકેટ, યુજી ડિપ્લોમા, ત્રણ વર્ષનો ડિગ્રી પ્રોગ્રામ જેમાં સ્નાતક કક્ષાની ડિગ્રી, સ્નાતક કક્ષાની ઓનર્સ, તથા સ્નાતક રિસર્ચ કક્ષાની ડિગ્રીઓ, એનાયત કરવામાં આવશે. આ માળખામાં મેજર (કોર) મુખ્ય પાઠ્યક્રમ રહેશે. ગૌણ વિષયમાં માઇનર ઈલેક્ટિવ, મલ્ટિડિસિપ્લીનરી (બહુવિદ્યાશાખાકીય), સંલગ્ન સબંધિત કોર્સિસનું બાસ્કેટ પણ રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થી સમર ઈન્ટર્નશિપ કોર્સિસથી ૪ ક્રેડિટ પ્રાપ્ત કરી શકશે. વિદ્યાર્થી ત્રણ વર્ષ પછી સ્નાતક, ચાર વર્ષના અભ્યાસ પછી સ્નાતક ઓનર્સ અથવા સ્નાતક ઓનર્સ વિથ રિસર્ચની ડિગ્રી નિયત ક્રેડિટ પ્રાપ્ત થતાં મેળવી શકશે. જે વિદ્યાર્થીઓ ચાર વર્ષની સ્નાતક ઓનર્સ/ રિસર્ચ ડિગ્રી મેળવશે, તેમણે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી માટે માત્ર એક જ વર્ષ અભ્યાસ કરવાનો રહેશે. વર્ષ ૨૦૨૩-૨૪ થી ક્રેડિટ અને અભ્યાસક્રમ માળખું (AICTE, PCI, BCI, COA, NCTE, વગેરે દ્વારા નિયંત્રિત સિવાયના અભ્યાસક્રમો) માટે લાગુ કરવાનું રહેશે. જ્યારે ચોથા વર્ષનો ઓનર્સ/ ઓનર્સ વિથ રિસર્ચ પ્રોગ્રામ (લેવલ-૦૬) શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી લાગુ થશે. ●

# હવે, PMJAY-મા યોજનામાં રૂ. ૧૦ લાખનું આરોગ્ય વીમાકવચ

PMJAY-મા યોજના અંતર્ગત રાજ્યના નાગરિકોને તા.૧૧ જુલાઈ, ૨૦૨૩થી આરોગ્ય વીમા સુરક્ષા પેટે રૂ.૧૦ લાખ સુધીની રકમ મળવાપાત્ર થશે. રૂ.૫ લાખના આરોગ્ય સુરક્ષા વીમાકવચની રકમ વધારીને રૂ. ૧૦ લાખ કરવામાં આવી હોવાનું પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ૧.૭૮ કરોડ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યાં છે. હાલ ગુજરાતમાં ૨,૦૪૫ સરકારી અને ૭૯૫ ખાનગી મળી કુલ ૨,૮૪૦ જેટલી હૉસ્પિટલ આયુષ્માન કાર્ડ અંતર્ગત એમ્પેનલ્ડ છે અને નિયત કરેલ પ્રોસિજરોની સેવાઓ નિ:શુલ્કપણે ઉપલબ્ધ બની છે. રાજ્યનો કોઇ પણ ગરીબ કે મધ્યમ વર્ગીય પરિવાર એકાએક આવી પડેલી આકસ્મિક બીમારીના સારવાર ખર્ચના કારણે દેવાદાર ન બને તેની ચિંતા રાજ્ય સરકારે કરીને આયુષ્માન કાર્ડથી મહત્તમ લોકોને લાભાન્વિત કરવાનું સુદૃઢ આયોજન હાથ ધર્યું છે. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, આયુષ્માન કાર્ડ અંતર્ગત દાવા નોંધણીના કિસ્સામાં વર્ષ ૨૦૧૮થી તા. ૨૬ જૂન, ૨૦૨૩ સુધીમાં ગુજરાતમાં અંદાજિત ૩૯ લાખ જેટલા દાવાઓ આયુષ્માન કાર્ડ અંતર્ગત નોંધવામાં આવ્યા હતા. આ સંખ્યાની દ્રષ્ટિએ ગુજરાત સમગ્ર દેશમાં પાંચમા ક્રમાંકે છે. જ્યારે અત્યાર સુધીમાં દાવાઓની રકમની દ્રષ્ટિએ રૂ. ૮,૦૮૧ કરોડની રકમના દાવા નોંધણી સાથે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે. નોંધનીય બાબત છે કે, પ્રવર્તમાન વર્ષમાં રૂ.૨,૮૦૦ કરોડની રકમના ક્લેમ(દાવા)ની નોંધણી થઇ છે. જે આગામી વર્ષમાં અંદાજિત રૂ.૩,૫૦૦ કરોડ રકમના ક્લેમ(દાવા)ની નોંધણી થવાનો અંદાજ છે. ●

# રાજ્ય સરકારના પડતર કેસોના મોનિટરિંગ, સંકલન અને નિરાકરણ માટે ઉચ્ચસ્તરીય સમિતિ બનાવાશે



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં થયેલ વિવિધ ચર્ચા સંદર્ભે રાજ્યના પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, હાઈકોર્ટમાં સરકારના પડતર કેસોનાં સતત મોનિટરિંગ, સંકલન તેમજ ઝડપી નિકાલ માટે એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવશે. આ ઉપરાંત, રાજ્ય સરકારના પડતર કેસોના ઝડપી નિકાલ માટે કાયદા વિભાગ દ્વારા બનાવવામાં આવેલ IILMS(INTEGRATED INSTITITIONAL LITIGATION MANAGEMENT SYSTEM) ની ઉપયોગિતાને અસરકારક બનાવવામાં આવશે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારના તમામ વિભાગો અને નોડલ અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે આ સંદર્ભે બેઠક પણ યોજવામાં આવી હતી. આ બેઠકમાં દરેક વિભાગના નોડલ અધિકારીની નિમણૂક તથા IILMSમાં એકાઉન્ટ કાર્યરત કરવાની કાર્યવાહી સત્વરે હાથ ધરવા માટે સૂચના આપવામાં આવી હતી. આ માટે દરેક નોડલ અધિકારીઓને IILMSની ઉપયોગિતા માટે પુન: તાલીમ પણ આપવામાં આવશે. આ સિસ્ટિમમાં દરેક વિભાગે તેમના વિભાગના તમામ કોર્ટ કેસોનું મેપિંગ કરવાનું રહેશે. તેમજ તેઓએ તાબાની તમામ કચેરીઓની વિગતો પણ કાયદા વિભાગને પૂરી કરવાની રહેશે.●

# શ્રી બહુચર માતાનું શિખરબદ્ધ મંદિર બનાવાશે

શ્રી બહુચર માતાજીના ભવ્ય નિર્માણની મંજૂરી રાજ્ય સરકારે આપી છે. રાજ્યના ધર્મપ્રેમી ભક્તોને દર્શન માટેની સગવડો ધ્યાને લઈ સોમનાથ, દ્વારકા, પાવાગઢનાં મંદિરના વિકાસની જેમ જ બહુચરાજી મંદિરનું નિર્માણ કરાશે એમ પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા માર્ગદર્શન અને ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતના દિશાનિર્દેશ હેઠળ રાજ્ય સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા માઈભક્તોની આસ્થાને ધ્યાને રાખીને બંસીપહાડપુર પથ્થરમાંથી આ મંદિરનું નિર્માણ કરાશે. મંદિરની હયાત જમીનના ડેટાની માહિતી મેળવવા તથા ડિઝાઈન તૈયાર કરાવવા માટે કન્સલ્ટન્ટ દ્વારા જરૂરી જમીનની વજન સહન કરવાની ક્ષમતા(SBC) અંગેના ટેસ્ટિંગ રિપોર્ટના આધારે પાયામાંથી શિખર સુધી ૮૬ ફૂટની ઊંચાઈ રાખવાનો નિર્ણય લેવાયો છે. મંદિર પરિસરના સર્વગ્રાહી વિકાસની કામગીરી હાથ ધરવા માટે રાજ્ય સરકાર દ્વારા ૭૦ કરોડથી વધુનો ખર્ચ કરવાનું આયોજન છે. આ મંદિર હયાત સ્થળની પરિસ્થિતિને ધ્યાને રાખી વરખડીવાળા સ્થાનને યથાયોગ્ય રાખી તથા વલ્લભભટ્ટના મંદિરમાં કોઈ પણ જાતનો ફેરફાર કર્યા સિવાય બંસીપહાડપુર સ્ટોનમાં મંદિર નિર્માણ પામશે. હાલનું બહુચરાજી મંદિર ૧૮મી સદીના અંતમાં માનાજીરાવ ગાયકવાડના શાસન દરમિયાન બાંધવામાં આવ્યું હતું અને રેતીના પથ્થરનો ઉપયોગ કરીને તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ●

# કેન્દ્રના કૃષિલક્ષી નિર્ણયોથી ગુજરાતના ખેડૂતોને લાભ

ભારત સરકારના કેન્દ્રીય ખાતર મંત્રીશ્રી દ્વારા વિવિધ રાજ્યોના કૃષિ મંત્રીશ્રીઓ સાથે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાતમાંથી કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ જોડાયા હતા.

કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં લેવાયેલા વિવિધ ચાર નિર્ણયોની કેન્દ્રીય ખાતર મંત્રીશ્રી દ્વારા વિગતવાર માહિતી આપવામાં આપી હતી. આ ચાર નિર્ણયોમાં



કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ વર્ષ માટે રૂ.૩.૬૮ લાખ કરોડની યુરિયા સબસિડી મંજૂર કરવામાં આવી છે. પી.એમ. પ્રણામ યોજના અંતર્ગત જે રાજ્ય સબસિડાઈઝ ખાતરનો વપરાશ ઘટાડશે તે રાજ્યને સબસિડીની થતી બચતના ૫૦% રકમ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવશે. ગોબરધન યોજના અંતર્ગત ઉત્પન્ન કરેલા બાયોગેસ અને કમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટમાંથી બનાવેલા ફર્મેન્ટેડ ઓર્ગેનિક મેન્યુર ખાતરને પ્રોત્સાહન આપવા માટે માર્કેટ ડેવલોપમેન્ટ આસિસ્ટન્ટ ઘટક તરીકે રૂ. ૧૫૦૦/મે.ટન. સબસિડી આપવામાં આવશે.

આ ઉપરાંત સલ્ફર કોટેડ યુરિયાને યુરિયા ગોલ્ડ નામથી લોન્ચ કરવામાં આવ્યું છે. જેમાં ૩૭% નાઈટ્રોજન યુરિયા ઉપર ૧૭% સલ્ફર તત્ત્વનું કોટિંગ કરાયું છે. જેનાથી યુરિયાનો કાર્યક્ષમ ઉપયોગ થશે તેમ જણાવી મંત્રીશ્રીએ ભારત સરકારના નિર્ણયને આવકારીને ગુજરાતમાં તેના ઝડપી અમલીકરણ માટે કટિબદ્ધતા દર્શાવી હતી.●

# અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં જિનેટિક ઓ.પી.ડી.ની શરૂઆત



**અમિતસિંહ ચૌહાણ**

ગુજરાત સરકાર રાજ્યના નાગરિકોને ઉત્તમ પ્રકારની આરોગ્ય સુવિધા પૂરી પાડવા કટિબદ્ધ છે. નાગરિકોને ઘર આંગણે સારામાં સારી અને સસ્તી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે દરેક જિલ્લામાં મેડિકલ કૉલેજ શરૂ કરવાનો સંકલ્પ કર્યો છે. આ ઉપરાંત, નાગરિકોને વિવિધ આરોગ્ય સુવિધા મળી રહે તે પ્રકારનાં નીતિઓ, નિર્ણયો કર્યાં છે. આ દિશામાં વધુ એક કડી જોડવાના પ્રયાસથી તાજેતરમાં અમદાવાદ સિવિલ હૉસ્પિટલ દ્વારા નવી જિનેટિક ઓ.પી.ડી. સેવા શરૂ કરવામાં આવી છે. સરકારી હૉસ્પિટલમાં જિનેટિક સેવા શરૂ કરનારી અમદાવાદ સિવિલ હૉસ્પિટલ સમગ્ર ગુજરાતમાં પ્રથમ છે.

જિનેટિક તકલીફ ધરાવતા અને ઓ.પી.ડી. સેવાનો લાભ મેળવવા દર્દીઓ અઠવાડિયામાં દર મંગળવારે અને શુક્રવારે હૉસ્પિટલ ખાતે લાભ મેળવી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં ત્રણ કે ચાર નામાંકિત યુનિવર્સિટીઓને બાદ કરતા, આ પ્રકારની સુવિધા કદાચ અન્ય ક્યાંય ઉપલબ્ધ નથી, તેમ સિવિલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું.

આ ઓ.પી.ડી.માં એવા દર્દીઓ આવી શકે જેઓ જિનેટિક રોગથી પીડાતા હોય. ખાસ કરીને ન્યૂરો સર્જિકલ અથવા ન્યૂરોમેડિકલ દર્દીઓ કે જેમને લકવો હોય, મેન્ટલ રિટાર્ડેશન હોય અથવા જેમને ખેંચ આવતી હોય, હૃદયરોગથી પીડિત દર્દીઓ, કન્જેનેટલ એડ્રિનલ હાઈપર પ્લેજિયા અથવા ડિસેમિનેશન ઓફ સેક્સ એટલે કે ઈન્ટરસેક્સથી પીડાતા દર્દીઓ અથવા મેટાબોલિક ડિસઓર્ડર્સ જેમાં દર્દીને વીકનેસ અથવા એવું કહી શકાય કે કોઈ પણ જાતની તકલીફ હોય જેનું કારણ મેટાબોલિક ડિસઓર્ડર્સ જેમાં ખાસ કરીને વિટામિનની ખામી હોય એવા દર્દીઓએ આ ઓ.પી.ડી. સેવાનો લાભ લેવા ડૉ. જોષીએ જણાવ્યું હતું. પીડિયાટ્રિક મેડિસિન અને ન્યૂરો મેડિસિનમાં આવતા દર્દીઓ જે લોકો જિનેટિક રોગોથી પીડાતા હોય અથવા કન્જનાઈટલ હાર્ટ ડિસીસથી પીડાતા હોય એવા વ્યક્તિઓ એના પરિવારજનો આ ઓ.પી.ડી.નો લાભ લઈ શકશે.

ઉપરાંત, કેન્સરના એવા દર્દીઓ કે જેમના કુટુંબમાં પણ અન્ય સભ્યોમાં પણ કેન્સરના કિસ્સાઓ જોવા મળે છે તેમના માટે પણ આ જિનેટિક ક્લિનિક આવા કેન્સરને દર્દીના કુટુંબમાં આગળ વધતું અટકાવવા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે. આવા કોઈ પણ દર્દી જ્યારે ડિટેક્ટ થાય ત્યારે તેના પરિવારમાં ભાઈ-બહેન અથવા પેરેન્ટ્સને કોઈ જિનેટિક ડિસઓર્ડર છે કે નહીં એના માટેનું કન્સલ્ટિંગ ત્યાં કરી શકાશે અને આવા જિનેટિક રોગોને આવનારી પેઢીમાં જતા અટકાવવામાં આ ક્લિનિક સિંહફાળો આપશે. ●

# ...હરેશ અને મહેશ ફરીથી સ્કૂલમાં જવા લાગ્યા

**તેજસ રૂપાણી**



શિક્ષણ એવું શસ્ત્ર છે જેના દ્વારા પોતાનો તથા સમગ્ર સમાજનો વિકાસ કરી શકાય છે. ગુજરાત સરકારે હરહંમેશ શિક્ષણને પ્રાધાન્ય આપ્યું છે. રાજ્યનો એક પણ નાગરિક શિક્ષણથી વંચિત ન રહે તે માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાત સરકાર શિક્ષણની જ્યોત છેવાડાના માનવી સુધી પહોચાડવાનાં ભગીરથ પ્રયાસ કરી રહી છે. એટલું જ નહીં, શિક્ષણ ઉપરાંત સરકારી યોજનાની સહાયથી પણ કોઈ વંચિત ન રહે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વર્ષ ૨૦૦૩થી ગામોગામ શિક્ષણ યજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. આ માર્ગ ઉપર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં 'ટીમ ગુજરાત' આગળ વધી રહી છે.

રાજ્ય સરકાર કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે અને વચ્ચેથી શિક્ષણ છોડી ન દે તેવા ધ્યેય સાથે ઉમદા કાર્ય કરી રહી છે અને આવાં બાળકોને શોધી શોધી શિક્ષણના માર્ગે વાળવાનું કામ ખૂબ જ ઉત્સાહપૂર્વક કરી રહી છે. શિક્ષણથી વંચિત બાળક માટે સરકાર કેટલી કટિબદ્ધ છે તેનું ઉદાહરણ મોરબીમાં જોવા મળ્યું. મોરબીનાં વાવડી રોડ ઉપર ઝૂંપડામાં રહેતા બે બાઈઓ મહેશ અને હરેશનો અભ્યાસ છૂટી ગયો હતો. તેમના પિતા નરશીભાઈ પરમાર પતરાના કારખાનામાં કામ કરે છે અને માતા મધુબેન ફુગ્ગા, રમકડાંની ફેરી કરી ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યાં છે. મોરબીના બાળ સુરક્ષા એકમને આ વાત

# PMJAY ટ્રિપ્લેટ બાળકોના અવતરણનું કારણ બની



**ઈશ્વર ચૌધરી**

પ્રધાનમંત્રી જનઆરોગ્ય કાર્ડ એ માત્ર એક સામાન્ય કાર્ડ નથી,પરંતુ મુશ્કેલીમાં મુકાયેલા પરિવાર માટે આરોગ્યના આશીર્વાદ છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના લોકોના સ્વાસ્થ્યની સુખાકારી માટે શરૂ કરેલી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય વીમા યોજના છે, જેમાં દેશના પ્રત્યેક ગરીબ નાગરિકને મોટી બીમારીઓ અને ઑપરેશન તેમજ હૉસ્પિટલમાં કરવામાં આવતી તમામ પ્રક્રિયાનો લાભ વિનામૂલ્યે મળી રહ્યો છે. આ યોજના અંતર્ગત બાયપાસ સર્જરી, મોતિયો, કોર્નિયલ ગ્રાફ્ટિંગ, ઓર્થોપ્લાસ્ટી, છાતીમાં ફ્રેક્ચર, યુરોલોજિકલ સર્જરી, સિઝેરિયન ડિલિવરી, ડાયાલિસિસ, સ્પાઇન સર્જરી, બ્રેન ટ્યૂમર સર્જરી તેમજ કેન્સરની વિવિધ સર્જરી મફત કરી આપવામાં આવે છે.ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં તા. ૧૧ જુલાઈથી રાજ્યના ૧.૭૯ કરોડ PMJAY-મા કાર્ડધારકોને આયુષ્માન કાર્ડ અંતર્ગત મળતી રૂ. ૫ લાખની આરોગ્ય વીમા કવચની સહાયની રકમ રૂ. ૧૦ લાખ કરવામાં આવી છે.જેથી,ભવિષ્યમાં વધુ ખર્ચવાળી જટિલ સર્જરી પણ વિનામૂલ્યે શક્ય બનશે.

પંચમહાલ જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ ૩.૬૦ લાખ ઉપરાંત લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યાં છે. ચાલુ વર્ષે PMJAY અંતર્ગત કુલ ૯૧ હજાર લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. સપ્ટેમ્બર ૨૦૧૮થી અત્યાર સુધી પંચમહાલ જિલ્લામાં કુલ ૩૧,૯૪૭ દાવા થકી લાભાર્થીઓને રૂ.૭૮.૬૪ કરોડની સારવાર સહાયનો લાભ આપવામાં આવ્યો છે. જિલ્લામાં કુલ ૧૦ ખાનગી અને ૨૯ સરકારી હૉસ્પિટલમાં આ યોજના હેઠળ જોડાયેલ છે. પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના વાલૈયા ગામમાં ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવતા રોહિતભાઈ કટારાનાં પત્નીને પ્રસૂતિને લઈને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ તેમની પત્નીને એકસાથે ત્રણ બાળકો (ટ્રિપ્લેટ)ની ડિલિવરી થઈ હતી.જન્મ સમયે આ બાળકોનું વજન ખૂબ ઓછું હતું. આવા સંજોગોમાં આ ટ્રિપ્લેટ બાળકોનું આ ધરતી પરનું આગમન જોખમમાં મૂકાયું હતું. ખાનગી હૉસ્પિટલમાં તે માટેનો ખર્ચ પણ દોઢ થી બે લાખ રૂપિયા જેટલો થાય તેમ હતો.

રોહિતભાઈ આ ખર્ચ કરી શકે તેમ ન હતા. આવા કપરા સમયે પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ (આયુષ્માન કાર્ડ) કડીરૂપ બની આશીર્વાદરૂપ પુરવાર થયું. આ અંગે તેમણે જણાવ્યું હતું કે, મારા ત્રણેય બાળકોની સારવાર PMJAY અંતર્ગત નિ:શુલ્ક કરવામાં આવી હતી. મારાં બાળકોને આ કાર્ડે જીવનદાન આપ્યું છે. આ માટે રાજ્ય અને કેન્દ્ર સરકારનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. ●

---

ધ્યાને આવી. મોરબી જિલ્લામાં બાળ સુરક્ષા એકમ દ્વારા વિદ્યાર્થી અને માતા-પિતાને માર્ગદર્શન અને હૂંફ આપવામાં આવી. ફરી શાળામાં અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

બાળ સુરક્ષા એકમ-મોરબી દ્વારા મહેશને ધોરણ - ૩ અને હરેશને ધોરણ- ૪માં પ્રવેશ આપવામાં આવ્યો છે. તેમજ રૂ. ૨૦૦૦ની ઉચ્ચક સહાય પણ તેના બેંકના ખાતામાં જમા કરવામાં આવી હતી. આ ઉપરાત મહેશ, હરેશ અને તેના માતા-પિતાનાં આધાર કાર્ડ બનાવવામાં આવ્યાં છે. માતા-પિતાને આવકનો દાખલો, રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, શ્રમ કાર્ડ વગેરે કાઢી આપવામાં આવ્યાં છે. એ સાથે સરકારની યોજનાઓના લાભ મેળવવા માર્ગદર્શન આપી જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે. આરોગ્ય વિભાગ એ સમગ્ર પરિવારનું હેલ્થ સ્ક્રિનિંગ કરી અને આયુષ્માન કાર્ડ યોજનાનો લાભ પણ પરિવારને આપવામાં આવ્યો છે.



મોરબી જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી વિપુલ શેરશિયાએ જણાવ્યું હતું કે, બાળસુરક્ષાના સ્ટાફની નિયમિત મુલાકાત તથા કાઉન્સેલિંગ કરતાં આ બન્ને બાળકો નિયમિત શાળાએ જતાં થયાં છે. બાળકોને સ્કૂલ બેગ, લંચ બોક્સ, વોટર બોટલ, કપાસ સહિતની વસ્તુઓ આપવામાં આવી હતી. બાળકોને શિક્ષણની વસ્તુઓ મળવાથી ખુશખુશાલ થઈ ગયાં હતાં. ●

# 'મિષ્ટી' પ્રોજેક્ટથી દરિયાઈ વિસ્તારોની કાયાપલટ થશે

**દેવાંગ મેવાડા**

માનવી પોતાના સુખ માટે નવી-નવી શોધો કરતો રહ્યો. આ શોધોથી માનવજાતને રાહત થઈ પણ પર્યાવરણને તેથી નુકસાન થયું. માનવીએ વિજ્ઞાનનો સહારો લઈને અસંખ્ય શોધો કરી, કાળક્રમે આ શોધોના કારણે પર્યાવરણ સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા. આજે પૃથ્વીનું તાપમાન જે રીતે વધી રહ્યું છે, તેને કાબૂમાં કરવામાં નહીં આવે તો આવનારી પેઢીને શુદ્ધ હવા, પાણી અને વાતાવરણનો લાભ નહીં મળી શકે. ગ્લોબલ વોર્મિંગની અસરના કારણે ગ્લેશિયર પીગળી રહ્યાં છે. આ ગ્લેશિયર પીગળવાથી દરિયામાં પાણીના સ્તર ઊંચા આવી રહ્યા છે. તેના કારણે દરિયાકિનારાના વિસ્તારો ડૂબમાં જવાની સંભાવના વધી છે. તેમજ દરિયામાં વાવાઝોડું તથા ત્સુનામી આવવાની ઘટનાઓ દિન-પ્રતિદિન વધી રહી છે. ગુજરાત ૧૬૦૦ કિ.મિ. લાંબો દરિયાકિનારો ધરાવે છે. ત્યારે ગુજરાતે પર્યાવરણની જાળવણી માટે પ્રયાસો શરૂ કરી દીધા છે. તાજેતરમાં પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાતે મેન્ગ્રુવનાં વૃક્ષોનું વાવેતર વધારવા અભિયાન હાથ ધર્યું છે.

સમુદ્ર-દરિયાકિનારા કે નદીકિનારા પર હંમેશાં તરોતાજા દેખાતા મેન્ગ્રુવનું નિર્માણ કરવામાં આવશે. મેન્ગ્રુવ જંગલો દરિયાકાંઠાના ઈકોસિસ્ટિમનો આવશ્યક ઘટક છે, જે વિવિધ પ્રકારના પર્યાવરણીય અને સામાજિક-આર્થિક લાભો પ્રદાન કરે છે. જોકે, આ જંગલો વિવિધ માનવજાત અને કુદરતી પરિબળો જેવાં કે, વન-નાબૂદી, શહેરીકરણ, આબોહવા પરિવર્તન અને કુદરતી આફતોથી જોખમમાં છે. આ જોખમોનો સામનો કરવા અને મેન્ગ્રુવ ઈકોસિસ્ટિમના સંરક્ષણ માટે, ભારત સરકારે MISHTI (મેન્ગ્રુવ ઈનિશિયેટિવ ફોર શોરલાઈન હેબિટેટ્સ એન્ડ ટેન્જિબલ ઈન્કમ્સ- દરિયાઈકાંઠાના નિવસનતંત્ર અને મૂર્ત આવક માટે ચેરનાં છોડની પહેલ) યોજના શરૂ કરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી ગુજરાત ગ્રીન ગ્રોથ-હરિત વિકાસની નવી ઊંચાઈ હાંસલ કરશે. ક્લાયમેટ ચેંજ અને ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે પર્યાવરણ જતનની લડાઈ લડીને આવનારી પેઢીને સ્વસ્થ ભવિષ્ય આપવાનો ગુજરાતે સંકલ્પ કર્યો છે.

રાજ્ય સરકારે તાજેતરમાં વન અને પર્યાવરણ વિભાગના ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. જેમાં ગ્રીન અંબાજી પ્રોજેક્ટ અન્વયે વન વિભાગે ગબ્બર પર્વત નજીક મિયાવાકી પદ્ધતિથી તૈયાર કરેલા ૧૦ હજાર રોપાઓના 'વન કવચ'નું લોકાર્પણ કર્યુ હતું. આ કાર્યક્રમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે તેમણે ગુજરાતમાં ગ્રીન કવરની વૃદ્ધિ સાથે વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં વધારો કરવા સમગ્ર રાજ્યમાં ૮૨ સ્થળોએ ૧૦૦ હેક્ટરમાં ૧૦ લાખ વૃક્ષોના આવાં 'વન કવચ'ની નેમ દર્શાવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંબાજી તથા તેની આસપાસના ડુંગરાળ વિસ્તારોમાં જ્યાં કુદરતી રીતે બીજ નથી પહોંચતાં અને ધીરે-ધીરે વનસ્પતિનું આવરણ ઓછું થતું જાય છે તેવા ૧૦૦ થી ૨૦૦ હેક્ટર વિસ્તારોમાં ડ્રોન ટેક્નોલોજીની મદદથી સીડ બૉલ અને સીડ વાવેતરનો પ્રારંભ કરાવ્યો હતો.







### મિષ્ટી યોજના શું છે?

મેન્ગ્રુવ ઈનિશિયેટિવ ફોર શોરલાઈન હેબિટેટ્સ એન્ડ ટેન્જિબલ ઈન્કમ્સ (MISHTI) સ્કિમ એ એક નવી પહેલ છે જે ભારતના દરિયાકાંઠે અને મીઠાનાં અગરોની જમીન પર મેન્ગ્રુવ વાવેતરને સરળ બનાવશે. આ યોજનાની વર્તમાન બજેટમાં જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકારે ખાસ જગ્યાઓ પસંદ કરી છે. જેનો અમલ રાષ્ટ્રીય તટીય સંરક્ષણ પ્રબંધન પ્રાધિકરણ દ્વારા કરવામાં આવી રહ્યો છે.

આ કાર્યક્રમ "MGNREGS, કેમ્પા ફંડ અને અન્ય સ્રોતો વચ્ચેના સંકલન દ્વારા કાર્યરત થશે. જેનો હેતુ દરિયાકાંઠાનાં મેન્ગ્રુવ જંગલોના સઘન વનીકરણ વધારવાનો છે. બંગાળમાં સુંદરવનમાં આવેલું મેન્ગ્રુવ જંગલ દેશમાં સૌથી વિશાળ છે, તે ઉપરાંત દેશનાં ઘણાં વિસ્તારોમાં મેન્ગ્રુવનાં જંગલો આવેલાં છે.

### મેન્ગ્રુવ્સ શું છે?

મેન્ગ્રુવ્સ એ ઉષ્ણકટિબંધીય અને ઉપઉષ્ણકટિબંધીય દરિયાકાંઠાની લાક્ષણિકતા દરિયાઈ છોડ ધરાવતો છે. મેન્ગ્રુવ એ છોડ છે, જે ખારા પાણીને સહન કરવાની નોંધપાત્ર ક્ષમતા ધરાવે છે.

### મેન્ગ્રુવ્ઝની વર્તમાન સ્થિતિ-

વૈશ્વિક સ્તરે દક્ષિણ એશિયા મેન્ગ્રુવ્સના કેટલાક સૌથી વ્યાપક વિસ્તારો ધરાવે છે. દક્ષિણ એશિયાની મેન્ગ્રુવના લગભગ ૩ ટકા ભારત ધરાવે છે. ઈન્ડિયન સ્ટેટ ઑફ ફોરેસ્ટ રિપોર્ટ (IFSR) ૨૦૨૧ અનુસાર, ભારતમાં લગભગ ૪,૯૯૨ ચોરસ કિ.મિ. (૦.૪૯ મિલિયન હેક્ટર) મેન્ગ્રુવ્સ છે. પશ્ચિમ બંગાળમાં સુંદરવન ઉપરાંત આંદામાન પ્રદેશ, ગુજરાતમાં કચ્છ અને જામનગરમાં મેન્ગ્રુવથી આચ્છાદિત છે.

### મેન્ગ્રુવ્ઝનું મહત્વ :

**દરિયાકાંઠાનું રક્ષણ:** આબોહવા પરિવર્તન સમગ્ર વિશ્વમાં આત્યંતિક હવામાનની ઘટનાઓની ઘટનાઓમાં વધારો કરે છે, મેન્ગ્રુવનું વાવેતર દરિયાકાંઠાની જમીનને પૂર, જમીનના ધોવાણને અટકાવવા માટે બફર તરીકે કામ કરે છે.

**દરિયાકાંઠાના ધોવાણને ઘટાડવું:** મેન્ગ્રુવનાં મૂળ જમીનને બાંધે છે અને જમીનની ઉપરનાં મૂળ પાણીના પ્રવાહને ધીમો કરે છે અને પરિણામે કાંપ જમા થાય છે, દરિયાકાંઠાના ધોવાણને ઘટાડે છે. મેન્ગ્રુવ વૃક્ષો ખારા પાણીમાં ઊગી શકે છે અને ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલો કરતાં ચાર ગણા વધુ કાર્બનને શોષે છે. મેન્ગ્રુવ્સ સપાટીના માત્ર ૦.૧ ટકાને આવરી લે છે. તેમ છતાં, તેઓ બીજા જંગલો કરતાં હેક્ટર દીઠ ૧૦ ગણા વધુ કાર્બનનો સંગ્રહ કરી શકે છે.

પર્યાવરણના જતનમાં મેન્ગ્રુવની અગત્યની ભૂમિકા ધ્યાને લઈને જ સરકારે મેન્ગ્રુવના વાવેતર માટેના કાર્યક્રમ MISHTIની શરૂઆત કરી છે. દરિયાઈ વિસ્તારમાં વિવિધ પ્રકારની જીવસૃષ્ટિ ધરાવતું મેન્ગ્રુવ(ચેર) દરિયાની ભરતીનાં મોજાથી કાંઠા વિસ્તારનું ધોવાણ અટકાવે છે. મેન્ગ્રુવનાં મૂળ જમીનના ધોવાણથી આવેલ કાંપને અસરકારક રીતે પકડીને ફિલ્ટરનું કામ કરે છે. ખારાશવાળા સખત દરિયાઈ પવનોને મેન્ગ્રુવ આગળ વધતાં અટકાવે છે. મેન્ગ્રુવ મોટા જથ્થામાં પાંદડા ઉત્પન્ન કરે છે જેમાંથી ઉત્પન્ન થતો સેન્દ્રિય બાયોમાસ દરિયાઈ જીવો માટે ખોરાક તરીકે કામ આવે છે. મેન્ગ્રુવના વૃક્ષો વિવિધ પ્રકારના પક્ષીઓને રહેઠાણ તેમજ સંવર્ધન અને આશ્રયસ્થાન પૂરું પાડે છે. મેન્ગ્રુવ સ્થાનિક હવામાન સુધારે છે. સ્થાનિક લોકોને બળતણ, ચરિયાણ તેમજ લાકડા મેળવવાનો મેન્ગ્રુવ અગત્યનો સ્ત્રોત છે. ફિશિંગ નેટની ટ્રેનિંગ માટે માછીમારો રાઈઝફોરા અને સીરીઓપ્સના મેન્ગ્રુવ વૃક્ષોની છાલનો ઉપયોગ કરે છે.

MISHTI યોજના હેઠળ, સરકાર સ્થાનિક સમુદાયોને મેન્ગ્રુવ વાવેતરની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે નાણાકીય સહાય પૂરી પાડે છે. આ યોજનામાં લોકોને મેન્ગ્રુવ્ઝના મહત્વ અને પર્યાવરણના રક્ષણમાં તેમની ભૂમિકા વિશે શિક્ષિત કરવા માટે જાગૃતિ અભિયાનનો પણ સમાવેશ થાય છે. આ પહેલનું ટકાઉપણું અને સામુદાયિક





માલિકી સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક સમુદાયો અને એન.જી.ઓ.ને સામેલ કરીને વૃક્ષારોપણની પ્રવૃત્તિઓ સહભાગી રીતે હાથ ધરવામાં આવે છે.

એકંદરે, MISHTI યોજના ટકાઉ વિકાસને પ્રોત્સાહિત કરવા અને ભારતના સંવેદનશીલ દરિયાકાંઠાના વિસ્તારોનું રક્ષણ કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે.

## MISHTI યોજના 2023 ના ઉદ્દેશ્યો

MISHTI- યોજનાના ઉદ્દેશ્યો વ્યાપક છે, જેનો ઉદ્દેશ મેન્ગ્રુવ ઇકોસિસ્ટિમને બચાવવા, સ્થાનિક સમૂદાયો માટે ટકાઉ આજીવિકાને પ્રોત્સાહન આપવા અને દરિયાકાંઠાની ઇકોસિસ્ટિમની સ્થિતિસ્થાપકતાને વધારવાનો છે. યોજનાના ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

૧. પશ્ચિમ બંગાળમાં સુંદરવન ડેલ્ટા અને હુગલી નદીમુખ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને દરિયાકિનારે અને ભારતમાં ખારાશવાળી જમીન પર મેન્ગ્રુવ આવરણ વધારવું.

૨. મેન્ગ્રુવ જંગલોના વાવેતર અને જાળવણીમાં સ્થાનિક સમૂદાયો અને એન.જી.ઓ.ને સામેલ કરીને સમૂદાય આધારિત મેન્ગ્રુવ વાવેતર અને સ્થાપન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું

૩. ધોવાણ, વાવાઝોડાં અને દરિયાઈ સપાટીના વધારા સામે રક્ષણ કરીને દરિયાકાંઠાની ઇકોસિસ્ટિમની ઇકોલોજિકલ સ્થિતિસ્થાપકતામાં સુધારો કરવો.

૪. મેન્ગ્રુવ ઇકોસિસ્ટિમની જૈવવિવિધતાને વધારવી અને જોખમી જૈવ વિવિધતાને સંરક્ષિત કરવી.

૫. સ્થાનિક સમૂદાયો માટે ટકાઉ આજીવિકાની તકો પેદા કરવી જેમ કે ઇકો ટુરિઝમ, કરચલા ઉછેર અને મધ ઉત્પાદન. ●

### દ્વારકામાં હરિયાળી મહોત્સવ ૨૦૨૩ યોજાયો

# ગુજરાતના દરિયાકિનારાના સંરક્ષણ-જાળવણી માટે ૩૦૦૬ હેક્ટરમાં મેન્ગ્રુવ્સનું વાવેતર કરાશે

દ્વારકા જિલ્લાના રૂક્ષ્મણી મંદિર ખાતે વન મહોત્સવ અઠવાડિયાની ઉજવણીના ભાગરૂપે તાજેતરમાં હરિયાળી મહોત્સવ ૨૦૨૩ કાર્યક્રમનું આયોજન કેન્દ્રના પર્યાવરણ, વન, જળવાયુ પરિવર્તન અને શ્રમ રોજગાર વિભાગના મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ યાદવ તેમજ રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક વારસો, વન અને પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ વિભાગના મંત્રી શ્રી મૂળુભાઈ બેરાની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. જેમાં મહાનુભાવો, વિદ્યાર્થીઓ, એન.સી.સી. કેડેટ્સ, માછીમાર સમુદાયના પ્રતિનિધિઓ, વન વિભાગના અધિકારીશ્રીઓ અને અન્ય કર્મચારીશ્રીઓ દ્વારા ચેરનું પૂજન અને વાવેતર કરવામાં આવ્યું હતું. આ સાથે, વિવિધ ૬ કોર્પોરેટ્સ પાર્ટનર સાથે મિષ્ટી પ્રોજેક્ટ હેઠળ વન વિભાગ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત, કાર્યક્રમમાં વન વિભાગના અધિકારીશ્રીઓ કરેલ વિશેષ કામગીરી બદલ તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.




આ કાર્યક્રમમાં કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ યાદવે જણાવ્યું હતું કે, પ્રકૃતિનું જતન કરવું આપણા સૌની જવાબદારી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વને મિશન લાઇફનો મંત્ર આપ્યો છે. ભારત સરકાર દ્વારા આવનારી કુદરતી આફતો સામે લડી શકાય તે માટે પર્યાવરણના જતન માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કામગીરી કરવામાં આવી રહી છે. ગુજરાત સરકાર દ્વારા બિપરજોય વાવાઝોડા દરમિયાન આગોતરું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પરિણામે રાજ્યમાં એક પણ માનવ મૃત્યુ થયું નથી તે બદલ સરકારને અભિનંદન પાઠવ્યા હતા. આવનારા સમયમાં પણ કુદરતી આફતો સામે લડી શકાય તે માટે પર્યાવરણનું સંરક્ષણ ખૂબ જ જરૂરી છે તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે ગુજરાતના વિશાળ દરિયાકિનારાના ૩૦૦૬ હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રુવના વાવેતર માટે વિવિધ ૬ કોર્પોરેટ્સ સાથે MOU કરવામાં આવ્યા તે બદલ વન વિભાગને તેમજ કંપનીઓને અભિનંદન પાઠવ્યા હતા. જે પ્રકારે ભગવાનને સૌથી વધુ મિષ્ટીનો ભોગ ધરવામાં આવે છે તે જ પ્રકારે દરિયાકિનારાને મિષ્ટી રૂપી ચેરના વૃક્ષોની ભેટ આપવા બદલ રાજ્ય સરકારને શુભકામનાઓ પાઠવી હતી.

રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, હરિયાળી મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિન-૨૦૨૩ના રોજ 'મિષ્ટી યોજના' અમલમાં મુકવામાં આવી હતી. જેમાંથી ગુજરાતમાં ૨૫ જગ્યાએ ચેરનું વાવેતર કરવામાં આવ્યું છે. રૂક્ષ્મણી મંદિર પાસે ચેરનાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું તેના થકી જમીનનું ધોવાણ થતું અટકશે.

આ તકે સાંસદ શ્રી પૂનમબહેન માડમ, કેન્દ્રીય વન, આબોહવા અને કલાઈમેટ ચેન્જ વિભાગના મહાનિયામક અને ખાસ સચિવ શ્રી ચંદ્રપ્રકાશ ગોયલ, ધારાસભ્ય શ્રી ઉદય કાનગડ સહિત વન વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# મહીકાંઠે ફાંસિયો વડ

કેટલીક કથા છે, દંતકથા છે, લોકકથા અને દસ્તાવેજોય છે... પણ તેને વાચા આપવાનું આટલાં વર્ષો સુધી ભૂલાઈ જ ગયું હતું. જાણે ! આ પીડાની સાથે ભળી ગયો સમર્પણનો જ્વલંત અધ્યાય ! ખેડા, આણંદ, સારસા, મહી નદીની કોતરો અને કિનારાનાં ગામડાંઓ, રાજરસ્તાથી દૂ..ર અંતરિયાળ ગામો - નકશામાંયે શોધ્યો ના મળે તેવાં ટપકાં જેવડાં સ્થાનો...

અમદાવાદથી વડોદરા જતા સારસા ગામ આવે છે. સતકેવલ સાહેબના દેવસ્થાનથી જાણીતું... પણ આ સારસાની આસપાસ ક્યાંક એક ફાંસિયો વડ છે... તે ક્યાં ? ૧૮૫૭ના સ્વાતંત્ર્ય જંગ દરમિયાન આ વડલાની વડવાઈએ ગ્રામજનોને લટકાવીને ગોળીએ દેવાયા હતા. 'બહાદુર' કંપનીરાજના લશ્કરે આ દુષ્કૃત્ય દાખવેલું - ગામડાની પ્રજા, અમારી સરકારની સામે માથું ઊંચકે, એ કેમ ચાલે ? છેક મુંબઈથી ગોરા કમિશનરનો આદેશ હતો. કોઈને જેલ-બેલની સજા ના કરશો, સીધા ફાંસીએ લટકાવી દેજે !

સેંકડો લોકોને આ વડલે લટકાવીને મારી નખાયા. કોણ હતા તે બધા ? સરકારી ચોપડે તે અભણ, અજાણ, અનામીઓનાં કોઈ નામ મળતાં નથી, પણ તેની કરુણ યાદ કરાવતું સ્થાન જરૂર છે - ફાંસિયો વડ!

સારસા ગામ જતા રસ્તા પર એક ચાની કીટલીવાળાને પૂછ્યું : 'સારસા અહીંથી જવાશે ?'

'હોવ્વે... સીધેસીધા...

"અને ફાંસિયો વડ ?' અમે આગળનો સવાલ કર્યો.

ચાની કીટલીમાં ગરમ પાણી નાખતાં તે થોડીવાર તો ચૂપ રહ્યો પછી કહે : હા, હા, યાદ આવ્યું, હમણાં અમારે ત્યાંથી જવાનિયા ત્યાં ગયા'તા ખરા... મોટી સભા કરી'તી.... અઢારસો સત્તાવન... કે એવું કાંઈક...

'હા, તે જ ઉજવણી હતી. ૧૮૫૭ને દોઢસો વર્ષ થવાનાં છે, તને ખબર છે ?

'ના હો, અહીં ચા ઉકાળવા બેસું કે એવી ખબર રાખું... પણ ઈ ફાંસિયો વડ છે ખરો...

ચા પીનારો એક ઉત્સાહી યુવાન - સુરેશ - કહે, ચાલો, તમને એ જગ્યા બતાવું.

સારસાથી બે કિલોમિટર દૂર, મહી નદીની કોતર પાસે જંગલ જેવા રસ્તે એ જગ્યા છે, પણ સુરેશને પૂરો અંદાજ નહોતો, એટલે નવ કિલોમિટર દૂર મોગર સુધી અમે પહોંચ્યા. ત્યાં પૂર્વ ધારાસભ્યને કશીક માહિતી હોય એમ માનીને તેમના મોટા મકાનમાં ગયા. તેણે અંદાજ આપ્યો પણ ઈતિહાસ વિશે અજ્ઞાન !

દસેક કિલોમિટરનો ફેરો કરીને મહીકાંઠે પહોંચ્યા; નદીની એક તરફે ખાડાટેકરાવાળી પગદંડી. મોટર તો માંડ ચાલે, પે...લું દેખાય ખેતર, તે કૂવાથી જમણી તરફ વડ છે...' આટલી નિશાની સુધી પહોંચતાં જ કલાક લાગ્યો. આસપાસ વસતિ તો કેવી ? રડ્યોખડ્યો ખેડૂત કે ખેતમજૂર નજરે ચડે. કોઈને કશી જ ખબર નહીં.



એ કૂવાથી અંદરના અંતરિયાળ રસ્તે આરતી અને એક ગ્રામવાસી સાથી કૅમેરા સાથે નીકળ્યા. એમ હતું કે સ્થાન પાસે જ હશે પણ રસ્તો લંબાતો ગયો. કાચી કેડી પર ઝાંખરાને પાર કરીને બે-ત્રણ કિલોમીટર પગપાળા ચાલ્યા ત્યારે આસપાસનાં ઝાડીઝાંખરાની વચ્ચે એક નાનકડી દેરી દેખાઈ.

'વડલો મળ્યો ?'

ઈ તો ઘણા વખત પહેલાં જ તૂટી પડેલો. આ તેની જગ્યા રહી ગઈ છે. ઝાડનું એક ઠૂંઠું - કલ્પના જ કરવાની કે આ ફાંસિયો વડ હતો ! અહીં કોઈ આવતું નથી, જતું નથી, મેળો ભરાતો નથી, કાર્યક્રમો થતા નથી, બલિદાનનાં ગીતો કોઈ ગાતું નથી...

મહી કાંઠાની કોતરોને જો વાચા મળે તો ?

- તો, ૧૮૫૭માં અહીં જે વિપ્લવીઓ અને ખેડૂતોને તોપના ગોળે કે ઝાડની ડાળી પર લટકાવીને મારી નાખવામાં આવ્યા તેની દઝાડતી કહાણીની પરંપરા સર્જાય તેમ છે.

મહી કિનારાના બંને કિનારે અંતરિયાળ ગામડાંઓમાં આવી ઘટનાઓ બની. પંચમહાલ અને આખેઆખો મહી કાંઠો તેમાં સામેલ હતાં. દાહોદના રસ્તે ક્રાંતિકારો ગુજરાતમાં પહોંચ્યાની જાણ થતાં જ આ લોહિયાળ જંગ ચાલુ થઈ ગયેલો. ઈંદોર, મહુ, ઝાબુઆમાં અંગ્રેજ છાવણીઓ નેસ્તનાબૂદ કરીને તેઓ આગળ વધ્યા અને મહી-પંચમહાલના સ્થાનિકોનો ટેકો મળ્યો. ૧૮૫૭ની ૧૫ જુલાઈએ ડાકોરના સૂરજમલે લુણાવાડા જીતી લીધું. પાલના જમીનદાર ચારણ કાનદાસ તેમની સાથે રહ્યા. રાજાએ અંગ્રેજો પાસે મદદ માગી, અંગ્રેજોએ પાલને સળગાવી દીધું. કાનદાસ પકડાયો, પણ સૂરજમલ ના મળ્યો, પછી ખાનપુરને બાળી મૂકાયું. એક બીજું ખાનપુર આણંદ પાસે, તેના વિપ્લવી જીવાભાઈ ઠાકોરને ફાંસી આપવામાં આવી, ગામનો નાશ કરાયો. વડોદરા - આણંદ વચ્ચે અંગ્રેજ લશ્કરે અત્યાચારો કર્યા. વડલાની ડાળીએ લટકાવીને ફાંસી આપી, એમાંનો એક 'ફાંસિયો વડ', તેની જગ્યા મોજૂદ છે તે નિહાળતાં ગુલામ ભારતના દુર્ભાગ્યનો સમયપટ નજર સામે હતો !

વેરાન જગ્યાએ બસ, એક દેરી. સેંકડો માણસોના, સત્તાવનમાં થયેલાં મોતનો એક્સામટો હાહા-કા-ર સંઘરીને બેઠેલી જગ્યા ! શા માટે 'બિસ્મિલે' ગાયું હતું, આ મહેચ્છાગીત ? શહીદોં કી મજારો પર, હર બરસ જૂડેંગે મેલે.... વતન પે મરનેવાલોં કા, યહી નામોનિશાં હોગા !

બપોરના તમતમતા સૂર્યતાપની વચ્ચે આ સ્થાને 'ઘડીભર' ઊભા રહેતાંયે દોઢસો વર્ષ પહેલાંની ફાંસીનો કલસાટ જરૂર સંભળાયો ! પાછા વળ્યા ત્યારે અમે વાચાહીન હતાં; આ ઈતિહાસ, અને આપણે તેની વિસ્મૃતિના વારસદારો. ●

**(ગુજરાતના ક્રાંતિતીર્થો, પ્રકાશક : માહિતી નિયામક કચેરી, ગાંધીનગરમાંથી સાભાર)**

## 'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ'...

# ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે યુવાઓને કૌશલ્યવાન બનાવવાની પ્રતિબધ્ધતા

**સુનિલ પટેલ**

યુવાઓમાં રહેલ કૌશલ્યને ઉજાગર કરવાના ભાગરૂપે તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સ્કીલ ઈન્ડિયા'ના સ્વપ્નને સિદ્ધ કરતા આજે ભારત વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે. તેવા સમયે સમગ્ર વિશ્વમાં સૌથી યુવા દેશના યુવાનોની ક્ષમતાનું વર્ધન થાય તે પણ જરૂરી છે. આ ખ્યાલને ધ્યાનમાં રાખીને દર વર્ષે ૧૫મી જુલાઈના રોજ 'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ' ની ઉજવણી આંતરરાષ્ટ્રીય સ્તરે કરવામાં આવે છે.

યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભા (UNGA) એ નવેમ્બર, ૨૦૧૪ માં યુવા કૌશલ્ય વિકાસમાં રોકાણને મહત્ત્વ આપવા માટે આ દિવસની જાહેરાત કરી હતી. 'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ'નો ઉદ્દેશ્ય યુવાનોને રોજગારી, સાહસિકતા અને સ્વ-રોજગાર માટે કૌશલ્યોથી સજ્જ કરવાની જરૂરિયાત વિશે જાગૃતિ લાવવાનો છે. સરકારો, નોકરીદાતાઓ, ઉદ્યોગો, તાલીમ પ્રદાતાઓ અને અન્ય હિસ્સેદારોને યુવા લોકો માટે ટેકનિકલ, વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમના અભાવના વૈશ્વિક પડકારને પહોંચી વળવા પ્રોત્સાહિત કરવાનો છે.

વિશ્વનું ભાવિ એવા યુવાનોને તેમના જીવન અને સમુદાયોને બદલવા માટે જરૂરી કૌશલ્યો આપવાની ક્ષમતા અત્યારના શિક્ષણ અથવા તાલીમમાં અપૂરતી છે. કૌશલ્યનો અભાવ તેના મૂળમાં છે. આથી જ યુવાનોને યોગ્ય નોકરીઓ, ઉદ્યોગસાહસિકતા અને નવીનતા માટે જરૂરી કૌશલ્યોથી સજ્જ કરવા માટે સરકારો, વ્યવસાયો અને નાગરિક સમાજ તરીકે સાથે મળીને કામ કરવું જરૂરી છે. જોકે, ઘણા યુવા સાહસિકો પાસે આવી કુશળતા છે. તેઓ તેમના વિચારોને જીવનમાં લાવવા અને તેમની આજીવિકામાં અને તેમની આસપાસના લોકોમાં સતત સુધારો કરવા માટે સજ્જ છે. વિશ્વ યુવા કૌશલ્ય દિવસ એ એક રિમાઈન્ડર છે કે જ્યારે આપણે યુવાનોમાં રોકાણ કરીએ છીએ, ત્યારે આપણે આપણા સહિયારા ભવિષ્યમાં રોકાણ કરીએ છીએ. વિશ્વ યુવા કૌશલ્ય દિવસ એ યુવાનોની કુશળતા અને ક્ષમતાઓ અને સમાજમાં તેમના યોગદાનની ઉજવણી છે.

વિશ્વ યુવા કૌશલ્ય દિવસ નિમિત્તે, યુવાનોને આજે અને ભવિષ્યના વિકાસ માટે જરૂરી કૌશલ્યો પર ચિંતન કરવાની તક આપવા માટે વિવિધ સંસ્થાઓ દ્વારા ઘણા અભિયાનો અને કાર્યક્રમો ચલાવવામાં આવે છે. કુશળ યુવાનોને રોજગારી આપવા માટે નોકરી મેળાઓ ઘણી કંપનીઓ અને સંસ્થાઓ દ્વારા યોજવામાં આવે છે.










**'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ - ૨૦૨૩ની થીમ':** યુનાઈટેડ નેશન્સ દરેક યુવા કૌશલ્ય દિવસ માટે નવી થીમ જાહેર કરે છે. ૨૦૨૩ ના વર્ષ માટે 'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ' ની થીમ 'SKILLING TEACHERS, TRAINERS AND YOUTH FOR A TRANSFORMATIVE FUTURE' 'પરિવર્તનશીલ ભવિષ્ય માટે શિક્ષકો, પ્રશિક્ષકો અને યુવાનોને કૌશલ્યવાન બનાવીએ' છે. તે શિક્ષકો, પ્રશિક્ષકો અને અન્ય શિક્ષકો યુવાનોને શ્રમ બજારમાં ટકવાં અને તેમના સમુદાયો અને સમાજોમાં સક્રિયપણે જોડાવા માટે કૌશલ્યો પ્રદાન કરવામાં મહત્ત્વની ભૂમિકાને ઉજાગર કરે છે.

વર્ષ ૨૦૨૨ ની વિશ્વ યુવા કૌશલ્ય દિવસની થીમ 'જીવન, કાર્ય અને ટકાઉ વિકાસ માટે શીખવું અને કુશળતા' હતી. તો, ૨૦૨૧ ની વિશ્વ યુવા કૌશલ્ય દિવસની થીમ 'યુવા કૌશલ્યની પુનઃકલ્પના પોસ્ટ-પેન્ડેમિક' હતી.

યુનેસ્કોના ભૂતપૂર્વ ડિરેક્ટર-જનરલ ઈરિના બોકોવાએ તેને 'જે જોખમમાં છે તેને ઉજાગર કરવાની એક મોટી તક, તરીકે ઓળખાવે છે. યુવાનોને સામાજિક-આર્થિક સશક્તિકરણ અને ગૌરવની ભાવના કેવી રીતે પ્રદાન કરવી તેને ધ્યાનમાં રાખીને પ્રથમ વિશ્વ યુવા કૌશલ્ય દિવસ ૧૫મી જુલાઈ, ૨૦૧૫ના રોજ ઉજવવામાં આવ્યો હતો.

**વિશ્વ યુવા કૌશલ્ય દિવસનું મહત્ત્વ:** સરકારો, નોકરીદાતાઓ, કામદારોના સંગઠનો અને સંબંધિત હિસ્સેદારો વચ્ચે વધુ સહકાર દ્વારા, રોજગારી યોગ્ય યુવાનોને કૌશલ્ય બનાવવા માટે મદદ કરી શકાય છે. યુવા કૌશલ્ય દિવસ એ જ વિશે વાત કરે છે. દુનિયામાં જ્યારે તકનીકી પ્રગતિ નોકરીઓની પ્રકૃતિને બદલી રહી છે ત્યારે કૌશલ્ય શિક્ષણ અને તાલીમ યુવાનોને ઉત્પાદક રોજગાર અને યોગ્ય કામ શોધવામાં મદદ કરી શકે છે.

અને તે દ્વારા ગરીબી નાબૂદી અને સમાવેશી આર્થિક વૃદ્ધિમાં ફાળો આપી શકે છે. યુવા કૌશલ્ય વિકાસ મજબૂત અને ઉત્પાદક કાર્યબળ બનાવવા માટે જરૂરી છે. જે ટકાઉ વિકાસ લક્ષ્યો હાંસલ કરવા માટે ચાવીરૂપ બને છે.

આજે જ્યારે યુવાનોની વધતી સંખ્યા ઔપચારિક અને અનૌપચારિક બંને રીતે ટેકનિકલ અને વ્યાવસાયિક કૌશલ્યો પ્રાપ્ત કરી રહી છે, ત્યારે ઘણા બધા લોકો યોગ્ય રોજગાર, આજીવિકા અથવા ઉદ્યોગસાહસિકતાની તકો માટે યોગ્ય વિકલ્પો વિના રહે છે. કૌશલ્ય વિકાસ યુવાનોને તેમની સંપૂર્ણ ક્ષમતાનો અહેસાસ કરવામાં અને પોતાના અને તેમના સમુદાયો માટે વધુ સારું ભવિષ્ય સુરક્ષિત કરવામાં મદદ કરી શકે છે.

વિશ્વ યુવા કૌશલ્ય દિવસ ઉજવવા પાછળનું ધ્યેય આજના યુવાનો માટે વધુ સારી સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ હાંસલ કરવાનો છે, જેમાં બેરોજગારી અને રોજગાર હેઠળના પડકારોને પહોંચી વળવાના સાધન તરીકે સમાવેશ થાય છે. યુવાનોમાં કૌશલ્ય વિકાસનો ઉદ્દેશ્ય યુવાઓનો સર્વાંગી વિકાસ, યુવાનોમાં મુખ્ય કૌશલ્યોનું નિર્માણ કરવાનો છે.


**ચિંતા શા માટે ?:** આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના અંદાજો દર્શાવે છે કે, વૈશ્વિક સ્તરે, યુવા રોજગાર ૨૦૨૦માં ૮.૭ ટકા ઘટ્યો હતો અને આવનારા ભવિષ્યમાં તે વધુ ઘટવાની આગાહી છે. એવી ચિંતા વધી રહી છે કે, સમગ્ર વિશ્વમાં યુવાનો રોજગાર અથવા યોગ્ય શિક્ષણ અથવા તાલીમ પણ શોધી શકતા નથી. રોજગાર, શિક્ષણ અથવા તાલીમમાં ન હોય તેવા યુવાનોની સંખ્યા લગભગ ૨૬૭ મિલિયન સુધી પહોંચી છે અને તે વધીને ૨૭૩ મિલિયન થવાની ધારણા છે. આવી સ્થિતિ સુધારવા માટે વિશ્વ યુવા કૌશલ્ય દિવસ જેવો દિવસ મનાવવાની આજે જરૂર છે.

**ટેકનિકલ અને વ્યવસાયિક શિક્ષણ અને તાલીમનું મહત્ત્વ:** ટેકનિકલ એન્ડ વોકેશનલ









એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (TVET) વ્યવસાયિક રીતે કામ કરવા માટે જરૂરી તાલીમ આપી શકે છે અને સ્વ-રોજગાર માટે કૌશલ્ય પણ પ્રદાન કરી શકે છે. યોગ્ય તાલીમ દ્વારા કંપનીઓ તથા સમૂદાયો દ્વારા બદલાતી કૌશલ્ય-માગણીઓ પ્રત્યે પ્રતિભાવમાં સુધારો કરવો, ઉત્પાદકતામાં વધારો અને વેતન સ્તરમાં વધારો કરવો શક્ય છે.

**ગુજરાતની સ્થિતિ:** ગુજરાત છેલ્લા ઘણાં સમયથી રોજગાર આપવામાં દેશમાં અગ્રીમ સ્થાન ધરાવે છે. રાજ્યમાં યુવાનોને રોજગારક્ષમ બનાવવા માટે વિવિધ ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર રાજ્યની આઇ.ટી. આઇ.માં વિવિધ પ્રોફેશનલ કાર્યક્રમો દ્વારા રાજ્યના યુવાનોને કૌશલ્યવાન બનાવવામાં આવે છે. રાજ્યના યુવાનોમાં સ્કિલનું નિર્માણ થાય તે માટે સ્કીલ યુનિવર્સિટીનું નિર્માણ પણ કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ ગુણવત્તાસભર શિક્ષણના અભિગમ સાથે રોજગારીના સર્જનનો છે. ત્યારે 'કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી' આ દિશામાં કામ કરી રહી છે. જે આવનાર સમયમાં યુવાઓને આગળ વધવાના નવા માર્ગો પ્રશસ્ત કરશે.

આ ઉપરાંત, રાજ્યના યુવાનોને વધુને વધુ રોજગારના અવસર મળે તે માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા ૩,૦૦,૭૦૭ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. જે પૈકી ૧,૫૯,૫૭૮ ઉમેદવારોની પસંદગી ૧,૬૧૨ ભરતીમેળાના આયોજન થકી કરવામાં આવી હતી. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળના રોજગાર મહાનિયામક દ્વારા ઓક્ટોબર-૨૦૨૨ માં પ્રસિદ્ધ થયેલ "એમ્પ્લોયમેન્ટ એક્સ્ચેન્જીસ સ્ટેટિસ્ટિક્સ-૨૦૨૨ મુજબ વર્ષ ૨૦૨૧માં રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી આપવામાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે રહેલ છે.

Ministry of statistics and programme implementation (MOSPI), ભારત સરકાર દ્વારા થતા Periodic Labour Force Surveyમાં બેરોજગારીના દર અંગેની ગણના થાય છે. જેનો અદ્યતન વાર્ષિક રિપોર્ટ જૂન-૨૦૨૨ માં પ્રકાશિત થયો હતો. જેમાં તમામ વય માટે થયેલ સર્વે અનુસાર ભારતનો બેરોજગારીનો દર ૪.૨ ટકા છે, જ્યારે ગુજરાતમાં માત્ર ૨.૨ ટકા જ છે.

વિશ્વ યુવા કૌશલ્ય દિવસ પર, ચાલો આપણે યુવાનોની ક્ષમતાને પરિવર્તન માટે ઉત્પ્રેરક તરીકે ઓળખવા માટે એક થઈએ અને બધા માટે સમૃદ્ધ અને ટકાઉ વિશ્વનું નિર્માણ કરવા માટે તેમને જરૂરી કૌશલ્યો અને તકો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ થઈએ. સાથે મળીને, આપણે એક ઉજ્જવળ ભવિષ્યને આકાર આપીએ કે જ્યાં કોઈ યુવાન પાછળ ન હોય. સૌને તક મળે, સૌ આગળ વધે.. ●

# ગુજરાત ક્વિઝ કોર્નર

**ધવલ શાહ**

**ગુજરાત ક્વિઝ કોર્નરમાં ગુજરાત પાક્ષિકનાં વર્તમાન અંકમાં પ્રસિદ્ધ થયેલ લેખ ઉપરાંત આપના સામાન્ય જ્ઞાનની અભિરૂચિને પ્રેરે તેવાં સવાલો આપવામાં આવ્યા છે. આ સવાલોનાં જવાબ તમને તેના વિકલ્પોમાંથી મળી રહેશે. તો વિચાર શું કરો છો, ઉઠાવો કલમ અને સાચા જવાબ પર ટીક કરો.**

**૧) આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૩ની થીમ કઈ હતી?**
અ) એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ
બ) યોગ ભગાવે રોગ
ક) યોગ કરો, સ્વસ્થ રહો
ડ) યોગ: અવિરત વિકાસનો પાયો

**૨) વર્ષ ૨૦૨૩માં કેટલામા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી?**
અ) આઠમા બ) નવમા
ક) દસમા ડ) તેરમા

**૩) ભગવાન જગન્નાથજીની રથયાત્રા ક્યારે યોજાય છે?**
અ) અષાઢી ત્રીજ બ) અષાઢી ચોથ
ક) અષાઢી બીજ ડ) અષાઢી પાંચમ

**૪) રથયાત્રા દરમિયાન કરાતી પહિંદ વિધિ શું છે?**
અ) અષાઢી ત્રીજ
બ) તુલસીના પર્ણો અને સુખડ વડે રથની પૂજા કરવી
ક) ભગવાન જગન્નાથજીની મૂર્તિનો દૂધ વડે અભિષેક કરવો
ડ) સોનાની સાવરણી વડે રથની સફાઈ કરવી

**૫) સ્પેશિયલ ઓલમ્પિક વર્લ્ડ સમર ગેમ્સ-૨૦૨૩નું આયોજન ક્યાં કરાયું હતું ?**
અ) રશિયા બ) ભારત
ક) યુ એસ એ ડ) જર્મની

**૬) સ્પેશિયલ ઓલમ્પિક વર્લ્ડ સમર ગેમ્સ-૨૦૨૩માં ગુજરાતના મનો દિવ્યાંગ ખેલાડીઓએ કેટલા મેડલ પ્રાપ્ત કર્યા હતા?**
અ) ૧૪ બ) ૧૮
ક) ૨૩ ડ) ૯

**૭) 'આઓ ગાંવ ચલે હમ' પ્રોજેક્ટ શાની સાથે સંબંધ ધરાવે છે?**
અ) ગ્રામીણ કક્ષાએ આરોગ્ય સેવાઓ સરળતાથી પૂરી પાડવી
બ) લોકોને પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહિત કરવા
ક) ગામડાઓને શહેર જેવી જ માળખાગત સુવિધાઓ પૂરી પાડવા
ડ) ગામડાઓમાં આવેલ સાંસ્કૃતિક વારસાના સ્થળોને સાચવી રાખવા

**૮) રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯ માટે શ્રેષ્ઠ ફિલ્મનો પારિતોષિક કયાં ફિલ્મને એનાયત કરવામાં આવ્યો?**
અ) ચાલ જીવી લઈએ બ) લવની ભવાઈ
ક) હેલ્લારો ડ) થઈ જશે

**૯) રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯ માટે શ્રેષ્ઠ અભિનેતાનો પારિતોષિક કયાં અભિનેતાને એનાયત કરવામાં આવ્યો?**
અ) પ્રતીક ગાંધી બ) સિદ્ધાર્થ રાંદેરિયા
ક) મલ્હાર ઠાકર ડ) અભિષેક શાહ

**૧૦) વિશ્વ વસતી દિવસ ક્યારે ઉજવવામાં આવે છે?**
અ) ૧૧ જુલાઈ બ) ૧૦ જુલાઈ
ક) ૧૪ જુલાઈ ડ) ૨૯ જુલાઈ

**૧૧) 'બ્લ્યૂ રિવોલ્યુશન' કઈ પ્રવૃત્તિ સાથે સંબંધિત છે?**
અ) ગોતાખોરી બ) મત્સ્ય ઉદ્યોગ
ક) દરિયાઈ સુરક્ષા ડ) હોડી ઉદ્યોગ

**૧૨) ભારતમાં રાષ્ટ્રીય માછીમાર દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે?**
અ) ૮ જુલાઈ બ) ૬ જુલાઈ
ક) ૧૦ જુલાઈ ડ) ૨૨ જુલાઈ

**૧૩) આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ ક્યારે ઉજવવામાં આવે છે?**
અ) ૩ જુલાઈ બ) ૯ જુલાઈ
ક) ૧૨ જુલાઈ ડ) ૨૩ જુલાઈ


**૧૪) ગુજરાતનું સૌપ્રથમ સાંસ્કૃતિક વન કયુ છે?**
અ) પુનિત વન, ગાંધીનગર
બ) જડેશ્વર વન, અમદાવાદ
ક) મહીસાગર વન, આણંદ
ડ) માંગલ્ય વન, અંબાજી

**૧૫) સાંસ્કૃતિક વનોની નીચેનામાંથી કઈ જોડ અયોગ્ય છે?**
અ) પાવક વન - પાલીતાણા બ) શહીદ વન - જામનગર
ક) રામ વન - રાજકોટ ડ) વટેશ્વર વન - વડનગર

**૧૬) કયું સાંસ્કૃતિક વન રાજકોટ જિલ્લામાં આવેલું છે?**
અ) શક્તિ વન બ) રામ વન
ક) મારૂતિ નંદનવન ડ) (અ) અને (બ)બંને

**૧૭) રાજ્ય સરકારની ૧૦મી ચિંતન શિબિરનું આયોજન ક્યાં કરાયું હતું?**
અ) પોળો બ) ધોરડો
ક) એકતાનગર ડ) રિવરફ્રન્ટ, અમદાવાદ

(જવાબ : ૧-અ, ૨-બ, ૩-ક, ૪-ડ, ૫-ડ, ૬-અ, ૭-અ, ૮-ક, ૯-બ, ૧૦-અ, ૧૧-બ, ૧૨-ક, ૧૩-અ, ૧૪-અ, ૧૫-ડ, ૧૬-ડ, ૧૭-ક)



## માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઇ મોદી**ના

### 5F વિઝન દ્વારા પ્રેરિત દેશના મેગા ટેક્સ્ટાઇલ હબ

# પીએમ મિત્ર પાર્ક માટે MOU

(PM- MEGA INTEGRATED TEXTILE REGIONS AND APPAREL PARK)

## મેક ઇન ઇન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડના અભિગમ સાથે ગુજરાતમાં સ્થપાશે PM-MITRA પાર્ક

- માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું 'ફાર્મ ટુ ફાયબર ટુ ફેક્ટરી ટુ ફેશન ટુ ફોરેન' 5-F વિઝન થશે સાકાર. નવસારીના વાંસી-બોરસી ખાતે 1142 એકર જમીન પર નિર્માણ પામશે PM-MITRA મેગા ટેક્સ્ટાઇલ પાર્ક.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે થયા MoU.
- વિશ્વકક્ષાનું પ્લગ એન્ડ પ્લે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા આ પાર્કમાં એક જ સ્થળે સ્પિનિંગ, વિવીંગ, પ્રોસેસિંગ/ડાઇંગ અને પ્રિન્ટિંગથી લઇને ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ સુધીની ઇન્ટિગ્રેટેડ ટેક્સ્ટાઇલ વેલ્યુ ચેઇન ઉપલબ્ધ બનશે.
- PM-MITRA પાર્ક હેઠળ વિવિધ ઉધોગોમાં વ્યાપક રોકાણ સાથે વિપુલ પ્રમાણમાં રોજગારીનું થશે સર્જન.

**ફાર્મ થી ફાઇબર** **ફેબ્રિક થી ફેશન**

**ફાઇબર થી ફેબ્રિક** **ફેશન થી ફોરેન**





**Published on Date : 16-07-2023**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.


**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

**માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦**